Tuesday 01, April 2025
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૨૭૪ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## આજથી હાઈવે ટોલનાકે વાર્ષિક દર વધારા અંતર્ગત ૫ ટકાનો વધારો

**નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા ગત સપ્ટેમ્બર માસમાં ૭૦ ટકાનો વધારો કરાયો હતો અને હવે આજથી વાર્ષિક દર વધારા અંતર્ગત ૫ ટકા મળી ૭૫ ટકાનો વધારો વાહન ચાલકોને ભોગવવો પડશે**

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા. ૩૧ :** આજથી નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા બગવાડા ટોલનાકા ઉપરથી પસાર થતાં ખાનગી તથા કોમર્શિયલ વાહનોના ટોલ ફીમાં વાર્ષિક વધારા અંતર્ગતનો પાંચ ટકાનો વધારો થશે જેને લઈ છેલ્લા ચાર માસમાં ૭૫ ટકાનો વધારો થતાં કાર તથા કોમર્શિયલ વાહન ચાલકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

પ્રાપ્ત વિગત મુજબ નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા ટોલનાકા ઉપર મેન્ટેનન્સ તેમજ અન્ય કારણસર બહુ વધારોની જાહેરાત કરવામાં આવી હતી તે અંતર્ગત આજે તા. ૧-૪-૨૦૨૫થી બગવાડા તેમજ નવસારીના ટોલનાકા ઉપર ખાનગી તથા કોમર્શિયલ વાહન ઉપર પાંચ ટકાનો વધારો લેવામાં આવશે. જોકે અગાઉ દિવાળી પહેલા જ એટલે કે ચાર માસ પહેલા નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને ટોલટેક્સ વસૂલ કરતી કંપની દ્વારા ૭૦ ટકાનો વધારો કરાયો હતો. ત્યારબાદ આજથી ફરી આ ટોલટેક્સમાં પાંચ ટકાનો વધારો કરવામાં આવ્યો છે જેને લઈ છેલ્લા ચાર માસમાં ટોલનાકા ઉપર ટોલટેક્સ વસૂલીના ૭૫ ટકા જેટલો વધારો કરાયો છે જેને લઈ વાહન ચાલકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

## ઉદવાડાની મહિલા સાથે ઓનલાઈન છેતરપિંડી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**પારડી, તા.૩૧ :** પારડી તાલુકાના ઉદવાડા ગામમાં રહેતા એક વ્યક્તિના એકાઉન્ટમાંથી કોઈ અજાણ્યા વ્યક્તિએ ઓનલાઇન ટ્રાન્ઝેક્શન કરી રૂપિયા બે લાખ ૩૭,૦૦૦ ઉપાડી લઈ આર્થિક નુકસાન કરતા પારડી પોલીસ મથકમાં વ્યક્તિએ અજાણ્યા વ્યક્તિ સામે સાઈબર ફ્રોડ અંગેની ફરિયાદ નોંધાવી છે. અહીં ઉદવાડા ગામમાં સોડા વોટર વાલા ધર્મશાલા પાસે રહેતા હિલ્લાબેન દારાભાઈ કેકશું મરોલીયા પાસે કોઈ અજાણ્યા વ્યક્તિ નો ફોન આવ્યો હતો અને એમના ઉદવાડા એચડીએફસી બેન્કના એકાઉન્ટમાંથી રૂપિયા ૩૭,૦૦૦ નીકાલા હૈ એમ હિન્દીમાં વાત કરતો હતો અને બાદમાં બીજા એકાઉન્ટમાંથી બે વખત એક લાખ રૂપિયા ઉપાડ્યા હોવાનું એમના મોબાઈલ પર મેસેજ આવ્યો હતો જેથી તેઓએ બેંકનો સંપર્ક કરતા બેંકવાળાએ જણાવેલ કે તમારા સાથે ફ્રોડ થયો છે જેથી તેઓએ તેમના એકાઉન્ટમાંથી રૂા.૨,૩૭,૦૦૦નો ઈલેક્ટ્રોનિક માધ્યમથી ઓનલાઈન ટ્રાન્જેક્શન કરી આર્થિક નુકસાન પહોંચાડી છેતરપિંડી કરી હોવા ની અજાણ્યા ઈસમ સામે ફરિયાદ કરી છે. પારડીપોલીસે ઉપરોક્ત હકીકતની એમની ફરિયાદ નોંધ અજાણ્યા વ્યક્તિ સામે ગુનો દાખલ કરી આ બાબતની તપાસ હાથ ધરી છે.



## વાપી અને સેલવાસમાં રમઝાન ઈદ-ઉલ-ફિત્રની હર્ષઉલ્લાષ સાથે ઉજવણી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, સેલવાસ, તા.૩૧ :** વાપીમાં ઈસ્લામ ધર્મના રમજાન માસના રોજા સાથે અલ્લાહની ઈબાદત પૂર્ણ કર્યા બાદ રવિવારે રાત્રે ઈદના ચાંદના દીદાર કરી સોમવારે સમગ્ર મુસ્લિમ સમાજ દ્વારા વહેલી સવારમાં ઈદગાહ અને મસ્જિદોમાં ઈદની નમાજ અદા કરવામાં આવી હતી સાથે જ ઈદ-ઉલ-ફિત્રની એકબીજાને મુબારક બાદી આપી ઉજવણી કરવામાં આવી હતી.

વાપીમાં ટાઉન વિસ્તારમાં આવેલ કબ્રસ્તાનમાં અને ઈદગાહમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો ઉપસ્થિત રહ્યા હતાં. જેઓએ તેમના મર્હુમોની કબર પર ફૂલ ચઢાવ્યા હતાં. તેમજ નમાઝ પઢી અલ્લાહની બંદગી કરી એક-બીજાને ગળે મળી ઈદની મુબારકબાદી પાઠવી હતી. વાપી ટાઉન સ્થિત ઈદગાહમાં મૌલાના દ્વારા ઉપસ્થિત મુસ્લિમ બિરાદરોને નમાઝ પઢાવી હતી. લોકોના સહકારથી શાંતિપૂર્ણ માહોલમાં રમઝાન ઈદની નમાઝ પઢવામાં આવી હતી.

તેવી જ રીતે સિલવાસામાં ઈદ-ઉલ-ફિતરનો તહેવાર શ્રદ્ધા અને ઉમંગ સાથે ઉજવાયો હતો. સવારે મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના લોકો જમા મસ્જિદમાં એકત્રિત થયા અને નમાજ અદા કરી. ત્યારબાદ એકબીજાને ગળે મળી ઈદની શુભેચ્છાઓ આપી, ભાઈચારા અને એકતાનો સંદેશ ફેલાવ્યો.


પરંપરાગત રીતે, ઈદ-ઉલ-ફિતરની ખાસ નમાજ ઈદગાહમાં અદા કરવામાં આવે છે. ઈદગાહ એક ખુલ્લું મેદાન હોય છે, જ્યાં મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ સામૂહિક નમાજ અદા કરે છે. જોકે, સિલવાસામાં ઈદગાહની સગવડ ઉપલબ્ધ નથી, જેના કારણે અહીંના મુસ્લિમ સમુદાયના લોકો મસ્જિદમાં જ ઈદની નમાજ અદા કરે છે. સ્થાનિક ઈસ્લામિક સંસ્થાઓ અથવા મસ્જિદના સંચાલકો નમાજ માટેની જગ્યા અંગે સુવિધા અને જગ્યા ઉપલબ્ધતા આધારે જાહેરાત કરે છે.

રમઝાન મહિનાના અંતે ઉજવાતા આ પવિત્ર તહેવારમાં મુસ્લિમ સમાજના લોકો ખાસ નમાજ અદા કરીને પોતાનાં ઘરોમાં અને એકબીજાના ઘરે જઈ ઈદની ઉજવણી કરતા જોવા મળ્યા. આ અવસરે મિઠાઈઓ અને ખાસ કરીને શીરખુરમાનો સ્વાદ લઈ, સ્નેહ અને સૌહાર્દનો સંદેશ ફેલાવાયો હતો.

## પારડીમાં બંધ ફલેટમાં આગથી અફડા તફડીનો માહોલ




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**પારડી, તા. ૩૧ :** પારડીમાં બ્રાહ્મણવાડ ઈશ્વર પાર્ક એપાર્ટમેન્ટ ખાતે રહેતા આશિત ઉર્ફે ગુરુ દેસાઈના ફલેટમાં અચાનક આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી જેની જાણ પડોશીને થતાં તાત્કાલિક નગરપાલિકા ફાયર વિભાગની ટીમને જાણ કરવામાં આવી હતી ઘટના સ્થળે પાલિકાના કોર્પોરેટરો તેમજ ફાયર વિભાગ ના કર્મચારીઓ દ્વારા સ્થળ ઉપર આવી પહોંચી આગને કાબુમાં કરવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો. આગની ઘટના સમયે ફ્લેટ સંચાલક આશિક દેસાઈ મકાન બંધ કરી પલસાણા ગયા હતા અને તેમના માતા બજારમાં ગયા હોવાથી મોટી જાનહાની ટળી હતી. પારડી પાલિકાના ફાયર વિભાગના કર્મચારીઓ એ કાચ તોડી આગ પર પાણીનો મારો ચલાવી કાબુમાં કરી હતી. આગની ઘટનાને પગલે ઘરવખરીનો માલ સામાન બળીને ખાક થઈ ગયો હતો અને ખૂબ જ મોટું નુકસાન થયું હતું.






ભારત સરકારે ત્રિભુવન સહકારી યુનિવર્સિટી સ્થાપી તેમને સાચી શ્રદ્ધાંજલિ પાઠવી છે.



શ્રી અમિત શાહ
ગૃહ અને સહકાર મંત્રી, ભારત સરકાર

ત્રિભુવન સહકારી યુનિવર્સિટી

શ્રી નરેન્દ્ર મોદી
પ્રધાનમંત્રી, ભારત સરકાર



ગુજરાતના સુપુત્ર ત્રિભુવનદાસ પટેલે
સહકારીતાથી સૌના ભલા માટે જીવી લોકકલ્યાણનું કામ કર્યુ અને લાખો ગ્રામીણ મહિલા દૂધ ઉત્પાદકોને સક્ષમ બનાવી

વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
મુ.પો. આલીપુર, તા.ચીખલી, જી.નવસારી
ચેરમેનશ્રી અને બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ, સંઘ સંયોજીત તમામ દૂધ મંડળીઓ તથા વસુધારા ડેરી પરિવાર

## શામગહાન શાળા, કન્યા- કુમાર છાત્રાલય ભવનનાં નવીનકરણનો સેવાયજ્ઞ યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા. ૩૧ :** એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ સુરતનાં ઉધોગપતિ અશ્વિનભાઈ દેસાઈ દ્વારા દક્ષિણ ગુજરાતનાં આદિવાસી વિસ્તારમાં ગરીબ આદિવાસી બાળકોને નિઃશુલ્ક શિક્ષણ તેમજ અધતન સગવડો મળી રહે તે માટે શાળા, કોલેજોનું નિર્માણ કરી શિક્ષણનો સેવાયજ્ઞ શરૂ કર્યો છે.એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ સુરત દ્વારા આદિવાસી બાળકોનાં સર્વાંગી વિકાસ માટે સેવાનું બીડુ ઝડપ્યુ છે.જેમાં છેવાડેનાં ડાંગ જિલ્લામાં પણ આદિવાસી બાળકોને શિક્ષણની સાથે સાથે અધતન સગવડો મળી રહે તે માટે એથર ઈન્ડસ્ટ્રીઝ સુરતનું ગ્રુપ પ્રયાસો કરી રહ્યુ છે. જેનો શ્રેય એથર ગ્રુપનાં માલિક અશ્વિનભાઈ દેસાઈનાં ફાળે જાય છે. જેમાં થોડા સમય પહેલા ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાની અંબિકા એજ્યુકેશન ટ્રસ્ટ દોડીપાડા સંચાલિત જનતા હાઈસ્કુલ શામગહાન શાળાની એથર ગ્રુપનાં દાતાઓએ મુલાકાત લીધી. અહી શાળાની સ્થિતિ જોતા નવીનીકરણનો વિચાર આવ્યો અને આજરોજ એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ સુરતનાં ઉધોગપતિ અશ્વિનભાઈ દેસાઈનાં માર્ગદર્શન હેઠળ દાતા દિપકભાઈ મહેતા અને વૈશાલીબેન મહેતાની ઉપસ્થિતમાં જનતા હાઈસ્કુલ શામગહાન શાળા તેમજ કન્યા અને કુમાર છાત્રાલય ભવનનાં નવીનકરણ માટે ગણેશ પૂજન કાર્યક્રમ યોજાયો હતો.અહી દાતા દિપકભાઈ મહેતા અને વૈશાલીબેન મહેતાએ જનતા હાઈસ્કુલ શામગહાન શાળા પ્રાંગણમાં ગણેશ પૂજન કરી આદિવાસી બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ અને ઉચ્ચતમ સુવિધાઓ મળી રહે તેવો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. અહી દાતાઓએ આવનાર દિવસોમાં શાળાની રોનક બદલી કાઢી ઉચ્ચતમ શિક્ષણ મળી રહે તેવા પ્રયાસો હાથ ધરશેનું જણાવ્યું હતુ. આ પ્રસંગે દાતાઓમાં દિપકભાઈ મહેતા,વૈશાલીબેન મહેતા, આર્કિટેક ચેતનભાઈ પાટીલ, સંજયભાઈ ચૌધરી, કોન્ટ્રાકટર રમણભાઈ સિરસાટ, અંબિકા એજ્યુકેશન ટ્રસ્ટનાં પ્રમુખ શિવરામભાઈ ખેરાડ, મંત્રી જાનાભાઈ ગાયકવાડ,ટ્રસ્ટી ઉષાબેન બાગુલ, રામજુભાઈ ચૌધરી, શાળાનાં આચાર્ય કમલેશભાઈ રાણા, મદદનીશ શિક્ષકોમાં ચિરાગભાઈ ઢીમ્મર, અરૂણભાઈ પાલવે સહિત સ્ટાફ અને વિદ્યાર્થીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## બીલીમોરામાં સિંધી સમાજ દ્વારા ઝૂલેલાલ જયંતિની ઉજવણી કરાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા. ૩૧ :** ચૈત્રી સુદ બીજનાં પવિત્ર દિવસે સિંધી સમાજજનો નવા વર્ષે ઈષ્ટદેવ ઝૂલેલાલ જયંતિ ની ઉજવણી કરે છે. બીલીમોરા સોમનાથ રોડ ઉપર સિંધી ચાલમાં રવિવાર વહેલી સવાર થી ભજન કીર્તન માં સેંકડો લોકો એ ભાગ લીધો હતો.

જે બાદ સાંજે સોમનાથ સિંધી ચાલ થી ડીજે મ્યુઝિક ઉપર રેલાતા ભક્તિ સંગીત અને આયોલાલ ઝૂલેલાલનાં નાદ સાથે રાજમાર્ગો ઉપર શોભાયાત્રા નીકળી હતી. જેમાં ગીત સંગીતનાં તાલે ભક્તો ઝૂમી ઉઠ્યા હતા. મોડી સાંજે અંબિકા નદી બંદરે શોભયાત્રા પહોંચી હતી. રાજમાર્ગો ઉપર સેંકડો લોકો એ ભગવાન ઝૂલેલાલ ના દિવ્ય દર્શન પ્રસાદ નો લ્હાવો લીધો હતો. વર્ષો વર્ષની પરંપરા અનુસાર સિંધી સમાજ એ પોતાની સંસ્કૃતિ, પરંપરા અકબંધ રાખી હતી.

## ડાંગના ગામડાઓમાં વાદળછાયું વાતાવરણથી શીત લહેર વ્યાપી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા. ૩૧ :** હવામાન વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાતનાં ગામડાઓમાં કમોસમી વરસાદની આગાહી કરી હતી.તેવામાં હવામાન વિભાગની આગાહીની અસર થોડા અંશે ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં જોવા મળી હતી.ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતારા, આહવા, વઘઈ, સુબિર સહીત પૂર્વપટ્ટી અને સરહદીય ગામડાઓમાં સોમવારે દિવસ દરમ્યાન અચાનક વાતાવરણનાં પલટા બાદ વાદળછાયુ વાતાવરણ છવાઈ રહેતા સમગ્ર પંથકોમાં ઠંડકતાની શીત લહેર વ્યાપી જવા પામી હતી.

ડાંગ જિલ્લામાં વાદળછાયુ વાતાવરણનાં પગલે ગરમીનો પારો ગગડયો હતો.ડાંગ જિલ્લાનાં વઘઈ તાલુકાનાં અંતરીયાળ ગામડાઓ તથા બોરખલ વિસ્તારમાં વાદળછાયા વાતાવરણની વચ્ચે કમોસમી વરસાદનાં અમીછાટણા પડ્યા હતા.

ડાંગ જિલ્લામાં વાતાવરણનાં પલટાનાં પગલે ફળફળાદી પાકોને જંગી નુકસાનની ભીતિ વર્તાય હતી. જેમાં ગિરિમથક સાપુતારા ખાતે વાદળછાયા વાતાવરણની વચ્ચે સમયાંતરે ધુમ્મસીયા વાતાવરણની સફેદ ચાદર ઓઢાઈ રહેતા ફરવા આવેલ પ્રવાસીઓએ દ્વિભાસી ઋતુનો આસ્વાદ માણ્યો હતો.

## સાપુતારાની નોટિફાઈડનાં કામદારોને સાયબર ફ્રોડની જાગૃતિ માટે કાર્યક્રમ યોજાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા. ૩૧ :**આજનાં મોબાઈલ અને ઈન્ટરનેટનાં જમાનામાં સાયબર ફ્રોડનાં કિસ્સાઓ વધી રહ્યા છે.જેમાં રાજ્યનાં છેવાડે આવેલ ડાંગ જિલ્લો પણ બાકી રહ્યો નથી.ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં અનેક લોકો પ્રલોભનમાં આવી સાયબર ફ્રોડનો શિકાર બની રહ્યા છે. ડાંગ-જિલ્લાનાં ગામડાઓમાં ઓનલાઈન ફ્રોડનાં કેટલાક કિસ્સાઓ ધ્યાને આવી રહ્યા છે.ખાસ કરીને ડાંગ જિલ્લામાં નબળી આર્થિક પરિસ્થિતી ધરાવતા લોકો આવી છેતરપીંડીનો ભોગ ન બને અને સતર્ક રહે, તે માટે ડાંગ જિલ્લાનાં નોટીફાઈડ એરિયા કચેરી સાપુતારાનાં નાયબ મામલતદાર પ્રવિણસિંહ પરમાર દ્વારા નોટીફાઈડ એરિયા કચેરી ખાતે ઓનલાઈન ફ્રોડ સામે જાગૃતતા લાવવા એક કાર્યક્રમનું આયોજન કરેલ હતુ. જેમાં



ગિરિમથક સાપુતારાનાં સફાઈ કામદારો, સિક્યુરીટીગાર્ડ, ઢોર હાંકવાવાળા અને સાપુતારા આસપાસના ગામના લોકો મળી અંદાજે કુલ-૨૫૦ જેટલા લોકોને ઓનલાઈન ફ્રોડના વિવિધ -કારો જેવા કે જોબ સ્કેમ, ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ, ફિશિંગ, ઓનલાઈન શોપિંગ ફ્રોડ, ટેક સપોર્ટ સ્કેમ, લોટરી કે ગિફ્ટ સ્કેમ, રોમેન્સ સ્કેમ, આઈડેન્ટિટી થેફ્ટ, વર્ક ફોર્મ હોમ સ્કેમ, ફ્રી રિચાર્જ સ્કેમ વિગેરે જેવા ઓનલાઈન ફ્રોડ કેવી રીતે કરવામાં આવે છે તે અંગે નાયબ મામલતદાર પ્રવિણસિંહ પરમાર દ્વારા વિગતવાર માહિતી હાજર તમામને પુરી પાડી હતી.અને સાથે સાથે આવી છેતરપિંડીથી કેમ બચીને રહેવું અને તેનો ભોગ બનતા કેમ અટકવુ તે માટે કેવા પ્રકારની સાવચેતી રાખવી, તે બાબતે જરૂરી વિગતવાર માર્ગદર્શન પુરુ પાડ્યુ હતુ. ગિરિમથક સાપુતારાનાં નોટિફાઈડ એરીયા કચેરી હસ્તક કામ કરતા વિવિધ વિભાગોનાં કામદારોને સાયબર ફ્રોડથી સચેત રહી કોઈ પણ લોભામણી સ્કીમ કે અજાણ્યા ફોન કોલ્સથી ભરમાવવું નહી અને સાવધાન રહેવા અનુરોધ કરાયો હતો.સાથે કોઈપણ અજાણ્યો નંબર પરથી ફોન આવે તો પોલીસ હેલ્પલાઈન નંબર અથવા નજીકનાં પોલીસ મથકે જાણ કરવા માટે અપીલ કરવામાં આવી હતી. સાપુતારા નોટિફાઈડ એરીયા કચેરી ખાતે યોજાયેલ સાયબર ફ્રોડ કાર્યક્રમમાં નોટિફાઈડ એરીયા કચેરીનો સ્ટાફ તેમજ કામદારો ઉપસ્થિત રહ્યા હતા.

## ખેરગામમાં મુસ્લિમ બિરાદરોએ ઈદુલ-ફિત્રની શાંતિપૂર્ણ ઉજવણી કરાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ખેરગામ, તા. ૩૧ :** મુસ્લિમોના પવિત્ર રમઝાન માસ ૨૯ માં રોઝા સાથે સંપન્ન થતાં સોમવાર-૩૧ માર્ચે મીઠી ઈદની ભવ્ય ઉજવણી સાથે મુસ્લિમ બિરાદરો-ગ્રામજનોએ એક મેકને ઈદ મુબારક કર્યા હતા. મુસ્લિમો દ્વારા ઈદની નમાઝ હિન્દુ સ્મશાન ભૂમિ સામે આવેલ કબ્રસ્તાનની

ઈદગાહમાં સામૂહિક પઢવામાં આવી હતી. મસ્જિદ એ આલા હઝરતના ઈમામ દ્વારા દેશ અને દુનિયામાં તમામ લોકો વચ્ચે પરસ્પર શાંતિ અને ભાઈચારો બની રહે તે માટે ખાસ દુવા ફરમાવવામાં આવી હતી.ઈદગાહ ખાતે સુન્નત જમાતના પ્રમુખ ગુલામભાઈ શેખ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ખેરગામ બજારના હિન્દૂ વેપારીઓ દ્વારા પણ મુસ્લિમ સમાજના આગેવાનો અને યુવાનોને ઈદ મુબારકની શુભકામના પાઠવવામાં આવી હતી.ઈદના પવિત્ર તહેવાર નિમિત્તે કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ખેરગામ પીએસઆઈ એમબી ગામિતના માર્ગદર્શન હેઠળ અલગ અલગ જગ્યાએ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## ખડકિયામાં આંગણવાડીના મકાનનું ઉદ્ઘઘાટન કરાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાંસદા, તા. ૩૧ :** ખાટાઆંબા ઘટકમાં આવતા ખડકીયા ગામે નવી આંગણવાડીના મકાનનું ઉદ્ઘઘાટન પ્રદેશ મહામંત્રી પિયુષ પટેલ , જિ. પં. સભ્ય ચંદુભાઈ જાદવ, ખડકીયા સરપંચ લતાબેન, ગામ આગેવાન સુરેશભાઈ તથા આંગણવાડી સુપરવાઈઝર અને ખડકિયા ગ્રામજનોની હાજરીમાં થયું હતું. આ પ્રસંગે પિયુષ પટેલે જણાવ્યું હતું કે આંગણવાડીમાં આવતા બાળકો એ કુમળા છોડ જેવા હોય છે તેમને જેમ વાળીએ તેમ વળે અને આવનારા સમયમાં દેશનું ભવિષ્ય છે. જેથી આંગણવાડીના સ્ટાફને તેમની સારી દેખભાળ કરવા માટે જણાવ્યું હતું તથા નવા મકાનની પણ સારી દેખભાળ કરવા માટે જણાવી આ પ્રસંગે રેડ કાર્ડમાં આવતા એક કુપોષિત બાળકને પિયુષ પટેલે દત્તક રાખી ગ્રીન કાર્ડ માં આવે ત્યાં સુધી તેની દેખભાળ રાખવાની જવાબદારી લીધી હતી.

## રાજ્યમાં ટોલટેક્સ ઝીંકાવાને કારણે પરિવહન સેવાઓ મોંઘી થઈ શકે છે

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. ૩૧ :** ગુજરાત રાજ્યમાં પરિવહન સેવાઓ મોંઘી થઈ શકે છે. જેમાં ST બાદ હવે ખાનગી બસના સંચાલકોની માગ સામે આવી છે. ભાડામાં ૧૫ ટકા વધારો આપવા સરકારને રજૂઆત કરાઈ છે. ૪ વર્ષથી ખાનગી બસના ભાડા ન વધ્યાનો દાવો કરવામાં આવ્યો છે. તથા ૭ એપ્રિલે ભાવ વધારા અંગે સરકાર સાથે બેઠક થશે. એક લક્ઝરી બસને ૪૦ હજાર રોડ ટેક્સનો દાવો છે. તથા ટોલ, સરકારી ટેક્સના ભારણનું કારણ આપ્યું છે. નોંધનીય છે કે ટોલ બૂથ પર રૂ.૫થી રૂ.૪૦ સુધીનો વધારો ઝીંકાયો છે. અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ પર પણ ટોલ વધારો કરાયો છે. હવે કાર-જીપના રૂ.૧૩૫ના બદલે રૂ.૧૪૦ ચૂકવવા પડશે. વડોદરાથી આણંદ વચ્ચે કારનો ટોલ વધીને રૂ.૫૫ થયો છે. રઘવાણજ ટોલ પ્લાઝા પર કાર-જીપનો ટોલ રૂ.૧૧૦ છે. દેશનો સૌથી વધુ ટોલ આવક ભરથાણા પ્લાઝા ધરાવે છે. ત્યારે ભરથાણા પ્લાઝા પર હવે કારનો ટોલ વધીને રૂ.૧૬૦ થયો છે. જેમાં મધ્યપ્રદેશ સરહદથી અમદાવાદની મુસાફરી મોંઘી થશે. કારણ કે ભથવાડા પ્લાઝા પર કાર-જીપના રૂ.૧૮૫ ચૂકવવા પડશે. તથા ચોર્યાસી પ્લાઝા પર કાર-જીપનો ટોલ હવે રૂ.૧૨૫ છે. સરકારી ST બસોના ભાડામાં વધારા બાદ ખાનગી બસોના ભાડામાં વધારાની શક્યતા છે. ખાનગી બસોના ભાડામાં ૧૫ ટકા વધારો આપવા એસોસિએશનની માંગ છે. સરકારે ST બસોમાં ૨૦૨૩ માં ૨૫ ટકા અને હવે ૧૦ ટકા વધારો કર્યો ખાનગી ટ્રાવેલ્સને કેમ અન્યાય તેવી ચર્ચાએ વેગ પકડ્યો છે. ખાનગી બસોના ભાડામાં છેલ્લા ચાર વર્ષથી ભાવ વધારો આવ્યો નથી.

## પ્રાકૃતિક ખેતીમાં જીવામૃત દ્વારા મળે છે પાકને પ્રાકૃતિક પોષણ



### જીવામૃતથી જમીનમાં સુક્ષ્મ જીવાણુની સંખ્યામાં ઝડપથી અનેક ગણો વધારો થાય છે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**આહવા, તા. ૩૧ :**સામાન્ય રીતે ખેતીમાં વધુ ઉત્પાદન માટે રાસાયણિક ખાતરો વપરાય છે અને પાકને જંતુઓ કે રોગથી રક્ષણ માટે અત્યંત તીવ્ર અને ઝેરી જંતુનાશક દવાઓનો વપરાશ કરવામાં આવે છે. આનાથી ઉપજમાં ઝેરી જંતુનાશકો રહી જાય છે, જે સ્વાસ્થ્ય જોખમાવી શકે છે. વધુમાં જમીનની કુદરતી ઉત્પાદનક્ષમતા લાંબા સમયે ઘટી જાય છે તેવું કૃષિ વૈજ્ઞાનિકોનું માનવું છે. એવામાં પ્રાકૃતિક ખેતી એ જમીનની ફળદ્રુપતા જાળવી રાખવા અને સ્વાસ્થયપ્રદ ઉપજ મેળવવા માટે એક વ્યાવહારિક વિકલ્પ બની છે.

ગુજરાત રાજ્યના કૃષિ કલ્યાણ અને સહકાર વિભાગ અંતર્ગત આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતીને -ોત્સાહન આપવામાં આવી રહ્યું છે. પદ્મશ્રી સુભાષ પાલેકરના સંશોધન અને તાંત્રિક સહયોગથી રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક કૃષિ ને વર્ણવી છે, જેને આધારે જીવામૃત વિશે જાણીએ.

પ્રાકૃતિક કૃષિ ખેડૂતો ખેતીમાં રાસાયણિક ખાતરને બદલે જીવામૃતથી પાકનું ઉત્પાદન વધારી શકે છે. આ જીવામૃત તૈયાર કરવા માટે દેશી ગાયનું ગૌમૂત્ર ૧૦ લીટર, દેશી ગાયનું છાણ ૧૦ કિ.ગ્રા, ઝાડ નીચેની માટી ૧ મુઠી, દેશી ગોળ ૧.૫ કિ.ગ્રા બેસન ૧.૫ કિ.ગ્રાનું મિશ્રણ તૈયાર કરવું. આ મિશ્રણને ૧૮૦ લીટર પાણીના ડ્રમમાં નાખવું, તેને કંતાનના કોથળાથી ઢાંકીને છાંયડે રાખવું અને લાકડીથી ઘડિયાળના કાંટાની દિશામાં સવારે અને સાંજે ૫ મિનિટ સુધી હલાવવું. ઉનાળામાં બે દિવસમાં અને શિયાળામાં ૪ થી ૫ દિવસમાં આવી રીતે જીવામૃત તૈયાર થઈ જશે.

જીવામૃત તૈયાર થયા પછી ૧૫ દિવસ તેનો ઉપયોગ કરી શકાય છે. આ જીવામૃતને એક એકર માટે ૨૦૦ લીટર ગાળીને પિયતના પાણી સાથે અથવા ડ્રીપ સાથે મુખ્ય પાકની હારમાં આપવું અને ઉભા પાક પર તેનો છંટકાવ કરવો જોઈએ. પાકના સમાયગાળા અનુસાર ૨ થી ૫ વખત જીવામૃતનો છંટકાવ કરવાનો હોય છે.

જીવામૃત માટે તૈયાર કરેલ મિશ્રણમાં માટીમાં તેમજ ગાયના છાણમાં રહેલ કરોડો જીવાણુંઓને કઠોળના લોટ અને ગોળથી પૃષ્ટ બને છે અને તેની સંખ્યાં અનેકગણી વધે છે.

જીવામૃતનાં છંટકાવથી સુક્ષ્મ જીવાણુંઓ જમીનમાં જાય છે. ત્યાં પણ તેની સંખ્યા સતત વધતી રહે છે અને આ જીવાણુઓ હવામાંથી નાઈટ્રોજન લઈને તેને છોડને ઉપયોગી સ્વરૂપમાં ફેરવે છે, જેનાથી છોડને જરૂરી પોષણ મળે છે.

વધુમાં તે જમીનમાં રહેલા અનેક તત્વો કે જે અનુપયોગી સ્વરુપમાં રહેલા હોય તેને વનસ્પતિ લઈ શકે તેવા ઉપયોગી સ્વરૂપમાં પરાવર્તિત કરે છે, તેનાથી પાકને બાહરથી કોઈ તત્વો રાસાયણિક ખાતર દ્વારા આપવાની જરૂર રહેતી નથી. કોઈ પણ પ્રકારની ખેતીમાં જીવામૃતનો ઉપયોગ કરી શકાય છે. તેનાથી રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાનો ખર્ચ ઘટે અને જમીનની ફળદ્રુપતા તેમજ પોષક તત્વોની ઉપલબ્ધિ વધે છે.

પ્રાકૃતિક ખેતી પ્રચલિત રાસાયણિક ખાતરો અને જંતુનાશકોવાળી ખેતીનો એક વ્યવહારિક ઉપાય બની રહી છે. દિવસે ને દિવસે વધુ ને વધુ ખેડુતો પ્રાકૃતિક ખેતી અપનાવી રહ્યાં છે. લોકોમાં આરોગ્ય પ્રત્યે સભાનતા આવી છે, જેથી સ્વાસ્થ્ય પ્રદ પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનો માટે સારાં ભાવો પણ મળી રહે છે.

સરકાર પણ વિવિધ સહાય દ્વારા પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપી રહી છે.

## દમણ રેડિયો

**102.3 FM**

**મંગળવાર**

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૩૫ હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૬.૫૫ સંસ્કૃતમાં સમાચાર અને ૭.૦૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરાથી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ શ્રી રામ ચરિત માણસગાન ૭.૧૫ સુગમ સંગીત અને વાર્તાલાપ (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - વણ માધુરી (દમણથી), ૯.૦૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો. ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૧૦.૩૦ અમદાવાદ વડોદરાથી પ્રસારિત કાર્યક્રમો, ૦૧. ૦૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો. (સાજે પાંચ.૩૦ વાગ્યા સુધી) **સાંજે** : (દમણથી) ૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ - NCERT - ઉમંગ, ૬-૦૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો. ૬.૫૫ - પ્રાદેશિક સમાચાર, ૭-૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭-૨૦ કિસાન વાણી (દમણથી), ૭.૫૦ ગુજરાતી સમાચાર (દિલ્હીથી), ૮-૦૦ સમાચાર સંધ્યા (દિલ્હીથી, ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો. ૧૧.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૧૧-૧૦ અંગ્રેજી સમાચાર (દિલ્હીથી) ૧૧.૨૦ - સભા સમાપન




## આજનું પંચાગ

**તા.** ૦૧-૦૪-૨૦૨૫, **વાર:** મંગળવાર **તિથિ:** ચોથ **વિક્રમ સંવત:** ૨૦૮૧ **સૂર્ય ઉદય:** ૦૬:૩૨ **સૂર્ય અસ્ત :** ૧૮:૫૪ **ચંદ્રરાશિ:** મેષ

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** *આજે તમારા સ્વભાવને અંકુશમાં રાખો કેમ કે તેનાથી તમારા સંબંધો પર કાયમી અસર પડી શકે છે.*

**વૃષભ(બ.વ.ઉ) :** *આજે ધીરજ રાખોજો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે.*

**મિથુન(ક.છ.ઘ) :** *આજના દિવસે પરિવારના તબીબી ખર્ચમાં વધરાની શક્યતા નકારી શકાય નહીં.*

**કર્ક(ડ.હ) :** *આજના દિવસે તમે તમારા સ્વાસ્થ્ય અંગે ચિંતા કરવાનું છોડો. બીમારી સામે તે શક્તિશાળી શસ્ત્ર છે.*

**સિંહ(મ.ટ.) :** *આજે તમારામાંના કેટલાકને મહત્વના નિર્ણયો લેવાની જરૂર પડશે જે તમને તાણગ્રસ્ત કરી મુકશે.*

**કન્યા(પ.ઠ.ણ.) :** *આજે ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે.*

**તુલા (ર.ત.) :** *આજે શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો.*

**વૃશ્ચિક(ન.ય.) :** *આજે તમારૂં સ્મિત હતાશા સામે શસ્ત્ર જેવું કામ કરશે. જે લોકોએ લોન લીધી છે તે લોકો ને લોન ની રકમ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે.*

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** *આજના દિવસે તમે તમારા હકારાત્મક વિચાર તથા આત્મવિશ્વાસ દ્વારા તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરો એવી શક્યતા છે.*

**મકર(જ.ખ) :** *આજે કામનું દબાણ તથા ઘરમાં તકલીફ તાણ લાવી શકે છે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે.*

**કુંભ(ગ.શ.સ.) :** *આજે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો તે આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે.*

**મીન(દ.ચ.ઝ.થ.) :** *આજે તમારી સાચી ક્ષમતાને જાણો કેમ કે તમે દઢતામાં નહીં પણ ઈચ્છાશક્તિમાં પાછળ પડો છો.*

સ્થાનિક સમાચારો
● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ
દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

ગણિતને રસપ્રદ બનાવવા વલસાડ જિલ્લા કલેકટરના હસ્તે ''મોજીલુ મેથ્સ'' પ્રોજેક્ટનો શુભારંભ

# નોકરીના ભાગરૂપે નહીં પરંતુ સેવાના ભાવે કામ કરશો તો સારૂ રિઝલ્ટ મળશે: કલેકટર નૈમેષ દવે






**જિલ્લાની પ્રાથમિક શાળામાં ગુણોત્સવમાં ગણિતનું નબળુ અને ઉત્તમ પરિણામ ધરાવનાર ૭૨ શાળાઓની આ પ્રોજેક્ટ માટે પસંદગી કરાઈ**

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૩૧ :** વલસાડ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવ દરમિયાન ગણિત વિષયમાં નીચુ પરિણામ જણાતા તેમાં સુધારો કરવા માટે જિલ્લા કલેકટર નૈમેષ દવેએ નવી પહેલ કરી જિલ્લા શિક્ષણ તંત્ર અને મા ફાઉન્ડેશનના સહયોગથી મેથ્સ, મસ્તી, મેજિકની ટેગલાઈન સાથે ''મોજીલુ મેથ્સ'' પ્રોજેક્ટનો આજરોજ શુક્રવારે જિલ્લા કલેકટર કચેરીના સભાખંડમાં શુભારંભ કરાવ્યો હતો. આ પ્રોજેક્ટના લોન્ચિંગ પ્રપ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોતની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

મોજીલુ મેથ્સ પ્રોજેકટ લોન્ચિંગ કરવા પહેલા ગુણોત્સવમાં જે શાળાનું ગણિતમાં પરિણામ નીચું આવ્યુ હતું અને જે શાળાનું પરિણામ ઉત્તમ આવ્યુ હતું તેવી એક તાલુકામાંથી છ સ્કૂલ નબળા પરિણામ વાળી અને છ સ્કૂલ ઉત્તમ પરિણામ વાળી પસંદ કરવામાં આવી હતી. આમ, એક તાલુકામાંથી કુલ ૧૨ અને જિલ્લાના છ તાલુકામાંથી કુલ ૭૨ સ્કૂલ પસંદ કરી તેઓના ગણિત વિષયના શિક્ષકોને આ પ્રોજેક્ટના લોન્ચિંગ પ્રસંગે આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ શિક્ષકોને સંબોધીને જિલ્લા કલેકટર નૈમેષ દવેએ જણાવ્યું કે, ધો. ૬, ૭ અને ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં ગણિત પ્રત્યે રૂચિ કેળવવા અને તેઓનો પાયો મજબૂત બનાવવા માટે આ પ્રોજેક્ટ મા ફાઉન્ડેશનના સહયોગથી શરૂ કરવા જઈ રહ્યા છે. વલસાડ જિલ્લામાં વાપી, સરીગામ, ગુંદલાવ, ઉમરગામ, દમણ અને સેલવાસ સહિત એશિયાની સૌથી મોટી જીઆઈડીસી આપણા જિલ્લામાં હોવાથી ઘર આંગણે નોકરીની અનેક તકો હોવા છતાં નોકરી મળતી નથી. ગણિત અને વિજ્ઞાન વિષયમાં ભવિષ્ય ઉજ્જવળ બને છે પરંતુ બાળકોને ખબર જ હોતી નથી, જેથી તેઓને આ અંગે જાગૃત કરવા પડશે.

વધુમાં કલેકટરશ્રીએ શિક્ષકોને અનુરોધ કરતા જણાવ્યું કે, મોજીલુ મેથ્સ -ોજેકટને નોકરીના ભાગરૂપે નહીં પરંતુ સેવાના ભાવ તરીકે, આપણા પોતાના પ્રોજેક્ટ તરીકે કામ કરીશું તો મનને પણ સંતોષ મળશે અને રિઝલ્ટ પણ સારૂ મળશે. બાળકોમાં વિશ્વાસ ઉભો કરવો પડશે કે, ગણિત ભારે નથી પણ સહેલુ છે અને મોજ કરાવે તેવુ છે. ચાણક્યએ પણ કહ્યું છે કે, શિક્ષક કભી સાધારણ નહીં હોતા. આપ સૌ શિક્ષકો દિલથી આ પ્રોજેક્ટ પર કામ કરશો તો સમાજની આગામી પેઢીને ઉજ્જવળ ભવિષ્ય આપી શકીશું.

અમેરિકા અને સ્વીડન સહિતના દેશોના વિકાસ અને સિધ્ધિના પ્રપ્રેરણાત્મક ઉદાહરણ આપી જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોતે જણાવ્યું કે, દરેક દેશના વિકાસનો આધાર જાહેર આરોગ્ય, શિક્ષણ અને ન્યૂટ્રીશ્યન છે. જેના વિના કોઈ દેશ પ્રગતિ કરી શકે નહીં. આપણા શિક્ષકોમાં પણ કામ કરવાની ક્ષમતા છે, આપણે પણ ઉજ્જવળ પરિણામ લાવી શકીએ છે. ગુણોત્સવમાં જે શાળાનું ઉત્તમ પરિણામ આવ્યું છે તેઓ પણ માસ્ટર ટ્રેનર બની પોતાનું યોગદાન આપી શકે છે. મેથ્સ એ લોજીકલ એનાલિશિસ કરે છે. ગણિત એ મગજની કસરત છે. આઉટ ઓફ બોક્ષ થીંકીગથી કેપેસીટી વધે છે.

લાઈફ સ્કીલ તરીકે પણ મેથ્સ ઉપયોગી હોવાનું જણાવી જિલ્લા વિકાસ અધિકારીએ સૌ શિક્ષકોને આ પ્રોજેક્ટમાં પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપવા માટે અપીલ કરી હતી.

મા ફાઉન્ડેશનના સીઈઓ અમિત મહેતાએ આ લોન્ચિંગ પ્રસંગે જણાવ્યુ કે, વલસાડ જિલ્લાના ગામડાઓમાં મા ફાઉન્ડેશન છેલ્લા ૧૫ વર્ષથી શિક્ષણ ક્ષેત્રે કાર્યરત છે. ગણિત બસ, વિજ્ઞાન મેળા અને લાઈફ સ્કીલ એજ્યુકેશન દ્વારા રચનાત્મક પ્રવૃતિ સાથે બાળકોને શિક્ષણ આપી ટયુશન વગર ન ચાલે તે ધારણા ખોટી પાડી છે. ઘણી બધી સ્કૂલોમાં ''ચોક એન્ડ ટોક'' મેથડથી મેથ્સ શીખવવામાં આવે છે, આ પધ્ધતિ બદલવી પડશે. ગણિત રમતા રમતા વિવિધ પ્રવૃત્તિઓ સાથે પણ શીખવી શકાય છે. ઘણી વાર વિદ્યાર્થીઓ ભણી-ગણીને મોટા હોદા પણ બેસી જાય છે પરંતુ તેઓનો ગણિતનો પાયો કાચો રહી ગયાના અનેક ઉદાહરણ જોયા છે. માસ્ટર્સ ટ્રેનરો દ્વારા ગણિતના શિક્ષકોને બે બેચમાં તાલીમ આપીશું.

અમારો ઉદેશ્ય શિક્ષણ ક્ષેત્રે વલસાડ જિલ્લો ''મોડલ ડિસ્ટ્રીક્ટ'' બને તે માટેનો છે. એઆઈ આવે તો પણ સમાજમાં શિક્ષકોનું મહત્વ ઘટવાનું નથી. બાળકને ભણવાની મજા આવે તેવુ ગણિતને મોજીલુ બનાવવું છે. જેનાથી પાયો મજબૂત થશે.

જિલ્લા શિક્ષણાધિકારી ડો.રાજેશ્રી એલ.ટંડેલે આ પ્રોજેક્ટ હેઠળ વિદ્યાર્થીઓના મનમાંથી ગણિતનો ડર કાઢી કેવી રીતે રસપ્રદ ભણાવી શકાય તે માટે આગામી નવા સત્રથી સેમિનારો અને મેળાના આયોજન અંગે જણાવ્યું હતું. વધુમાં તેમણે વલસાડ જિલ્લામાં શિક્ષણનું સ્તર વધે તે માટે જિલ્લા કલેકટર દવે દ્વારા કરાયેલા વિવિધ પ્રયાસોનો ઉલ્લેખ કરી નિવૃત્તિના દિવસે પણ જિલ્લાના વિદ્યાર્થીઓ માટે આ પ્રોજેક્ટ અર્પણ કરવા બદલ જિલ્લા કલેકટરનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે જિલ્લા -ાથમિક શિક્ષણાધિકારી ડી.બી.વસાવા, મા ફાઉન્ડેશનના જનરલ મેનેજર વિરાજ શુકલા, પ્રોજેક્ટ મેનેજર ચેતન ભાવસાર, દરેક તાલુકાના બીઆરસી કો-ઓર્ડિનેટરો તેમજ ગણિત વિષયના શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન અને આભારવિધિ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય મહેન્દ્ર પટેલે કરી હતી.

# વાપીમાં પાસઓવર લવ દ્વારા વિશ્વ રક્ત અભિયાન યોજાયું





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૩૧ :** ચર્ચ ઓફ ગોડે રક્તદાન દ્વારા રક્ત સંકટને દૂર કર્યુ અને ગુજરાતના વાપીમાં પાસઓવર લવ દ્વારા જીવન આપવા માટે વિશ્વ રક્ત અભિયાનનું આયોજન કરીને નાગરિકોની ભાગીદારીને પ્રોત્સાહન આપ્યું, જે ઘણા દેશોમાં સક્રિય રીતે હાથ ધરવામાં આવી રહ્યું છે.

ચર્ચ ઓફ ગોડ વર્લ્ડ મિશન સોસાયટીએ ૩૦મી તારીખે ગુજરાતના વાપીમાં પાસઓવર પ્રેમ દ્વારા જીવન આપવા માટે વિશ્વ રક્તદાન અભિયાનનું આયોજન કર્યું હતું. તેનો હેતુ સમુદાયને રક્ત પુરવઠો પૂરો પાડવાનો અને નાગરિકોને રક્તદાન કરવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. વાપીમાં ચલા ચર્ચ ઓફ ગોડ લગભગ ૧૫૦ રક્તદાતાઓથી ભરાઈ ગયું હતું જેમાં શ્રદ્ધાળુઓ, તેમના પરિવારો અને પડોશીઓનો સમાવેશ થતો હતો. આ દિવસે, ૪૫ લોકોએ ૨૦,૨૫૦ મિલી સ્વસ્થ રક્તનું દાન કર્યું. ચર્ચ ઓફ ગોડના એક અધિકારીએ કહ્યું, રક્તદાન એ રક્તદાનની જરૂર હોય તેવા દર્દીને બચાવવાનો એકમાત્ર રસ્તો છે. ચર્ચના સભ્યોએ સર્વાનુમતે ભાગ લીધો, તેઓ વિચારતા હતા કે ફક્ત નિયમિત રક્તદાન જ રક્તનો સ્થિર પુરવઠો સુનિશ્ચિત કરી શકે છે. અમને આશા છે કે અમારા પડોશીઓ સ્વસ્થ અને સુરક્ષિત જીવન જીવે. રેડ ક્રોસ બ્લડ સર્વિસે ચર્ચના સામૂહિક રક્તદાનનું સ્વાગત કર્યુ અને આરોગ્ય તપાસ અને રક્ત સંગ્રહની સમગ્ર પ્રક્રિયામાં મદદ કરી અને સહભાગીઓને નાસ્તો પણ આપ્યો. ઘટનાસ્થળે હાજર રેડ ક્રોસના એક અધિકારીએ કહ્યું, મને ખૂબ જ ખાસ લાગ્યું, અને તમે બધાએ ખૂબ મહેનત કરી, અને હું ભાવુક થઈ ગયો. ખ્રિસ્તના શિક્ષણ અનુસાર, તમારા પડોશીને તમારા જેવો પ્રેમ કરો, ચર્ચ ઓફ ગોડ રક્તદાન દ્વારા સ્થાનિક સમુદાયને સેવા આપવાનું અને વહેંચવાનું ચાલુ રાખ્યું છે. તેમણે વૃક્ષારોપણ, કૃષિ કાર્યમાં મદદ, વાવાઝોડાથી થયેલા નુકસાનનું પુનઃસ્થાપન, અગ્નિશામક અને પોલીસ સ્ટેશનોની મુલાકાત અને કોવિડ-૧૯ સામે લડતા તબીબી કર્મચારીઓને પ્રોત્સાહન આપવા જેવી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી હતી. તેમણે શહેરી વિસ્તારો, ઉદ્યાનો, દરિયાકિનારા અને હિલ સ્ટેશનોમાં સફાઈ અભિયાન ચલાવ્યું છે, જેમાં ગુજરાતના વ્યારામાં વ્યારા તળાવ, મહારાષ્ટ્રના પાલઘરમાં કેનેરા બેંકની આસપાસ અને તેલંગાણાના વારંગલમાં પાકલ બાયોડાયવર્સિટી પાર્કનો સમાવેશ થાય છે, જે સ્થાનિક સમુદાયો દ્વારા પર્યાવરણના રક્ષણમાં ફાળો આપે છે. આ માનવતાવાદી કાર્યો માટે, રાજ્યસભાના સાંસદો, મહારાષ્ટ્ર વિધાનસભાના સભ્યો, પુણે અને પિંપરી-ચિંચવડના કાઉન્સિલરો અને મુંબઈના મેયરે પુરસ્કારો આપીને ચર્ચ ઓફ ગોડની પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી.

# વાપીની સમર્પણ જ્ઞાન સ્કૂલમાં રક્તદાન શિબિર યોજાઈ






**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૩૧ :** વાપી ખાતે આવેલ સમર્પણ જ્ઞાન સ્કૂલમાં લાયન્સ ક્લબ ઓફ વાપી તરંગીની અને સમર્પણ જ્ઞાન સ્કૂલના સંયુક્ત ઉપક્રમે, ૨૯ માર્ચ ૨૦૨૫ ને શનિવારના રોજ રક્તદાન શિબિરનું આયોજન કરાયું હતું. આ શિબિરનું મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ અને શિક્ષણમંડળને રક્તદાનના મહત્વ વિશે જાગૃત કરવાનું હતું. શાળામાં રકતદાનની આ અનોખા શિબિરમાં શિક્ષકગણ, વાલીગણ, અને નિયમિત રક્તદાન કરનારા અન્ય દાતાઓએ આ મહાદાનમાં ભાગ લીધો હતો. શ્રીમતી પુરીબેન પોપટભાઈ લાયન બ્લડ સેન્ટર વિભાગ દ્વારા એક વિશિષ્ટ ટીમના નિરીક્ષણ હેઠળ આ કાર્યનું સંચાલન કરાયું. સ્કુલ ફાઉન્ડર ટ્રસ્ટી લાયન મૂકેશ પટેલે આ શિબિર યોજવા પાછળના હેતુ જણાવતા કહ્યું કે આ રીતે, અમે બાળકો અને શાળાના તમામ સભ્યને શ્રેષ્ઠ રીતે માનવ સેવા - જનસેવા માટે પ્રેરિત કરી રહ્યા છીએ. રક્તદાન કરવું માત્ર એક સામાજિક જવાબદારી છે, પરંતુ તે અનેક જીવો બચાવવાનું એક મહાન કાર્ય છે. આ રક્તદાન શિબિરમાં ૨૩ લોકોએ રક્ત દાન કર્યું. આ ઉપરાંત, રક્તદાન કરતાં પહેલા સૌનો આરોગ્ય ચકાસણી કરવામાં આવી અને ડૉક્ટરોએ યોગ્ય માર્ગદર્શન પણ અપાયું. રકતદાન કરનારા દાતાઓને પ્રમાણપત્ર અને ભેટ આપી પ્રોત્સાહિત કરાયા તેમજ ડોક્ટરની ટીમે પણ શાળાના આચાર્યા લાયન પાર્વતી પિઠાણીને પ્રશંસાપાત્ર આપી સન્માન કર્યું. સમર્પણ જ્ઞાન સ્કૂલની આ પ્રશંસનીય કોશિશ દરેક વ્યક્તિના જીવન માટે મહત્ત્વપૂર્ણ બની રહી છે.

# વાપીના ફેડરેશન ઓફ સીનીયર સીટીઝન દ્વારા તેમના સભ્યના પ્રવેશદિનની ઉજવણી કરાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા. ૩૧ :** ફેડરેશન ઓફ સીનીયર સીટીઝન ચલા વાપીના સભ્યો દ્વારા તેમના સીનીયર સભ્ય સરલાબહેન ત્રિવેદીના ૭૭મા વર્ષમાં પ્રવેશદિનની ઉજવણી એક અનોખી રીતે કરવામાં આવી હતી. સરલાબેન તથા દિનેશભાઈ ત્રિવેદીના સમગ્ર પરિવાર દ્વારા ખુબજ સરસ રીતે આનંદદાયી આયોજન કરી તેમના દિકરી, પૂત્રવધુ તથા પૌત્રીએ સંયુક્ત રીતે તમામ સીનીયર સભ્યોને ત્રણ જુદીજુદી રમતોમાં સામેલ કરી રસતરબોળ કરી દિધા, તો મંડળના પ્રમુખ ઉષાબહેને સરલાબહેનને શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે આમંત્રિત ડો. નલિનભાઈ નાયકે એમના મનનીય વક્તવ્યમાં જીંદગીની ફીલોસોફી સરળ ભાષામાં સમજાવી સરલાબહેનને શુભકામનાઓ પાઠવી હતી. તો સાથે જયંદ્રકાન્તભાઈ, સુરેશભાઈ, ધનસુખભાઈ તથા કિરીટ શાહ તથા અન્ય સભ્યો દ્વારા પણ સરલાબહેનને અલગ અંદાજમાં શુભેચ્છાઓ પાઠવી હતી, અને તેમના સમગ્ર પરીવારની હાજરી, આયોજન, અને જન્મદિવસની ઉજવણીને યાદગાર રીતે ફેડરેશનના સભ્યો સાથે ઉજવવા તથા સુમધુર ભોજનનો આસ્વાદ કરાવવા બદલ અભિનંદન પાઠવી આભાર વ્યક્ત કરાયો હતો.

# વાપી પબ્લિક સ્કૂલમાં રક્તદાન શિબિર યોજાઈ




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા. ૩૧ :** વાપી પબ્લિક સ્કૂલ,વટાર ખાતે ૨૮/૩/૨૪ના રોજ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાલીઓ , શાળાના શિક્ષકો અને અન્ય કર્મચારીઓએ રક્તદાન કર્યું હતું. આ કેમ્પમાંથી ૨૯ યુનિટ રક્ત એકત્ર થયું. શાળાના ડાયરેક્ટર ડૉ. અલ્પા એસ. કોટડિયાએ શિબિરમાં હાજર રહેલા તમામ સ્વૈચ્છિક રક્તદાતાઓનો તથા નયુ કમ બ્લડ ડોનેસન કેમ્પ, રોટરી ક્લબનો આભાર વ્યક્ત કર્યો હતો. રક્તદાન એજ મહાદાન ના ઉદ્દેશ્ય સાથે યોજાયેલ કેમ્પના શાળાના સામાજિક કાર્યના પ્રયાસ માટે સર્વ વાલીઓએ શાળાને અભિનંદન આપ્યા હતા.

# ધરમપુરમાં મહારાષ્ટ્ર ખાતેયોજનાર કુકણાં સમાજના મહાસંમેલન વિષે બેઠક મળી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા. ૩૧ :** ગતરોજ આદિવાસી કુકણા કોકણા, કોકણી કુનબી સમાજ ગુજરાત રાજ્ય દ્વારા સમગ્ર ગુજરાત મહારાષ્ટ્ર અને દાદરા નગર હવેલીના કુકણા સમાજનું મહાસંમેલન મહારાષ્ટ્ર ખાતેના ભારત રત્ન રાજીવગાંધી સ્ટેડિયમ જ્વહાર જી પાલઘરમાં મહાસંમેલન યોજાનાર છે તે સંદર્ભે ધરમપુરનાં ગ્ય્દ ભવન ખાતે મળેલ બેઠકમાં વિવિધ ચર્ચાઓ કરવામાં આવી હતી કુકણા સમાજના મહાસંમેલનનો શું ઉદ્દેશ્ય છે..? શા માટે આ સંમેલન યોજાય રહ્યું છે. તે અંગે જે.બી. પવાર સાહેબ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ ત્યારબાદ આ મહાસંમેલનમાં નાણાકીય ભંડોળ માટે જેતે વ્યક્તિ પ્રમાણેનાં માપદંડો નક્કી કરવામાં આવ્યા હતા જેમાં ધારાસભ્ય ક્લાસ વન અધિકારી જિલ્લા પ્રમુખ તેમજ તાલુકા પ્રમુખ, કર્મચારી અને ખેડૂતભાઈઓ સહિત યથા શક્તિ ફંડ ફાળો આપે તે અંગે ચર્ચા કય્યામાં આવી હતી. આ મહા સંમેલનનાં વકતા જિલ્લા પ્રમાણે ગોઠવણ કરાવવા બાબતે ચર્ચા કરાઈ હતી યોજાનાર મહા સંમેલનનો સંદેશ ઘર ઘર સુધી પહોંચે તે માટે ગામ સમિતિ બનાવી તાલુકા પ્રમાણે પેમ્પ્લેટની વહેચણી કરવામાં આવે તેમજ ગ્રામ્ય કક્ષાએ જે પણ અનાજ દાળ ચોખા આપવા માંગતા હોય તે તાલુકા પ્રમાણે ઉઘરાવી કપરાડા તાલુકાના પ્રતિનિધિ નવિનભાઈ ભિસરાને જમાં કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. કુકણા સમાજના મહાસંમેલનને સફળ બનાવવા માટે ગુજરાતના વિવિધ જિલ્લામાંથી પધારેલા -તિનિધિઓ પૈકી દિનેશભાઈ ખાંડવી, રમતુભાઈ ચૌધરી, દેવુભાઈ દાધવ, મનોજભાઈ જાદવ, નાનુભાઈ ભગરિયા સાહેબ નિવૃત્ત આર્મી, વીણાબેન, દક્ષાબેન, નિલેશભાઈ નીકુળીયા, દિવ્યેશભાઈ, શ્રણવકુમાર, રમેશભાઈ પવાર, ભાવિનભાઈ, ભાવેશ ભાઈ, ભગવતીબેન -દિનેશભાઈ માહલા, જગદીશભાઈ પટેલ,ભાવિનભાઈ, ભરતભાઈ, નિલેશભાઈ, જેવા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા

# કાજલીમાં ખેલ મહાકુંભ યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**નાનાપોઢા, તા. ૩૧ :** કપરાડા તાલુકાના કાજલી ગામ ખાતે ખેલ મહાકુંભ (સિઝન-૨) નું આયોજન યુવા સરપંચ કલ્પેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું , જેમાં ધોરણ ૧ થી ૮ સુધી ના નાના બાળકો એ ભાગ લીધો હતો જેમાં લીંબુ ચમચી, કોથળાકુદ, લાંબી દોડ, ફુગ્ગા ફોડ અને રસ્સા ખેંચ જેવી રમતો રમાડવામાં આવી હતી, આજ ના મોબાઈલ ના જમાનામાં ભુલાતી જતી રમતો ને બાળકો ભૂલી ન જાય અને બાળકો આવી રમતો રમી આગળ વધે એ આશય સાથે ગામના તમામ બાળકોએ ભાગ લીધો હતો, વિજેતા થયેલા બાળકો ને સરપંચશ્રી કલ્પેશ પટેલ દ્વારા પ્રથમ ક્રમ ને ગોલ્ડમેડલ, બીજા ક્રમ ને સિલ્વર મેડલ અને બાકી તમામ બાળકો ને પ્રોત્સાહિત ઈનામ પેન્સિલ, રબર, સોંપનર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ભરાડી પ્રા. શાળામાં મહિલા જાગૃતિ અને માર્ગદર્શન કાર્યક્રમ યોજાર્યો




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**નાનાપોઢા, તા. ૩૧ :** કપરાડા તાલુકાના આસલોણા ભરાડી પ્રાથમિક શાળામાં ધોરણ ત્રણ થી આઠની કન્યાઓ માટે માસિક સ્વચ્છતા સંચાલન , નાની વયે લગ્ન અને પ્રેગ્નન્સી તથા મહિલા જાગૃતિ બાબતે સચોટ માહિતી અને માર્ગદર્શન માટે શાળાની બાલિકાઓ અને મહિલા બાળમિત્રોને શાળાના નોડેલ શિક્ષિકા અવની વી. ચાંદપા તથા શાળાના આચાર્ય શૈલેષભાઈ ટંડેલ દ્વારા શાળાના સ્ટાફ દ્વારા આયોજન કરવામાં આવ્યુ હતુ. કઆયોજનના ભાગરૂપે કાર્યક્રમમાં આરબીએસકે ટીમ આસલોણાના ડોક્ટર ડીમ્પી મેડમ તથા ડોક્ટર કિંજલના માર્ગદર્શન હેઠળ ટીનેજ પ્રેગ્નન્સી બાબત જાગૃતિ ફેલાવવા વાલીઓને સમજ આપવામાં આવી. કાર્યક્રમને અંતે ઉપસ્થિત વાલીઓને શાળાના એમડીએમ સંચાલક સંજયભાઈ કામડી દ્વારા ભોજન આપવામાં આવ્યું. શાળાના તમામ સ્ટાફ દ્વારા કાર્યક્રમ સફળ બનાવવામાં આવ્યો હતો.

દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો : www.damangangatimes.com

## ફાઈલ એટલે ઘરવાળીની નાની બેન !

સત્ય-અહિંસા-સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે- કાગડા કુતરાના મોતે મરીશ, પણ આઝાદી લઈને જ જંપીશ, જેવા આઝાદીની લડતના ઢગલાબંધ સુત્રો હજી કાનમાં ગુનગુન થાય છે. પણ દશેરાએ શસ્ત્ર પૂજન થાય એમ, સમયે જ બહાર નીકળે ને ઉપયોગમાં લેવાય. જેવો જેવો તહેવાર તેવા તેવા સુત્રો..! પછી જય રામજીકી..! એમાં અમારી ચમેલી એટલે, પૂરી આઝાદ..! બિચારા ચમનીયાની એકને એક વાઈફ..! (ઘણાને બિલકુલ હોતી નથી.) એને એવી લાલસા વળગી કે, મારે પણ વિખ્યાત થવા એકાદ સૂત્ર રમતું મુકવું જોઈએ. મારો પણ ઝામો પડવો જોઈએ ને..? સરકારી ખાતામાં ફાઈલોને જે રીતે રમાડવામાં આવે છે, તે ઉપરથી ચમેલીએ એક વેધક સૂત્ર બનાવ્યું, ફાઈલ ઘરવાળીની નાની બહેન છે. આટલેથી અટકી નહિ, inter national દરજ્જો અપાવવા એનું અંગ્રેજીકરણ પણ કર્યું કે, 'file is the mini sister of wife..!' એના કપાળમાં કાંદા ફોડું.! ચમેલી એટલે, અંગ્રેજોના વધેલા મટેરિયલમાંથી બનાવી હોય તેવી. દેખાવે અંગ્રેજ જેવી લાગે પણ સાવ દેશી..! ચમનીયો બિચારો રૂપ જોઈને લપસી પડેલો. બુદ્ધિનો પેટારો ખોલેલો જ નહિ. અંગ્રેજી આવડે કે ના આવડે, પણ અંગ્રેજ જેવી દેખાતી હોવાથી, બધું અંગ્રેજીમાં જ ફાડે. અંગ્રેજી એવું ફાડે કે, જાણકારને સાંભળ્યા પછી ધનુર ઉપડે..! ચમેલીનો આજે પણ Record છે. એમણે અંગ્રેજીની પરીક્ષા ૧૮ વખત આપેલી તો યે નાપાસ થયેલી. પછી તો બોર્ડવાળાએ ના પાડી કે, હવે અટકી જજો બેન, તમારા પેપર તપાસવાનાં પૈસા બગડે છે..! તમારું પેપર તપાસવામાં , બે જણાના તો મગજ હોલવાય ગયા..! લાંબા સંશોધન પછી સમજાયું કે, આ બધું કુવામાંથી જ હવાડામાં આવેલું..! ચમનીયાની સાસુ ઉર્ફે આયાતી માતામહનું પણ આવું જ..! એને પણ અંગ્રેજી બોલવાનો વળગાડ..! ફાંકો લઈને ફરે કે, મારું અંગ્રેજી એટલે મારું અંગ્રેજી, મારા જેટલું અંગ્રેજી તો રાજા રાવણને પણ નહિ આવડતું..! એના કપાળમાં કાંદા ફોડું, ક્યાં રાવણ અને ક્યાં અંગ્રેજી..?

એક દાખલો આપું, ક્રચમેલીનો હાથ ચમનીયાનાં હાથમાં મુકતા, આયાતી માતામહ ઉર્ફે સાસુએ ચમનીયાને કહેલું કે, ' ચાલો તમારા બનેનું welding નું તો પતી ગયું. પછી કહે, 'કુમાર..! ચમેલીને અંગ્રેજી જ ફાવતું છે હંઅઅઅકે..? ( ચમનીયાની મોડે મોડે બત્તી થયેલી કે, મારી સાસુ 'ભાષા' ની વાત કરે છે, બાકી એ જુદું જ સમજેલો..! ) પછી કહે, એ રડે તો પણ અંગ્રેજીમાં, હસે તો પણ અંગ્રેજીમાં, ને કોઈ સાથે બાઝવા બેઠી, તો અંગ્રેજીમાં જ બાઝે..! ચમનીયાને તો ઘરે લાવ્યા પછી ખબર પડી કે, તંબુરી તો નસકોરા પણ અંગ્રેજીમાં જ કાઢે..! એક એક નસકોરું એટલું લાંબુ કાઢે કે, આખી ખ્ખ્ઝ્ઝ બોલાય જાય. તે પણ, બુલેટની માફક..! ત્રણ ત્રણ ગિયરમાં નસકોરા છોડે..! પહેલું નસકોરું ધીમી ગતિના સમાચાર જેવું , બીજું સુપર ફાસ્ટ જેવું, છેલ્લે એવી ધબધબાટી બોલાવે કે, નાકની અંદર પાંચ-છ બુલેટ દોડધામ કરતા હોય એવું લાગે..! મચ્છરોની તાકાત નહિ કે, આસપાસ ફરકવાની હિમત કરે..! જેની સાથે ઝઘડે, એનો ૭૨ પેઢીનો ચોપડો અંગ્રેજીમાં ખોલી નાંખે. તકિયા કલામની માફક 'I HATE YOU'. ચણા-મમરાની જેમ બોલે..! હરામ્મ બરાબર જો લગનનો સપ્તપદીનો એકપણ નિયમ સાચવતી હોય તો..! શિઈઈઈઈટ..હું પણ બાથરૂમના કપડા ક્યાં ડ્રોઈંગ રૂમમાં ધોવા બેઠો..? દુનિયાનો દસ્તુર છે કે, આવાને હવાલદારી પણ જલ્દી મળી જાય. અંગ્રેજીની બોલકી હોવાથી, રાજકારણમાં ઘુસી ગઈ. વઢકણી વહુને દીકરો આવ્યો હોય એમ, એવી ઝામી ગઈ કે, ચમનીયો હવે ચમેલીના નામે ઓળખાય છે. બકરી જંગલની રાણી બની જાય, અને સિંહ જેવાએ મુખ્ય મહેમાન તરીકે જવાનું આવે તો, કેવી વલે થાય? એક કાર્યક્રમમાં એવું જ થયું. ચમેલી પ્રમુખ સ્થાને અને ચમનીયો મુખ્ય મહેમાન બનીને ગયેલો. 'brothers & sisters' નાં માયાવી શબ્દો ફેંકી, ચમેલીએ સભાના જેવા મંગળાચરણ કર્યા કે, શ્રોતાઓમાં સોપો પડી ગયો. એથી વધારે અંગ્રેજી આવડે તો બોલે ને..? પછી એવું ભેળપૂરી અંગ્રેજી કાઢ્યું




કે, કેટલાંકે તાળીઓનો વરસાદ પાડી દીધો. તો અમુક લોકો મોમાં આંગળા નાખતા થઇ ગયા. તેમાં 'પોલીટીક્સ' શબ્દનો ઉચ્ચાર 'પોલ-ટ્રીક્સ' કર્યો, ત્યારે તો પક્ષના વડાથી પણ 'વાહ' બોલાય ગયું. અને કહ્યું કે, ચમેલીમાં શું અંગ્રેજીનું નોલેજ છે? સાચો શબ્દ 'પોલીટીક્સ' ને બદલે 'પોલટ્રીક્સ' જ હોવો જોઈએ. કારણ કે 'ટ્રીક્સ' એ રાજકારણનો ખોરાક છે..! પછી કહે, લખી રાખજો, આવનારા ભવિષ્યમાં આ ચમેલી વિદેશમંત્રી તરીકે નામના કાઢશે..! આ સાંભળી, ચમનીયાની હાલત, દીપડો પકડવા પાંજરામાં મુકેલા મારણ જેવી થઈ ગઈ. જેમ નેતા શબ્દને ઝડપથી બોલીએ તો તાનેતા.. તાનેતા.. તાનેતા...સંભળાય, એમ આજે પણ ચમેલી તાનેતા-તાનેતા છે..! બોલ્લો..!

રાજકારણ મુદ્દલે ખરાબ નથી. એવો કયો દેશ છે કે, જ્યાં રાજકારણ વગર લોકશાહી જલસા કરતી હોય..! કારણ વગર જે રાજકારણને બદનામ કરે એમને ખબર નથી કે, સત્તા-સંપતિ-સમર્પણ અને શક્તિ એ ખુરશીનાચાર પાયા છે. સભા નેતાનો ખોરાક અને વિરોધ એમની શોભા છે. હડતાળ તેનું ઝેર છે.

ચમેલી કહે, Once time I told to chair, WHO ARE YOU..? દં ખુરશી કહે, હું દાસી છું રાણી છું, સમજો તો શાણી છું. નહિ તો કાળી નાગણ છું. પછી માઈકને પૂછેલું કે,' WHO ARE YOU..? તો કહે કે, 'હું આત્માના અવાજ સિવાય બધું જ છું.' ભાષણને પૂછ્યું, 'WHO ARE YOU..? તો કહે, હું લોકો ઉપર ભૂરકી નાંખવાનું કામ કરું છું. ફાઈલ સામેથી બોલી કે, મને તો પૂછતા જ નહિ ભાઈ સાહેબ કે, 'WHO ARE YOU..? હું તો ઘરવાળીની નાની બેન છું. ત્યાં મેલા-ઘેલા ફાટેલા કપડામાં, શરીરે કરચલીવાળી જનતા આવી પહોંચી, 'મને તો કોઈ પૂછો ? 'WHO ARE YOU..? ત્યારે માઈક-સભા- ખુરશી અને ફાઈલે મોંઢા મચકોડીને કહ્યું કે, આ જનતા છે, જે વર્ષો પહેલા એક જનેતા હતી. પણ લોકશાહીને પકડવામાં એવી હાંફી ગઈ કે, યુવાન વયે ઘરડી થઇ ગઈ..! એને અંગ્રેજી આવડતું નથી, છતાં સાંભળે છે. નેતાના વચન આધારે જીવે છે, અને મોંઘવારી ખાય છે..! જ્યારે તરસ લાગે ત્યારે આંસુડા પીએ છે..!

**લાસ્ટ બોલ**

ભગવાને આ ધરતી ઉપર દરેકને હીરા બનાવીને મોકલ્યા છે. પણ એમને ખબર નથી કે, ઘસાયા વગર ચમક નીકળતી નથી. એના કપાળમાં કાંદા ફોડું..!

## તમારો પણ ખભો સતત દુખે છે ? એટલે દવાદારૂ શરૂ ?

રામલાલ અને શ્યામલાલ રાબેતા મુજબ વહેલી સવારે ઉઠીને ચાલવા લાગ્યા અને પછી વાતો કરવા લાગ્યા.

**રામલાલ**- ગામમાં શું નવાજૂની ચાલે છે, મારા ભઈ ?

**શ્યામલાલ**- બ્રિજોની ફરિયાદો ઓછી થઈ છે. ડાભેલ દમણની ટ્રકો અને કન્ટેનરોના લાભાર્થે શરૂ થયેલા રેલ્વેના ઓવરબ્રિજના કારણે એક ફરિયાદ ઓછી થઈ છે. હકીકતમાં હાઈવેથી એ રેલ્વે ઓવરબ્રિજ ઉપરથી ચલા જવું હોય તો પણ ત્યાંનો લોકલ ટ્રાફિક તો રોજેરોજ નડે જ છે.

**રામલાલ**- બન્યો નહોતો ત્યારે, બન્યા નથી ની બૂમો પાડતા હતા, બન્યો તો બરાબર નથી ની બૂમો પાડવા લાગ્યા. પેડેસ્ટ્રેરીયનમાં પગથિયાં ચડવા પડે છે, એનું દુઃખ છે ?

**શ્યામલાલ**- પેડેસ્ટ્રેરીયનમાં છરવાડા હાઈવે ક્રોસિંગની જેમ ગાડીઓ ઘુસતી નથી એનું દુઃખ છે . પગથિયાંની જગ્યાએ લસરપટ્ટી બનાવી હોય તો પણ લોકો મોટરસાઈકલો તો ધુમ સ્ટાઈલમાં ફેરવતા હોત. આ તો વાહન રેઢા મુકીને પગપાળા ચાલીને જવાનું ? ગરમીમાં માથા અને બરડા ફાટવા માંડ્યા ત્યાં ચાલીને કોણ જાય ? મોટા રેલ્વે નાળામાં હમણાં તો લોકો હોંશે હોંશે જાય જ છે. ત્યાં પણ હનુમાન મંદિર બાજુ રોડ બંધ

**રામલાલ**- શાંતિ રાખો. હવે અતુલ સોસાયટીથી રેલ્વેટ્રેક નીચેથી સરળતાથી પસાર થવાની ઘડીઓ ગણાઈ રહી છે. બીજો એક અન્ડરબ્રિજ તૈયાર થઈ જવાનો.

**શ્યામલાલ**- હવે એ જ આશા છે કે બજાર રોડ અને વાપી દમણ રોડ નજીક કોઈ ઢંગનો રસ્તો તો બનશે. બાકી વાપી દમણ રોડ પર થનાર રેલ્વે ઓવરબ્રીજને લાગેલું ગ્રહણ ક્યારે દૂર થશે ? એની તો એલન મસ્કને પણ ખબર નથી.



આસપાસ

- ગિરિશ પટેલ, વાપી

**રામલાલ**- એ એક્સ વેચવામાં પડ્યા છે. બ્રિજોની બોરિંગ વાતો સિવાયની વાતો કર, મારા ભઈ ! બ્રિજની વાતો સાંભળીને હવે માથું ફાટે છે.

**શ્યામલાલ**- માથાનું છોડ ! આ હમણાંના લોકોના ખભા કેમ દુખે છે ? જેને પુછો એને ફ્રોઝન સોલ્ડરની જ વાત કરે છે. ગળાની પાછળના ભાગે પણ દુઃખાવાની સતત વાતો સંભળાય છે.

**રામલાલ**- એ વાત તો સાચી છે. જાણીતી હોસ્પિટલના ફિઝિયોથેરાપીના ડિપાર્ટમેન્ટમાં પણ બધા ખભાના દુખાવાની જ ટ્રીટમેન્ટ કરતા દેખાય છે.

**શ્યામલાલ**- પહેલા કોરોના આવેલો, હમણાં શિયાળામાં દોઢ મહિનાની શરદી ખાંસીમાં ખોં ખોં કરી લોકોના ગળા દુખી ગયા, કફ નિકળતો નહોતો અને ખાંસી અટકતી નહોતી, ત્યારે વાયરલ વાયરલ કરી ડોકટરો સમજાવતા હતા. હવે ખભાના દુખાવાની સિઝન આવી છે. હાથમાં ઈંજેકશનો ઘોંચે ત્યાં જ દુખાવો થાય છે.

**રામલાલ**- હા, ભાઈ ! અમારી આસપાસના વિસ્તારમાં પણ આ જ સ્થિતિ જોવા મળે છે. દશમાંથી છ જણાં ખભાના દુખાવાની ફરિયાદ કરે છે.

**શ્યામલાલ**- વીટામીન બી બાર ઓછું કહી ને ઘણાએ તો ઈંજેક્શનો પણ ઘોંચી ઘાલ્યા, તોય ખભાનો દુઃખાવો ઓછો ના થયો. દુખાવાની અને વિટામિનની ગોળીઓનો રાઉન્ડ પૂરો કર્યો, તો પણ કોઈ ફર્ક ના પડ્યો.

**રામલાલ**- ડાયાબિટીસના સંભવિત દર્દીઓને સૌથી પહેલા ખભા દુખવા માંડે

**શ્યામલાલ**- તંબૂરો ! ઘણાને આવી સલાહો મળતી ગઈ એટલે એ ફફડતો ફફડતો બ્લડ ટેસ્ટમાં સુગર ચેક કરાવવા દોડ્યા તો સુગર ના દેખાઈ અને ખભાના દુખાવામાં રાહત પણ ના દેખાઈ.

**રામલાલ**- તો પછી ખભાના દુખાવો કોઈ મસલ્સ ખેંચાઈ જતા પણ થઈ શકે.

**શ્યામલાલ**- તારા જેવા દોઢડાહ્યાઓની સલાહ સાંભળીને ઘણાં રોજેરોજ ફી ભરી ફિઝિયોથેરાપીના ક્લાસમાં પણ જઈ આવ્યા, હાથ અને ખભા મચેડી મચેડીને બીજા દુખાવા ઉભા કર્યા, પણ ખભાનો દુખાવો ઓછો થતો નહોતો.

**રામલાલ**- કિડીને પગનો દુખાવો નથી થતો કે હાથીને નથી વિચાર આવતો વજન ઘટાડવાનો. કરોળિયાને પડવા નો ડર નથી લાગતો કે સમડી ને નથી લાગતો ઊંચાઈનો ડર.

**શ્યામલાલ**- ડોબા ! મારા ખભાના દુખાવાની વાત કર

**રામલાલ**- હરણને ઘુંટણનો દુખાવો થતો નથી કે સાપને નથી સરકવાનો કંટાળો.

સિંહને શિકારની કદી ચિંતા નથી કે જિરાફને થતો નથી કદી મણકાનો ઘસારો.

પાણીમાં પડી રહેતી ભેંસને થતી નથી શરદી કે ઊભા ઊભા જીવનાર ઘોડા ને લાગતો નથી થાક.

**શ્યામલાલ**- ભાઈ, શરદી અને ખાંસીની સીઝન જતી રહી છે. ગળાની તકલીફ પણ દૂર થઈ ગઈ છે. ગરમીમાં થાક લાગે છે.

**રામલાલ**- ટહુકા કરવામાં કોયલનુ ગળુ બેસતું નથી કે પક્ષીઓને જોઈતો નથી બાપનો તૈયાર માળો

**શ્યામલાલ**- ભારતમાં તો બાપનો તૈયાર માળો હોય તો સારું, બાકી એક માળો બનાવવામાં એક જીંદગી ઓછી પડે.

**રામલાલ**- આપણને જ. ભય-ચિન્તા-ડર-કંટાળો-ઘસારો, તૈયાર વસ્તુઓ, ભોગ-રોગ-થાક શું કામ ? આપણે મનની પશુતા છોડી પશુ પક્ષીઓ ની જેમ સહજ.. સરળ જીવીએ તો..??

**શ્યામલાલ**- ઓ મોગલી !! જંગલમાં જઈને રહેવાની વાત શું કામ કરે છે ?

**રામલાલ**- જંગલમાં નથી જવું તો પછી ચાલો એક વાર અહીં જ જીવવાનો પ્રયત્ન તો કરી જોઈએ....વિચારો કે મને અદભુત શરીર આપનાર હે પરમેશ્વર !! કોઈ અરજી નહોતી કરી કે નહોતી કોઈની ભલામણ હતી, એવુ કોઈ અસામાન્ય કામ પણ નથી છતા

માથાનાં વાળથી લઈ અંગૂઠા સુધી ૨૪ ક્લાક ભગવાન તું રકત પ્રવાહિત કરે છે.

**શ્યામલાલ**- તું તો બ્લડ સર્ક્યુલેશનની વાત કરે છે.

**રામલાલ**- જો ભઈ ! જીભ પર નિયમિત લાળ અભિષેક કરે છે. નિરંતર કોઈ અદૃશ્ય શક્તિ મારું 'હૃદય' ચલાવે છે. એને ચલાવવાવાળું એવું કયું યંત્ર તે ફીટ કર્યુ છે, ભગવાન ?.

**શ્યામલાલ**- સ્વર્ગમાંથી હૃદય મુકી આપે છે. પૃથ્વીલોકમાં તો સ્ટેન્ટ ખાનગી હોસ્પિટલવાળા મુકી જ દે છે. હૃદય ચેક કરવા જાવ એટલે સમજાવીને સ્ટેન્ટ પણ ફ્રી મુકી જ આપે છે.

**રામલાલ**- પગના નખથી લઈ માથાના વાળ સુધી કોઈ અડચણ વગર સંદેશા વહન કરવાવાળી પ્રણાલી...કઈ અદ્રશ્ય શકિતથી ચાલી રહી છે એજ કાઈ સમજાતું નથી.

હાડકા ને માંસમાં બનવાવાળું 'રક્ત' કેવુ અદ્વિતીય આર્કિટેકચર છે એનો કોઈ અંદાજ નથી. હજાર-હજાર મેગા પિક્સલ વાળા બે- બે કેમેરા દિવસ - રાત બધા દ્રશ્યો કેદ કરી રહ્યાં છે.

**શ્યામલાલ**- વાત તારી વિચારવા જેવી છે.

**રામલાલ**- તો શું ! દસ હજાર ટેસ્ટ કરવાવાળી 'જીભ' નામની ટેસ્ટર, અગણિત સંવેદનાનો અનુભવ કરવાવાળી ત્વચા નામની સેન્સર પ્રણાલી ક્યાંથી આવી હશે ? જુદી જુદી ફ્રીકવંસીની 'અવાજ ઉત્પન્ન કરવાવાળી સ્વર પ્રણાલી' અને એ ફ્રીકવંસીનું 'કોડિંગ-ડિકોંડિંગ' કરવાવાળા 'કાન' નામના યંત્ર, વાહ અદભુત છે..

**શ્યામલાલ**- આપણે કુદરતી જીભને કાતર બનાવીએ છીએ.

**રામલાલ**- ૭૫ ટકા પાણી ભરેલું શરીર રૂપી ટેન્કરમાં ચામડી ઉપર લાખો છિદ્ર હોવા છતાં ક્યાંયથી લીક નથી થતું. 'કોઈ આધાર વગર' હું ઊભો રહી શકું છું.. ગાડીનાં 'ટાયર' ઘસાય છે, પણ પગનાં 'તળિયા' !

**શ્યામલાલ**- એ વાત તો સાવ સાચી કે પગનાં તળિયાં ક્યારેય ઘસાતા નથી. ગજબ કહેવાય ને !!

**રામલાલ** - કેવી અદ્દભૂત એવી રચના છે.

'દેખભાળ, સ્મૃતિ, શકિત, શાંતિ આ બધું ભગવાન તું આપે છે' તું જ અંદર બેસીને 'શરીર' ચલાવે છે.

**શ્યામલાલ**- અરે ભઈ, આ તો બધું અદભુત છે. બધું વિશ્વનિય છતાં અવિશ્વસનીય. સમજમાં ના આવે તેવાં શરીર રુપી મશીનમાં હંમેશા ભગવાન જ હશે ને !

**રામલાલ**- જોયું, તે ખભાના દુખાવાની વાત શરૂ કરી અને સામે મેં અદ્ભુત શરીર રચનાની

વાત કહી. ભૂલી ગયો ને તારા ખભાનો સતત દુખાવો.

**શ્યામલાલ**- તંબૂરો ! વિચારો અને વાતો સારી છે, પણ ખભાના સતત દુખાવાથી રાત્રે ઊંઘ નથી આવતી એટલે દિવસે ઝોંકા આવે છે. એડવાન્સ મેડિકલ સાયન્સથી તો થાક્યા, ભઈશાબ !

**રામલાલ**- એક્યુપ્રેશર અને એક્યુપંક્ચર ટ્રાય કરી જો ! જુના જમાનામાં નાડીવૈધ આવા આંતરિક દુખાવાની તાત્કાલિક સારવાર કરી આપતા હતા. શોધવા માંડો કોણ કરે છે ? એક્યુ-શર અને એક્યુપંક્ચર. દવા તો શું , દારૂ પીવાથી પણ ખભાનો દુખાવો જશે નહીં.

## સ્પોર્ટ્સ - સમાચાર

### રાજસ્થાનની પ્રથમ જીત પણ કેપ્ટનને મળી સજા

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૩૧

રાજસ્થાન રોયલ્સ ટીમે રવિવારે ચેન્નાઈ સુપર કિંગ્સને હરાવીને ૨૦૨૫ સીઝનની પ્રથમ જીત નોંધાવી હતી. રિયાન પરાગની કેપ્ટન્સીમાં ટીમે પ્રથમ વખત જીત મેળવી હતી. આ જીત બાદ રિયાન પરાગને મોટું નુકસાન થયું છે.



રિયાન પરાગ IPLની પ્રથમ ત્રણ મેચોમાં રાજસ્થાન રોયલ્સનો કેપ્ટન હતો કારણ કે નિયમિત કેપ્ટન સંજુ સેમસનને આંગળીની સર્જરી પછી BCCI દ્વારા વિકેટકીપિંગ કરવાની મનાઈ કરવામાં આવી હતી. તેથી તે આ મેચોમાં માત્ર બેટ્સમેન તરીકે રમ્યો હતો.

મુંબઈમાં ઈંગ્લેન્ડ સામેની ટી૨૦ મેચ દરમિયાન સેમસંગની આંગળીમાં ફ્રેક્ચર થયું હતું, જે બાદ તેને નાની સર્જરી કરાવવી પડી હતી. તેને બેટિંગ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. કેપ્ટન તરીકે પ્રથમ જીત બાદ રિયાન પરાગને IPL દ્વારા સજા આપવામાં આવી છે. રિયાન પરાગની ટીમ રાજસ્થાન રોયલ્સે પોતાની ઓવરો સમયસર પૂરી કરી ન હતી. આ કારણે હવે તેને IPL દ્વારા દંડ ફટકારવામાં આવ્યો છે.

IPLએ તેના સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે, આઈપીએલ આચાર સંહિતાની કલમ ૨.૨૨ હેઠળ આ તેની ટીમનો સીઝનનો પ્રથમ ગુનો હતો, જે ન્યૂનતમ ઓવર-રેટના અપરાધો સાથે સંબંધિત છે, તેથી પરાગને રૂપિયા ૧૨ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

### હાર્દિક પંડ્યાને ધીમી ઓવર રેટ માટે ૧૨ લાખ રૂપિયાનો દંડ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૩૦:

શનિવારે રમાયેલી IPL મેચમાં ગુજરાત ટાઇટન્સ (GT)એ મુંબઈ ઈન્ડિયન્સ (MI)ને ૩૬ રને હરાવ્યું હતું. મુંબઈ ઈન્ડિયન્સને IPL 2025 સિઝનમાં તેમની શરૂઆતની બંને મેચોમાં હારનો સામનો કરવો પડ્યો છે. ગુજરાત ટાઇટન્સ સામેની હારના દુઃખ વચ્ચે, મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યા માટે અચાનક એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. હાર્દિક પંડ્યાને તેની એક ભૂલને કારણે નુકસાન વેઠવું પડ્યું છે.



મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાને ગુજરાત ટાઇટન્સ સામેની IPL મેચ દરમિયાન ધીમી ઓવર રેટ માટે ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. મુંબઈ ઈન્ડિયન્સ ટીમની સજા એકલા હાર્દિક પંડ્યાને જ ભોગવવી પડશે. IPLએ એક પ્રેસ રિલીઝ જારી કરીને કહ્યું કે મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાને ધીમી ઓવર રેટ માટે દંડ ફટકારવામાં આવ્યો છે. નિવેદન અનુસાર, આઈપીએલ ૨૦૨૫ની સિઝનમાં ધીમી ઓવર રેટથી સંબંધિત અપરાધો મામલે આઈપીએલ આચાર સંહિતાના નિયમ ૨.૨ હેઠળ તેની ટીમનો આ પહેલો ગુનો હતો, તેથી હાર્દિક પંડ્યા પર ૧૨ લાખ રૂપિયાનો દંડ લગાવવામાં આવ્યો છે. આ મેચમાં ગુજરાત ટાઇટન્સે પ્રથમ બેટિંગ કરતા અમદાવાદની પીચ પર ૧૯૬ રન બનાવ્યા હતા. ટાર્ગેટનો પીછો કરતી વખતે મુંબઈ ઈન્ડિયન્સને સંઘર્ષ કરવો પડ્યો હતો અને આખરે તેમની ટીમ ૬ વિકેટે ૧૬૦ રન જ બનાવી શકી હતી. ગુજરાત ટાઇટન્સે વર્તમાન IPL સિઝનમાં તેમની પ્રથમ જીત નોંધાવી છે. મુંબઈ ઈન્ડિયન્સની આ સતત બીજી હાર હતી અને ટીમ હજી પોઈન્ટ્સનું ખાતું ખોલી શકી નથી. મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાએ ગુજરાત ટાઈટન્સ સામેની હાર બાદ સ્વીકાર્યું કે તેની ટીમે ઘણી ભૂલો કરી છે. મેચ બાદ હાર્દિક પંડ્યાએ કહ્યું કે, કેટલીક ભૂલો થઈ, અમે મેદાનમાં પૂરતા પ્રોફેશનલ નહોતા, જેના કારણે અમે કદાચ ૨૦-૨૫ રનથી હારી ગયા. તેમણે પાવરપ્લેમાં સારું પ્રદર્શન કર્યું, તેઓ ઘણા જોખમી શોટ રમ્યા નહોતા, તેઓએ ઘણા રન બનાવ્યા અને અમને બેકફૂટ પર લાવી દીધા.

## CBSEએ ધોરણ-૯થી ૧૨ માટે નવો અભ્યાસક્રમ જાહેર કર્યો

> વિદ્યાર્થીઓ નવો અભ્યાસક્રમ સીબીએસઈની સત્તાવાર વેબસાઈટ cbseacademic.nic.in જોઈ શકશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૩૦ :

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ(CBSE)એ ૨૦૨૫-૨૬ શૈક્ષણિક સત્ર માટે ધોરણ ૯, ૧૦, ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓનો નવો અભ્યાસક્રમ જાહેર કર્યો છે. વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો નવો અભ્યાસક્રમ સીબીએસઈની સત્તાવાર વેબસાઈટ cbseacademic.nic.in જોઈ શકશે. CBSEના એકેડેમિક ડિરેક્ટર ડૉ.પ્રજ્ઞા એમ.સિંહે કહ્યું કે, 'નવા આ અભ્યાસક્રમ શૈક્ષણિક સામગ્રી, પરીક્ષા માટેનો અભ્યાસક્રમ, શીખવાના પરિણામો, ભલામણ કરેલ શૈક્ષણિક પ્રથાઓ અને મૂલ્યાંકન માળખા પર વિગતવાર દિશા-નિર્દેશ જાહેર કરાયા છે.' સીબીએસઈએ શાળાઓને અભ્યાસક્રમની માર્ગદર્શિકાઓનું પાલન કરવા અને વિદ્યાર્થીઓની જ્ઞાનાત્મક સમજ વધારવા માટે પ્રાયોગિક શિક્ષણ, કૌશલ્ય-આધારિત મૂલ્યાંકન અને આંતરશાખાકીય અભિગમને એકીકૃત કરવા નિર્દેશ આપ્યો છે. શાળાઓને રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (NCF) ૨૦૨૩ હેઠળ શિક્ષણની વિવિધ જરૂરિયાતોને પૂરી કરવા માટે યોગ્ય શિક્ષણ પદ્ધતિઓ અપનાવવા તેમજ પ્રોજેક્ટ-આધારિત શિક્ષણ, તપાસ-સંચાલિત અભિગમ અને તકનીકી શિક્ષણના પ્રોત્સાહન પર ધ્યાન કેન્દ્રિત કરવા કહેવામાં આવ્યું છે.

સીબીએસઈએ ૨૦૨૬થી ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ વર્ષમાં માટે બે વખત પરીક્ષાનું આયોજન કરવા માટે ડ્રાફ્ટ જારી કર્યો છે. જો આ વ્યવસ્થા લાગુ થઈ જશે તો આ બાબત વર્તમાન શૈક્ષણિક સિસ્ટમમાં અનેક મહત્ત્વના ફેરફારનું કારણ બની શકે છે. નવી વ્યવસ્થા બાદ પાસ થયા બાદ પ્રમાણપત્ર જારી કરવામાં નહીં આવે અને જો વિદ્યાર્થી બીજી પરીક્ષામાં ગેરહાજર ન રહે તો તેઓ ડિગી લૉકર્સના માધ્યમથી પ્રદર્શનના આધારે ધોરણ-૧૧માં પ્રવેશ લેવા માટે પ્રયાસ કરી શકશે. બીજી પરીક્ષા આપ્યા બાદ જ સર્ટિફિકેટ આપવામાં આવશે. જો વર્ષમાં બે વખત પરીક્ષાનો નિયમ લાગુ થઈ જશે તો ધોરણ-૧૦ની બોર્ડ પરીક્ષાની ફીમાં વધારો કરવામાં આવશે. આ ઉપરાંત શાળાઓએ પરીક્ષા માટે ઉમેદવારોની યાજી જમા કરવવાની રહેશે.

નવી વ્યવસ્થા હેઠળ બોર્ડ દ્વારા માત્ર એક જ પ્રેક્ટિકલ પરીક્ષા/આંતરિક મૂલ્યાંકન કરવામાં આવશે. જો કોઈ વિદ્યાર્થી પ્રથમ પરીક્ષામાં નાપાસ થાય તો તેને ધોરણ-૧૨માં કામચલાઉ પ્રવેશ મળી શકશે, પરંતુ તેમનો પ્રવેશ બીજી પરીક્ષાના પરિણામના આધારે નક્કી કરવામાં આવશે.

અભ્યાસક્રમ આવી રીતે કરો ડાઉનલોડ

સૌ પ્રથમ સત્તાવાર વેબસાઈટ www.cbse.gov.in પર જાઓ.

શૈક્ષણિક વેબસાઇટનો વિકલ્પ પસંદ કરો.

'શૈક્ષણિક' વિભાગમાં અભ્યાસક્રમની લિંક પર ક્લિક કરો.

નોટિસની PDF સ્ક્રીન પર ખુલશે, તેમાં કોર્સની લિંક પર ક્લિક કરો.

ધોરણ-૯-૧૦ અથવા ધોરણ-૧૧-૧૨ ના વિકલ્પ પર ક્લિક કરો.

અભ્યાસક્રમના પેજ ખુલશે, જેને ધ્યાનથી વાંચો

તમે અભ્યાસક્રમની પ્રિન્ટ આઉટ લઈ શકો છો અને તેને રાખી શકો છો.

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરોઃ જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ ફોન-ફેક્સઃ (૦૨૬૩૨) ૨૪૪૩૧૦

# વલસાડ પાલિકાના વોર્ડ નં.૨માં ૪ લાખના ખર્ચે બંદર ક્રોસિંગ પુલનું ખાતમુહૂર્ત કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** વલસાડ નગરપાલિકા ના વોર્ડ નંબર ૨ માં આવેલા વલસાડ પારડી વાડી ફળિયા યાદવ નગર પાસે ચાર લાખના ખર્ચે નાનો ક્રોસિંગ પૂલનું ખાતમુહૂર્ત પાલિકાના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

વલસાડ નગરપાલિકાના વોર્ડ નંબર ૨ વલસાડ પારડી વાડી ફળિયા યાદવ નગર પાસે ચોમાસા ની સિઝનમાં વિસ્તારમાં રહીશોને અવરજવર કરવામાં ભારે તકલીફ પડતી હતી જે બાબતે પાલિકામાં રજૂઆત પણ કરવામાં આવી હતી. જે રજૂઆતને ધ્યાનમાં લઈને પાલિકા દ્વારા વર્ષ ૨૦૨૪ ૨૫ ના વર્ષમાં આશરે રૂપિયા ૪ લાખના ખર્ચે આ વલસાડ પારડી વાડી ફળિયા યાદવ નગર પાસે નાનો ક્રોસિંગ પુલ નું ખાતમુહૂર્ત પાલિકા ના નવા ચૂંટાયેલા સભ્યોના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ખાતમુહૂર્ત પ્રસંગે વલસાડ નગર પાલિકાના વોર્ડ નંબર ૨ ના સભ્યો ગૌરી હિતેશ રાણા,ઉર્વશી પટેલ, ભરત પટેલ અને અમિત ભાઈ દેસાઈ તથા માજી સભ્ય હિતેશ રાણા તથાં મોટી સંખ્યા માં વિસ્તાર ના રહીશો ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડમાં 'મિશન મિલાપ' હેઠળ ચારનો પરિવાર સાથે મિલાપ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** વલસાડ જિલ્લા પોલીસના મિશન મિલાપ કાર્યક્રમ હેઠળ વલસાડ સીટી પોલીસની ટીમે એક બાળકી બે મહિના અને એક પુરુષ મળી કુલ ચાર વ્યક્તિઓને શોધી કાઢી પરિવાર સાથે મિલન કરાવતા પરિવારમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

વલસાડ જિલ્લા પોલીસ વડા ડૉ. કરનરાજ વાઘેલાની સૂચના અને માર્ગદર્શન હેઠળ વલસાડ સીટી પીઆઇ ડી ડી પરમાર અને તેમની ટીમે વલસાડ સીટી પોલીસ મથકમાં દરમિયાન ગઈ તારીખ ૨૮/૦૨/૨૦૨૫ ના રોજ દિલીપ ગુલાબ તોલાની,ઉ.વ-૪૨, રહે ૪૦૫,ગુરુકૃપા એપાર્ટમેંટ, શેઠીયાનગર, કૈલાશરોડ, વલસાડનાઓ પોતાની પત્ની સાથે કોઈ વાતે બોલાચાલી થતા ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગયો હોવાનો બનાવ બન્યો હતો જે અંગે તેમની પત્ની નિલમબેન દિલીપ તોલાનીની લઈ વલસાડ સીટી પોલીસ સ્ટેશનમાં ગુમ થવા અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે તેને શોધી કાઢી પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

બીજા બનાવમાં ગઈ તારીખ ૨૪/૦૩/૨૦૨૫ ના રોજ સૈયોની પંકજભાઈ ટંડેલ,ઉ.વ-૨૫, રહે માછીવાડ કોસંબા સહજાનંદ સ્ટ્રીટ નાઓ ડ્રીપ્રેશનમાં આવી ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગઈ હોવા અંગે તેમની માતા અંજનાબેન નાઓએ વલસાડ સીટી પોલીસ સ્ટેશન માં ગુમ થવા અંગેની ફરિયાદ નોંધાવી હતી. વલસા સીટી પોલીસની ટીમે ટેકનિકલ્સ ના આધારે ગુમ થનાર સૈયોની શ્રીમદ રામચંદ્ર હોસ્પીટલ, ધરમપુર થી શોધી કાઢી તેમના પરીવાર સાથે મિલન કરાવ્યું હતું.

ત્રીજા બનાવમાં ગઈ તારીખ ૨૭/૦૩/૨૦૨૫ ના રોજ સલોનીબેન કલ્પેશભાઈ ખત્રી, ઉ.વ.૨૯, નાની ખત્રીવાડ, સોનેરી દુકાનના સામે, વલસાડનાઓ કોઈ અગમ્ય કારણસર ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગઈ હતી જે અંગે પતિ કલ્પેશકુમાર શશીકાંત ખત્રી એ વલસાડ સીટી પોલીસ સ્ટેશનમાં ગુમ થવા અંગે જાણવાજોગ ફરિયાદ આપી હતી

જે આધારે પોલીસે આગળની તપાસ હાથ ધરી હ્યુમન સોર્સ તથા ટેકનીકલ સર્વેલંસના આધારે ગુમ થનારને મુંબઈ થી શોધી કાઢી તેમના પરીવાર સાથે પુનઃમીલન કરાવ્યુ હતું. ચોથા બનાવવામાં ગઈ તારીખ ૨૯/૦૩/૨૦૨૪ ના રોજ બપોરે ૧:૫૦ કલાકે વલસાડ શહેરના અબ્રામા માં રહેતી ૧૭ વર્ષીય સગીરા ઘરેથી કોઈને કહ્યા વગર ચાલી ગયેલ હતી. માતાએ રાત્રે ૮:૦૦ કલાકે પોતાની દીકરી ઘરેથી ચાલી જવા અંગે વલસાડ સીટી પોલીસ મથકમાં જાણવાજોગ ફરિયાદ નોંધાવી હતી. આ બનાવની પોલીસે ગંભીરતાને ધ્યાનમાં લઈ સગીર વયના બાળ-કિશોરીને શોધી કાઢવા માટે વલસાડ સીટી મથકના પીઆઇ ડી.ડી. પરમાર ના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પીએસઆઇ ડી.એસ.પટેલ અને સર્વેલન્સ સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી સગીરાને શોધી કાઢવા માટે CCTV કેમેરા, હ્યુમન સોર્સિસ, સોશીયલ મીડીયા મારફતે તપાસ શરૂ કરી હતી. ગુમ થયનાર ૧૭ વર્ષીય સગીરા સુરતમાં હોવાની માહિતીના આધારે ગુમ થનાર બાળકીને માત્ર બે કલાકમાં શોધી કાઢી તેમના પરીવાર સાથે પુનઁમીલન કરાવી વલસાડ સીટી પોલીસ દ્વારા પ્રશંશનીય કામગીરી કરેલ છે.

# રાબડાના માં વિશ્વંભરી તીર્થયાત્રા ધામ ખાતે ચૈત્રી નવરાત્રી મહોત્સવ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** વલસાડ તાલુકા ના રાબડા ગામે આવેલા માઁ વિશ્વંભરી તીર્થયાત્રા ધામમાં દર વર્ષે ચૈત્રી નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન થાય છે. આ વર્ષે પણ આ મહોત્સવ અત્યંત ધામધૂમથી અને આધ્યાત્મિક ઉલ્લાસ સાથે ઉજવાઈ રહ્યો છે. નવરાત્રી દરમિયાન રોજ સવારના ૮:૦૦ વાગ્યાથી ૧૨:૩૦ વાગ્યા સુધી મહામૃત્યુંજય યજ્ઞ સંપન્ન થાય છે, જેમાં વૈદિક શાસ્ત્રોના અનુરૂપ વિધિપૂર્વક વિશેષ સાધનામય આહુતિઓ આપવામાં આવે છે. આ યજ્ઞમાં સહભાગી બનીને હજારો ભક્તો પોતાની આધ્યાત્મિક પ્રગતિનો અનુભવ કરી રહ્યાં છે.

રાત્રિના ૯ થી ૧૧ વાગ્યા દરમિયાન વૈદિક પરંપરા અનુસાર અત્યંત સુંદર, અદ્ભુત અને અલૌકિક રાસ-ગરબાના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. નવરાત્રીના પ્રથમ દિવસે આ દિવ્ય કાર્યક્રમ નિહાળવા દેશના વિવિધ રાજ્યોમાંથી તેમજ વિદેશથી પણ ભક્તજનો અને શ્રદ્ધાળુઓનું વિશાળ મહેરામણ ઉમટી પડ્યું હતું. જે તમામ ભક્તોએ મહાશક્તિની આરાધના કરીને આત્મીય આનંદ અને ધન્યતાનો અહેસાસ કર્યો હતો.

ભારતના ઋષિમુનિઓએ સ્થાપિત અને ત્રેતાયુગમાં પ્રભુ શ્રીરામ દ્વારા ચરિતાર્થ કરાયેલ સનાતન વૈદિક સંસ્કૃતિ, જે હાલના સમયમાં લગભગ વિસરાઈ ગયેલી જણાય છે, તેને પુનઃસ્થાપિત કરવા માટે માં વિશ્વંભરી તીર્થધામના સંસ્થાપક શ્રી મહાપાત્ર સતત પ્રયત્નશીલ છે. ખાસ કરીને નવી પેઢીને આ વૈદિક સંસ્કૃતિનું મહત્વ સમજાવવું અને તેની ઉજ્જવળ પરંપરાઓથી પરિચિત કરાવવું એ આ કાર્યક્રમનું મુખ્ય ધ્યેય છે.

આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર દીકરીઓને રાસ-ગરબા કરતાં જોઇ ઉપસ્થિત ભક્તોને સાક્ષાત શક્તિઓ સ્વયં અલૌકિક રાસ-ગરબા કરી રહી હોય તેવો દિવ્ય અનુભવ થયો હતો. આ અદ્ભુત દ્રશ્યથી પ્રભાવિત થઈને સૌ ભક્તજનોને આનંદનો અભૂતપૂર્વ અનુભવ -ાપ્ત થયો હતો.

# કાપરિયામાં રક્તદાન યજ્ઞ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** વલસાડ તાલુકાના કાપરિયા મુકામે ચોસઠ જોગણી માતાજીના પાટોત્સવ નિમિત્તે ચોસઠ જોગણી નવયુવક મંડળ કાપરિયા, પાર્થ ટ્રેડર્સ વાપી, સાકાર જીવન વિકાસ ટ્રસ્ટ મુંબઈ તથા રૅનબૉ વૉરિયરર્સ ના સંયુક્ત ઉપક્રમે રકતદાન યજ્ઞ યોજાયો હતો જેનું ઉદ્ઘાટન પાર્થ ટ્રેડર્સ વાપીના ફાઉંડર પાર્થિવ મહેતા તથા ઊર્મિલાબેન પટેલ, હિતેન્દ્ર દેસાઈ, જસવંત સિંહ ઠાકોરના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યું હતું. ચોસઠ જોગણી નવ યુવક મંડળ છેલ્લા પંદર વર્ષ થી માતાજી ના પાટોત્સવ -સંગે રકતદાન યજ્ઞ યોજી ધાર્મિક સામાજિક સેવાનું અનોખું ઉદાહરણ પૂરું પાડે છે. જેમાં ગામના યુવાનો આગેવાનો એ ખુબ જ ઉત્સાહ પૂર્વક રકતદાન યજ્ઞમાં આહૂતી અર્પી હતી.

આ -સંગે કિરણ દેસાઈ, -બોધ ઠાકોર શિક્ષક, હિનલ પટેલ (વાઈમેક્સ ઇન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર ધરમપુર) ઉપસ્થિત રહી રકતદાતા ઓને પ્રોત્સાહિત કર્યા હતા. રક્તદાતાઓને પાર્થ ટ્રેડર્સ વાપી, સાકાર જીવન વિકાસ ટ્રસ્ટ મુંબઈ તથા રેનબા વૉરિયરર્સ ધરમપુર તરફથી પ્રોત્સાહક ભેટ આપવામાં આવી હતી.

# વલસાડમાં શ્રીરામ કથાનો ૪ એપ્રિલથી પ્રારંભ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** વલસાડ શહેરના તિથલ રોડ પર સરદાર હાઈટ સોસાયટીમાં આવેલા શ્રી સર્વેશ્વર મહાદેવ મંદિર મા આગામી તા. ૪ એપ્રિલના રોજ થી શ્રી રામ કથા જાણીતા કથાકાર પ્રફુલભાઈ શુક્લા કથા નો રસપાન કરાવશે.

વલસાડ શહેરના તિથલ રોડ પર સરદાર હાઈટમાં આવેલા શ્રી સર્વેશ્વર મહાદેવ મંદિર પટાંગણમાં આગામી ૪/૪/ ૨૦૨૫ ના રોજ થી રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રામ કથા તારીખ ૧૨ /૪ /૨૦૨૫ ના રોજ કથાને વિરામ આપશે. કથા જાણીતા કથાકાર પ્રફુલભાઈ શુક્લના મુખે ૮૮૧ મી મી મુખે મર્યાદા પુરુષોત્તમ શ્રી રામની જીવનગાથા નો રસપાન કરાવશે. કથામાં આચાર્ય માક્ષિતભાઈ રાજ્યગુરુ પ્રથમ દિવસના મનોરથી કૌશિકભાઈ નાનુભાઈ ટંડેલ (ભાગડાવાડા, કોસંબા) મુખ્ય યજમાન જનેશભાઈ કાપડીયા, જીગરભાઈ ભાનુશાલી, જીતેનભાઈ સુરતી (સરદાર હાઈટ્સ) અંબરીશભાઈ મિસ્ત્રી, તુષારભાઈ સોમૈયા ઓ ઉપસ્થિત રહેશે. કથા દરરોજ સાંજે ૪ થી ૦૭ વાગ્યા સુધી ચાલશે. કથા દરમિયાન દરરોજ રામાયણનો દશાંશ યજ્ઞ કરવામાં આવશે.

# વલસાડ પાલિકાની વિવિધ કમિટી અંગે ૩ એપ્રિલે સામાન્ય સભા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૩૧ :** વલસાડ નગરપાલિકાની બાકી રહેલી પાલિકાની વિવિધ કમિટીના ચેરમેન તેમજ સભ્યો ની ચૂંટણી અંગે આગામી ૩ એપ્રિલના રોજ વલસાડ નગરપાલિકાના સભાખંડમાં પાલીતા પ્રમુખની અધ્યક્ષ પણ આ હેઠળ સામાન્ય સભા રાખવામાં આવી છે.

વલસાડ નગરપાલિકાની ફેબ્રુઆરીમાં ચૂંટણી યોજાયા બાદ પાલિકા પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી થઈ હતી જે બાદ જિલ્લા ભાજપ સંગઠન દ્વારા કારોબારી ચેરમેન, શાસક પક્ષનેતા અને દંડક ની નિમણૂક કરવામાં આવી હતી. જોકે નગરપાલિકા ને વિવિધ કમિટીઓ ના ચેરમેન અને તેના સભ્યોની ચૂંટણી કરવાની બાકી હતી. જેના સંદર્ભે વલસાડ નગરપાલિકા પ્રમુખ માલતીબેન ટંડેલ ની અધ્યક્ષ પણ હેઠળ આગામી તારીખ ત્રણ ચાર ૨૦૨૫ ના ગુરુવારના રોજ સવારે ૧૧ કલાકે નગરપાલિકાના અટલ બિહારી બાજપાઈ સભાખંડમાં સામાન્ય સભા યોજાનાર છે. આ સભામાં તાઁ૧૫/૦૩/૨૦૨૫ ના રોજ મળેલ સમગ્ર સભાની કાર્યનોંધ વંચાયેલી ગણી મંજૂરી કરવા બાબત તેમજ ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ અન્વયેની કારોબારી કમિટી તથા નગરપાલિકાના આદર્શ નિયમ અન્વયે કમિટીઓમાં કારોબારી કમિટીના ચેરમેન અને સભ્યો, આરોગ્ય કમિટી ચેરમેન અને સભ્યો, વોટર વર્કસ કંટ્રોલિંગ કમિટીના ચેરમેન અને સભ્યો, એસ્ટાબ્લિસમેન્ટ કમિટીના ચેરમેન અને સભ્યો, ડિસ્પેન્સરી કમિટીના ચેરમેન અને સભ્યો ફાયર એન્ડ લાઈટ કમિટીના ચેરમેન અને સભ્યો, જાહેર બાંધકામ કમિટીના ચેરમેન અને સભ્યો, ટાઉન પ્લાનીંગ એન્ડ સીટી ઈમ્પ્રુવમેન્ટ કમિટીની ના ચેરમેન અને સભ્યો, કાયદા કમિટીના ચેરમેન અને સભ્યો, ટ્રેનેસ કમિટીના ચેરમેન અને સભ્યો, સમાજ કલ્યાણ કમિટીના ચેરમેન અને સભ્યો, શૈક્ષણિક કમિટીના ચેરમેન અને સભ્યો ફૂડ એન્ડ શોપ્સ એસ્ટાબ્લિશમેન્ટ કમિટીના ચેરમેન અને સભ્યો ની ચૂંટણી યોજવા માટે સામાન્ય સભા બોલાવવામાં આવી છે.




વલસાડ શહેરના તિથલ પર પાલિહીલમાં રહેતા જનય દર્શિત જાની (ઉ.વ. ૫.૫) ૪૩ જેટલા યુરોપીય દેશોની રાજધાનીના નામો સડસડાટ બોલી જાય છે. તેમની આ સિધ્ધિ માટે તેના પિતા દર્શિત અને માતા ડો. અમૃતા જાની તેને ચેન્નાઇની કલામ્સ વર્લ્ડ રેકોર્ડ સંસ્થામાં લઈ ગયા હતા. જ્યાં તેના પર્ફોમન્સ બદલ તેને યંગેસ્ટ ટુ રેસીટ ૪૩ યુરોપિયન કન્ટ્રી કેપિટલ ઈન ધ લીસ્ટ ટાઈમ બાઈ યંગ જીનિયસ કિડ તરીકે પુરસ્કૃત કરવામાં આવ્યો હતો. જેને લઈ તેના પરિવાર અને બ્રહ્મ સમાજમાં ખુશીની લહેર ફરી વળી હતી.

# વલસાડ ખાતે વુમન ડેની ભવ્ય ઉજવણી થઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** વલસાડ તાલુકાના ગુંદલાવમાં આવેલ ગ્રેટ વાઈટ ગ્લોબલ પ્રાઈવેટ લિમિટેડ માં દર વર્ષની જેમ આ વર્ષે પણ તારીખ ૮ માર્ચ ૨૦૨૫ શનિવારના રોજ આંતરરાષ્ટ્રીય વુમન્સ ડે ઉજવવામાં આવ્યો હતો કંપનીના -પ્રેસિડન્ટ સાગર જેટલી ના માર્ગ દરસન અનુસાર વુમન્સ ડે ઉજવવાનો હેતુ કંપનીમાં કામ કરતી વુમન નું એચિવમેન્ટ ને પ્રોત્સાહિત કરવાનું, જેન્ડર ઈક્વાલિટી, ચાલુ પડકારો વિશે જાગૃતિ આવે એ જ છે.. કંપની માં કામ કરતી લેડીઝ દ્વારા કેક કટીંગ કરી ઉજવણી કરવામાં આવી ત્યારબાદ એચઆર ટીમ દ્વારા વિવિધ રમતો રમાડી મનોરંજન કરાવ્યું હતું ત્યારબાદ તમામ ઉપસ્થિત લોકો માટે નાસ્તાનું આયોજન પણ કરેલ હતું આ વર્ષે કંપનીના ચેરમેન ડોક્ટર જાદવશાહ અને એમના ધર્મપત્ની જયવંતીબેન ની વિશેષ ઉપસ્થિતિથી તમામ લોકોમાં એક અનેરી ઊર્જાનો સંચાર થયો હતો. કાર્યક્રમના અંતે મેનેજમેન્ટ દ્વારા તમામ લેડીઝ ને એક સરપ્રાઈઝ ગિફ્ટ પણ આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા એડમીન અને એચ આર ટીમ એ ભારે જહેમત ઉઠાવી હતી.

# વલસાડમાં ચેટીચાંદની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૦ :** વલસાડમાં વસતા સિંધી સમાજ દ્વારા આજરોજ ચેટીચાંદ શ્રી ઝુલેલાલ ભગવાનની ૧૦૭૫મી જન્મજયંતિ સિંધી સમાજ દ્વારા ધૂમધામપૂર્વક ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે બાઈક રેલી વલસાડ શહેરના માર્ગો પરથી નીકળી ઝુલેલાલ મંદિરે પહોંચી હતી.

આજ રોજ સિંધી સમાજનું નવું વર્ષ એટલે કે ચેટીચાંદ, શ્રી ઝુલેલાલ ભગવાનની ૧૦૭૫મી જન્મજયંતિ સિંધી સમાજ દ્વારા ધૂમધામપૂર્વક ઉજવવામાં આવી હતી. જેમાં પૂજ્ય સિંધી પંચાયત પ્રમુખ કિશોરભાઈ મુલચંદાની, ઉપપ્રમુખ ખેમાણીભાઈ, મહારાજ જય કુમાર શર્મા તેમજ સેક્રેટરી કમલેશ અચરા અન્ય અન્ય સભ્યો દ્વારા વિશેષ કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. જેમાં સવાર ૮ વાગ્યે એક બાઈક રેલી કાઢવામાં આવી હતી. આ બાઈક રેલી સર્કિટ હોઉસ થી કાઢવામાં આવી હતી. જે ઝુલેલાલ મંદિરે પહોંચી હતી ત્યારબાદ સમાજના લોકોએ ભજન કીર્તન કરી ભગવાન ઝુલેલાલની પૂજા અર્ચના કરી જે બાદ શહેરના અલગ અલગ જગાઓ પર પ્રસાદ તરીકે શરબત વિતરણ નું આયોજન કરવામાં આવ્યું હતું.

જે બાદ સમાજ ના બાળકોએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરી લોકો ના મન મોહી લીધા હતા. તમને જણાવી દઈએ કે ચેટીચાંદ નું ઉજવણી કરવા સિંધી સમાજ નાં દરેકે દરેક વ્યક્તિ પોતાનો કામ ધંધો બંધ રાખી આ દિવસે મંદિર ની સેવામાં જોડાતો હોય છે..આ દિવસે મંદિર માં બપોરે મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવે છે આ જ દિવસે સિંધી સમાજ દ્વારા સાંજે ૬ વાગ્યે ઝુલુસ પણ કાઢવામાં આવશે જેને રામ રોટી ચોક થી શરુ કરી ખીમચંદ મુળજી સ્કૂલ થી ઔરંગા નદી પર પહોંચી પૂર્ણ કરવામાં આવશે અને ઔરંગા નદી પર પણ પ્રસાદનું વિતરણ કરવામાં આવશે.

# હાલરના પાદર દેવી માતાના મંદિરે ભાગવત જ્ઞાન યજ્ઞ સપ્તાહનો પ્રારંભ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** સેવાકાર્ય અને બધાના પિતૃઓને મોક્ષ પ્રાપ્ત થાય અને સમાજમાં મા પાદરદેવી ની કૃપા થાય એવા શુભ હેતુ થી મિલન ગ્રુપ હાલર દ્વારા પાદર દેવી માતાજી પાટોત્સવ નિમિત્તે શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

વલસાડના હાલર માં આવેલ મિલર ગ્રુપ હાલર દ્વારા પાદરદેવી માતાજી પાટોત્સવ નીમિત્તે શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહનો પ્રારંભ કરવામાં આવ્યો છે. શ્રીમદ ભાગવત જ્ઞાન યજ્ઞ સપ્તાહ ના વક્તા ગજુભાઈ શાસ્ત્રી વલસાડ ના કરાવશે. ભાગવત કથા તા. ૩૦-૦૩-૨૫ (રવિવાર) બપોરે ૨ કલાકે મુખ્ય યજમાન ના ઘરેથી શોભાયાત્રા નીકળશે. ભાગવત



કથાનાં તા. ૩૧-૦૩-૨૫ (સોમવાર), દત્ત પ્રાગટય ભજન સંધ્યા રાત્રે - ૮.૩૦ કલાકે તા. ૦૧-૦૪-૨૫ (મંગળવાર)નૃસિંહ પ્રાગટય શ્રી રંગ અવધૂત પરિવાર-વલસાડ દ્વારા દત્ત બાવની રાત્રે ૮.૦૦ કલાકે, તા. ૦૨-૦૪-૨૫ (બુધવાર) સવારે ૮.૩૦ કલાકે ''નવચંડીયજ્ઞ'' બપોરે ૧ કલાકે યજ્ઞની પૂર્ણાહુતિ, બપોરે ૪ કલાકે વામન પ્રાગટ્ય ,રામ પ્રાગટ્ય, કૃષ્ણ જન્મોત્સવ તા. ૦૩-૦૪-૨૫ (ગુરુવાર) નંદ મહોત્સવ (મટકી) ગોવર્ધન લીલા, ડાયરો - રાત્રે ૮.૩૦ કલાકે તા. ૦૪-૦૪-૨૫ (શુક્રવાર) રૂક્ષ્મણી વિવાહ ભજન સંધ્યા - રાત્રે ૮.૩૦ કલાકે તા. ૦૫-૦૪-૨૫ (શનિવાર) કથા વિરામ, મહાપ્રસાદ -સાંજે ૭.૦૦ કલાકે, તા. ૦૬.૦૪.૨૫ (રવિવાર) સત્સંગ ભજન કિર્તન રાખવામાં આવ્યો છે. આ શ્રીમદ ભાગવત કથા ને સફળ બનાવવા માટે નિતેશ ભાઈ વશી, ભાષીન ભાઈ દેસાઈ, ભરત ઉર્ફે કાનો પટેલ તથા હાલર મિલર ગ્રુપ દ્વારા ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# અટારની પીકેડી વિદ્યાલયમાં સ્કિલ કોમ્પિટિશન યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** વલસાડ તાલુકાના અટાર ગામે આવેલી પીકેડી વિદ્યાલયમાં ધોરણ નવ ૧૦ અને ૧૧ ના વિદ્યાર્થીઓ માટે સ્કિલ કોમ્પિટિશન યોજાઈ હતી. શાળાના ચાર ચાર વિદ્યાર્થીઓએ ૬ ગ્રુપ બનાવી પ્રોજેક્ટનું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું.



વલસાડ તાલુકાના અટાર ગામે આવેલી પી.કે.ડી. વિદ્યાલય માં નવી શિક્ષણનીતિ અંતર્ગત સ્કિલ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું બાળકો મા વ્યવસાયિક ખ્યાલ ઉભો થાય તથા બાળકો રોજગારી થી માહિતગાર થાય ઉપરાંત બ્યુટી અને વેલનેસ વિષય અને તેના વિષયાંગોને વર્કિંગ મોડેલ રૂપે શીખેસમજેતેવા શુભશયથી આકૌશલ્યોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ધોરણ ૯ અને ૧૦,૧૧ ના વોકેશનલ ટ્રેડના વિદ્યાર્થીઓએભાગ લીધો હતો. શાળાના બ્યુટી વેલનેસના યોગીતાબેન પટેલ એ માર્ગદર્શન આપે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યો. જેમાં શાળાના ચાર-ચાર વિદ્યાર્થીઓએ ૬ ગ્રુપ બનાવીને દરેક ગ્રુપ દ્વારા બનાવેલ પ્રોજેક્ટનું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું જેમાં મૂલ્યાંકન સમિતિના સભ્યોમાં મનીષાબેન દેસાઇ (ઈનરવિલ કલબ વલસાડ) નિર્ણાયક તરીકે મિતાબેન ભટ્ટ અને દિયાબેન દેસાઇ દ્વારા દરેક ગ્રુપનું મૂલ્યાંકન કરીને ગ્રુપ ૧ ને વિજેતા જાહેર કરવામાં આવ્યું હતું. કૌશલ્ય સ્પર્ધાના અંતે આચાર્યના હસ્તે વિજેતા ગ્રુપને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

# વલસાડનાં કચીગામમાં શિવ કથા સપ્તાહ જ્ઞાન યજ્ઞનો ૧૩મીથી પ્રારંભ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૧ :** વલસાડ તાલુકાના કચીગામે આવેલ શ્રી ધુમ્રવર્ણેશ્વર મહાદેવ મંદિરના લાભાર્થે ૧૩મી એપ્રિલના રોજ થી મંદિરના પટાંગણમાં શિવ કથા નોપ્રારંભ થશે.

વલસાડ તાલુકાના કચીગામે આવેલ શ્રી ધુમ્રવર્ણેશ્વર મહાદેવ મંદિરના પટાંગણમાં ત્રિવિધતાપ શમન કરનારી જ્ઞાન અને વૈરાગ્યરૂપી પાવન શિવ કથા આગામી તા. ૧૩.૦૪.૨૦૨૫ ના રવિવાર ના રોજ થી તા. ૧૯.૦૪.૨૦૨૫ ના શનિવાર સુધી ચાલનાર છે. પોથીયાત્રા તા. ૧૩.૦૪.૨૦૨૫ રવિવારનાં રોજ બપોરે ૨.૦૦ કલાકે સુરેશભાઈ બી. ઠાકોર ના ઘરેથી નિકળી વાજતે ગાજતે કથા સ્થાને જશે. કથાનો સમય દરરોજ રાત્રે ૭ થી ૧૦ કલાક સુધી રાખેલ છે.કથાના વ્યાસાસને સુપ્રસિધ્ધ શીવકથાકાર, માનસ મર્મજ્ઞ પૂ. શાસ્ત્રીજી હેમંતભાઈ વ્યાસ (ડાકોરવાળા) વ્યાસપીઠ પર બીરાજી સંગીતમય શૈલીમાં આધ્યાત્મ સભર કથાનું રસપાન કરાવશે, કથા શ્રવણનો લ્હાવો લેવા માટે કચીગામ તથા આજુબાજુના ભક્તોને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# અન્ય સમાચારો

Tuesday 01, April 2025
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Tuesday 01, April 2025

## રાજકીય નેતાઓને પગાર-ભથ્થાંમાં વધારા સામે વાંધો નથી હોતો!

મેરા ભારત મહાન કહી ગૌરવ લેતી પ્રજામાંથી મોંઘવારીની બૂમ કાયમ જ ઊઠે છે. પગાર વધારા માટે હડતાળ પ્રજા પાડે છે. એ રાજકીય હોદ્દા ધરાવનારે પાડવી પડતી નથી. કેમ કે સાંસદો કે ધારાસભ્યોના પગાર-ભથ્થાંમાં વધારો થઈને જ રહે છે, પણ અન્ય નોકરિયાતોને વધારો આપવામાં સરકારનો હાથ કાયમ તંગ રહે છે. સાંસદોનું પેન્શન સીધું ૬૦૦૦ વધીને, ૨૫૦૦૦,૩૧૦૦૦ થયું, તો કેટલાકને આજની તારીખમાં પગાર જ ૬૦૦૦ ન હોય તો તેનું પેન્શન કેટલુંક હોય તે સમજી શકાય એવું છે.

સત્તાધીશોને, પગાર કે ભથ્થાં વધારા માટે કારણો હાથવગાં હોય છે. ઘણી વાર તો પગાર કે ભથ્થાંમાં થતો માસિક વધારો કોઈ નોકરિયાતના માસિક પગાર કરતાં પણ વધારે હોય છે. આ વધારા માટે કોઈ સાંસદ કે ધારાસભ્ય ને વાંધો નથી હોતો, એટલું જ નહીં, ઢગલો વાંધાઓ પાડનાર વિપક્ષો પણ આ મામલે એક થઈ જાય છે. કોઈને આ વધારો ક્યારેય વધારે લાગતો નથી. હજી તો સાંસદોનો ૨૪ ટકા પગાર વધારો જાહેર જ થયો છે, ત્યાં ગુજરાત વિધાનસભા ગૃહમાં આપ પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા તથા કોંગ્રેસના ધારાસભ્ય ડૉ. તુષાર ચૌધરીએ તમામ ધારાસભ્યોની ઈચ્છાનો પડઘો પાડતા હોય તેમ પગારમાં તથા ગ્રાન્ટમાં વધારો કરવાની માંગ કરી છે, તે સાથે જ પૂર્વ ધારાસભ્યોને અન્ય રાજ્યોને અપાતાં પેન્શનની સમકક્ષ પેન્શન આપવાની માંગ દોહરાવાઈ છે. સરકાર પોતાના પેન્શનમાં જ ૬૦૦૦નો વધારો જરાય સંકોચ વગર કરી શકે, તો ૭૫ લાખથી વધુ વૃદ્ધોની જીવન નૈયા બેલેન્સ કરે એટલું થાય તોય ઉપકાર જ થશે. દેશભરના ૭૫ લાખથી વધુ, વિવિધ વર્ગના પેન્શનરોને ઈપીએફ-૯૫માં ૪૧૭, ૫૪૧, ૧૨૫૦ જેવું પેન્શન મળે છે, તે કેવી રીતે જીવતા હશે? તેઓ ૬૫-૭૦ની ઉંમરે આત્મનિર્ભર હોવા જોઈએ, પણ લાચાર છે, દયાપાત્ર છે. સંતાનો, ઓછાં પેન્શનિયાં માબાપને સાચવી લે તો નસીબ, બાકી, એટલાં પેન્શનમાં તો જીવવું ખુબ મોંઘું પડે એ સ્થિતિનો કોઈ ઉકેલ ક્યારે મળશે એ હજી પણ નક્કી નથી. નિવૃત્ત કર્મચારી મંડળે આવેદન આપી માસિક પેન્શન ૭૫૦૦ કરવા રજૂઆત કરી છે.

રાજકીય આગેવાનોને એ વાતનો પણ સંકોચ નથી કે પૂર્વ સાંસદોની ટર્મ પૂરી થતાં પેન્શન ઉપરાંત વધારાનું પેન્શન ૨૦૦૦થી વધારીને ૨૫૦૦ કર્યું, તો બીજી તરફ ઘણાં ક્ષેત્રોમાં પેન્શન નકારીને પેન્શનરોનું ભવિષ્ય જ રૂંધાઈ રહ્યું છે. નિવૃત્તિ પછી પેન્શન વગેરે લાભો ન આપવા પડે એટલે સરકાર કાયમી શિક્ષકોની ભરતી કરવાને બદલે જ્ઞાન સહાયકોથી ચલાવે છે. મોટે ભાગે તો હડતાળ કે વિરોધ વગર પ્રજાની ગાડી પાટે ચડતી જ નથી. જેમનો વિરોધ વાંઝિયો છે એ પેન્શનર્સનું પેન્શન અપડેટ થતું જ નથી. ૨૦૦૬માં સાંસદોનો પગાર ૧૨૦૦૦ હતો, તે ૨૦૨૫ સુધીમાં ૯૩૩ ટકા વધીને ૧,૨૪,૦૦૦ થઈ જતો હોય, તો પણ એવું ન પુછાય, કે બીજા કોના પગારમાં ૧૯ વર્ષમાં ૯૩૩ ટકાનો વધારો થયો છે? નોકરીઓ લાખોમાં આપવાની વાતો થાય છે, પણ શિક્ષિત બેકારી ઘટતી નથી. બે છેડા ભેગા કરતાં ઘણી વાર છેડો મુકાઈ જતો હોય, ત્યાં વિના વિરોધ બધા છેડા સંસદમાં પગારને મામલે ભેગા થઈ જતા હોય, એ કેવું?

### લોકોને બચાવવા હજુ પણ ચાલી રહ્યું છે રેસ્ક્યૂ ઓપરેશન

## મ્યાનમાર ભૂકંપમાં મૃત્યુઆંક ૨,૦૦૦ નજીક પહોંચ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

મ્યાનમાર, તા.૩૧ : મ્યાનમારમાં આવેલા ભયાનક ભૂકંપમાં અત્યાર સુધી લગભગ ૨૦૦૦ લોકો માર્યા ગયા છે. ચીની મીડિયાના અહેવાલ અનુસાર, મ્યાનમારમાં ભૂકંપમાં ધરાશાયી થયેલી ઈમારતોમાં ફસાયેલા ચાર લોકોને બચાવી લેવામાં આવ્યા છે. મ્યાનમાર અને થાઈલેન્ડમાં રાહતબચાવકર્મીઓ ફસાયેલ જીવિત લોકોને બહાર કાઢવાનો પ્રયાસ કરી રહ્યા છે. ન્યૂઝ એજન્સી સિન્હુઆએ કહ્યું હતું કે સોમવારે વહેલી સવારે માંડલેમાં કાટમાળમાંથી બચાવાયેલા લોકોમાં એક ગર્ભવતી મહિલા અનેએકછોકરીનોસમાવેશ થાય છે. માંડલે શુક્રવારે આવેલા ૭.૭ ની તીવ્રતાના ભૂકંપના કેન્દ્રબિંદુની નજીક છે. ભૂકંપે મ્યાનમારમાં મોટા પાયે વિનાશ વેર્યો હતો અને પાડોશી થાઈલેન્ડમાં પણ ભૂકંપના કારણે કેટલાક લોકોના મોત થયા છે.

ચીન, ભારત અને થાઈલેન્ડે મ્યાનમારમાં રાહત સામગ્રી અને ટીમો મોકલી છે. સાથે સાથે મલેશિયા, સિંગાપોર અને રશિયાએ રાહત સામગ્રી અને બચાવકર્મીઓ મોકલ્યા છે. સિન્હુઆએ કહ્યું હતું કે ચીન સર્ચ એન્ડ રેસ્ક્યૂ ટીમના પ્રથમ ટીમના વડા યૂ શિને કહ્યું હતું કે તેનાથી કોઈ ફરક નથી પડતો કે અમે કેટલા સમય સુધી કામ કરીએ છીએ. સૌથી મહત્વની બાબત એ છે કે આપણે સ્થાનિક લોકોમાં આશા લાવી શકીએ છીએ.

થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં સોમવારે ક્રેન અને ડોગ સ્નિફર્સનો ઉપયોગ કરીને કટોકટીના ક્રૂએ ઈમારતના કાટમાળ નીચે દટાયેલા માનવામાં આવતા ૭૬ લોકોની શોધ ચાલુ રાખી હતી. બેંગકોકના ગવર્નર Chadchart Sittipuntએ જણાવ્યું હતું કે લોકોને જીવતા શોધવા માટે બચાવકર્તાઓ ખૂબ મહેનત કરી રહ્યા છે. સર્ચ ઓપરેશન ૭૨ કલાક પછી પણ ચાલુ રહેશે કારણ કે તુર્કીમાં એક અઠવાડિયાથી ફસાયેલા લોકો બચી ગયા છે.

તેમણે કહ્યું કે કાટમાળના મશીન સ્કેનથી જાણવા મળ્યું છે કે હજુ પણ લોકો નીચે જીવિત હોઈ શકે છે અને તેમના સ્થાનો શોધવા માટે સ્નિફર ડોગની મદદ લેવામાં આવી રહી છે. રવિવારે થાઈલેન્ડનો સત્તાવાર મૃત્યુઆંક ૧૮ હતો, પરંતુ ધરાશાયી થયેલી ઈમારતના સ્થળે વધુ બચાવ કામગીરી ન થાય તો તે વધી શકે છે.

મ્યાનમારમાં રાજ્ય મીડિયાએ જણાવ્યું હતું કે રવિવાર સુધીમાં ઓછામાં ઓછા ૧૭૦૦ લોકોના મૃત્યુની પુષ્ટી કરવામાં આવી છે. વોલ સ્ટ્રીટ જર્નલે લશ્કરી શાસકને ટાંકીને અહેવાલ આપ્યો છે કે મ્યાનમારમાં મૃત્યુઆંક ૨,૦૨૮ પર પહોંચી ગયો છે.

રોઈટર્સ તાત્કાલિક નવા મૃત્યુઆંકની પુષ્ટી કરી શક્યું નથી. સંયુક્ત રાષ્ટ્રએ કહ્યું કે તે મધ્ય મ્યાનમારમાં બચી ગયેલા લોકો માટે રાહત પુરવઠો પહોંચાડી રહ્યું છે.

અમેરિકાએ "મ્યાનમાર સ્થિત માનવતાવાદી સહાય સંસ્થાઓ દ્વારા" ૨ મિલિયન ડોલરની સહાયનું વચન આપ્યું છે. એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ટ્રમ્પ વહીવટ હેઠળ મોટા પાયે કાપ મુકી રહેલા USAID ની એક ટીમ મ્યાનમારમાં તૈનાત કરવામાં આવી રહી છે. એક બળવાખોર જૂથે કહ્યું કે ભૂકંપ પછી મ્યાનમારનું સૈન્ય હજુ પણ ગામડાઓ પર હવાઈ હુમલા કરી રહી છે અને સિંગાપોરના વિદેશ મંત્રીએ રાહત પ્રયાસોમાં મદદ કરવા માટે તાત્કાલિક યુદ્ધવિરામની હાકલ કરી હતી. ૫૫ મિલિયન વસ્તી ધરાવતા દેશમાં પુલ, હાઈવે, એરપોર્ટ અને રેલવે સહિત મહત્વપૂર્ણ માળખાકીય સુવિધાઓને નુકસાન થયું છે.

## બિલને વાંચો પછી તર્ક આપો, ખોટું બોલી સમાજને ગેરમાર્ગે ન દોરો : કિરેન રિજિજુ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૩૧ : સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ વકફ બિલ મુદ્દે વિપક્ષો પર આકરા પ્રહારો કર્યા છે, તેમણે કહ્યું કે, 'કેટલાક પક્ષો અને સંગઠનના લોકો ગેરમાર્ગે દોરી રહ્યા છે. કંઈપણ બોલ્યા પહેલા બિલને વાંચો અને પછી તર્ક આપો. ખોટું બોલીને સમાજને ગેરમાર્ગે ન દોરો, અમે બિલ લાવવાની સંપૂર્ણ તૈયારીઓ કરી લીધી છે.'

રિજિજુએ વકફ બિલ મુદ્દે પ્રેસ કોન્ફરન્સ કરી કહ્યું કે, 'વકફ બિલ મુદ્દે કેટલાક પક્ષો અને સંગઠનો ગેરમાર્ગે દોરી રહ્યા છે. તેઓએ બિલ અંગે ખોટું ન બોલવું જોઈએ. તેમણે પહેલા બિલ વાંચવું જોઈએ અને પછી તર્ક આપવો જોઈએ. તેઓ ખોટું બોલીને સમાજને ગેરમાર્ગે દોરી રહ્યા છે.'

તેમણે કહ્યું કે, 'અમે બિલ લાવવાની તમામ તૈયારી કરી લીધી છે. અમે તે ક્યારે લાવશું, તે તમને જણાવી દઈશું. અમે બિલના નામે તણાવ ઉભો કરનારા સંગઠનોની ઓળખ કરી છે. ઈદ પર પટ્ટી બાંધીને નમાજ અદા કરવાનું કહેનારા સંગઠનો ખોટું કરી રહ્યા છે. મસ્જિદ, કબ્રસ્તાન અથવા મુસ્લિમની જમીન છીનવી લેવાની વાત કહી ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે.'

રિજિજુએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, 'વકફ એક્ટને ગેરબંધારણીય કહેવું એ સૌથી મોટું જૂઠ છે. આપણે કોઈની જમીન કેવી રીતે છીનવી શકીએ? વકફ અંગે ખોટી માહિતી ફેલાવનારાઓ આ લોકો કોણ છે? હું મીડિયાને પણ વિનંતી કરું છું કે, તેઓ ખોટી સૂચના ફેલાવનારાઓની ઓળખ કરે. કોઈપણ બિલમાં આવા સ્તરની ચર્ચા કરાઈ નથી.'

તેમણે કહ્યું કે, 'જ્યારે CAA કાયદો લવાયો હતો, ત્યારે પણ આ લોકોએ વિરોધ કર્યો હતો. હું ફરીથી કહું છું કે, જો તમને કોઈ વાંધો હોય તો મહેરબાની કરીને આ મુદ્દે ગૃહમાં ચર્ચા કરો. આજે ઈદનો પવિત્ર દિવસ છે, ખોટું ન ફેલાવવું જોઈએ.

ઈદના દિવસે જે લોકો ખોટું બોલે છે, તેઓ નકલી વ્યક્તિ છે. અસદુદ્દીન ઓવૈસી ખૂબ જ સમજદાર છે. તેમને ખબર છે કે, તેઓ શું કરી રહ્યા છે, તેઓ ખોટું બોલી રહ્યા છે. આ બિલ પાસ થયા બાદ ઓવૈસી જેવા લોકો રાજકીય રીતે કેવી રીતે ટકી શકશે.'

### અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પત્ર પછી ઈરાનની પ્રતિક્રિયા

## અણુ પ્રોગ્રામ અંગે અમેરિકા સાથે સીધી મંત્રણાનો ઈરાનનો ઈનકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

દુબઈ, તા.૩૧

અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પના પત્રના જવાબમાં ઈરાનને તેના ઝડપથી વિકસી રહેલા અણુ પ્રોગ્રામ અંગે અમેરિકા સાથે સીધી વાટાઘાટો કરવાનો ઈનકાર કર્યો હતો. ટ્રમ્પે ૧૨ માર્ચે ઈરાનના સર્વોચ્ચ નેતાને પત્ર લખીને મંત્રણાની દરખાસ્ત કરી હતી. આ પત્રનો જવાબ આપતા ઈરાનને આ દરખાસ્તને ફગાવી દીધી છે. ઈરાનના આ વલણથી પરમાણુ કાર્યક્રમના મુદ્દે બંને દેશો વચ્ચેના સંબંધો વધુ ખરાબ બની શકે છે. ટ્રમ્પે ઈરાનના વલણ બાદ વધુ પ્રતિબંધોની સાથે સાથે ટેરિફ લાદવાની ચીમકી આપી છે. તેની સાથે સાથે એવું પણ કહ્યું છે કે જો ઈરાન બે મહિનાની અંદર ન્યૂક્લીયર ડીલ અંગે વાટાઘાટો નહિ કરે તો અત્યારસુધી નહિ જોયા હોય તેવા બોમ્બિંગ માટે તૈયાર રહે. ઈરાનના પ્રેસિડન્ટ મસૂદ પેઝેશ્કિયાને જણાવ્યું હતું કે ઓમાનના સલ્તનત દ્વારા આપવામાં આવેલા ઈરાનના પ્રતિભાવથી વોશિંગ્ટન સાથે પરોક્ષ વાટાઘાટોનો માર્ગ ખુલ્લો રાખ્યો હતો, ૨૦૧૮માં વિશ્વના શક્તિશાળી દેશો સાથે ઈરાનની અણુ સમજૂતીમાંથી અમેરિકાને દૂર કરવાના ટ્રમ્પના પ્રથમ ટર્મના એકપક્ષીય નિર્ણયને કારણે આવી મંત્રણામાં કોઈ પ્રગતિ થઈ નથી. કેબિનેટ બેઠકમાં પેઝેશ્કિયાને જણાવ્યું હતું કે અમે વાતચીત ટાળતા નથી, પરંતુ વચનોનો ભંગ જ અત્યાર સુધી અમારા માટે સમસ્યાઓનું કારણ બન્યો છે. તેઓએ સાબિત કરવું પડશે કે તેઓ વિશ્વાસનું ઘડતરી કરી શકે છે. ઈરાનના પ્રેસિડન્ટની આ ટીપ્પણી પછી અમેરિકાની કોઈ પ્રતિક્રિયા આવી ન હતી. ટ્રમ્પના પત્ર પછી ઈરાનને તેના વલણને વધુ આકરું બનાવ્યું હતું. ટ્રમ્પનો પત્ર ઈરાનને ૧૨ માર્ચે મળ્યો હતો. એક ઈન્ટરવ્યૂમાં ટ્રમ્પે પત્ર લખ્યો હોવાની જાહેરાત કરી હતી, પરંતુ ઈરાનના સુપ્રીમ નેતાને શું દરખાસ્ત કરી હતી તેની વધુ વિગતો આપી ન હતી.

## યુપીમાં સ્વતંત્રતા સેનાનીની જમીન નીચે તેલનો ભંડાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

લખનૌ, તા. ૩૧

દેશનું સૌથી મોટું રાજ્ય ઉત્તર પ્રદેશ છેલ્લા ઘણા દિવસોથી સમાચારોમાં છે. યુપીમાં તેલનો ભંડાર મળી આવ્યો હોવાના અહેવાલ હતા. હવે ONGCએ આ સમાચારોને મંજૂરી આપી દીધી છે. રિપોર્ટ અનુસાર, સ્વતંત્રતા સેનાની ચિટ્ટુ પાંડેની જમીન નીચેથી જંગી માત્રામાં તેલનો ભંડાર મળી આવ્યો છે. ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) એ આ શોધની પુષ્ટિ કરી છે. આ જમીન યુપીના બલિયામાં છે.

બલિયાના સાગરપાલી ગામમાં ગંગા નદીના તટની આસપાસ છેલ્લા ૩ મહિનાથી સર્વેની કામગીરી ચાલી રહી હતી. ભૂગર્ભમાં લગભગ ૩,૦૦૦ ફૂટની ઊંડાઈએ તેલનો ભંડાર મળી આવ્યો છે. તાજેતરની માહિતી અનુસાર, આ કાચા તેલ પ્રયાગરાજના સાગરપાલી ગામથી ફાફામૌ સુધી લગભગ ૩૦૦ કિલોમીટરના વિસ્તારમાં હાજર છે.

ONGC આ વિસ્તારમાં લાંબા સમયથી ક્રૂડ ઓઈલની શોધ કરી રહી હતી. આ માટે કંપનીએ ઘણા સ્થાનિક ખેડૂતો પાસેથી લીઝ પર જમીન લીધી હતી. આ યાદીમાં ચિટ્ટુ પાંડેનું નામ પણ સામેલ છે. સાડા છ એકર સુધીની જમીન તેમના પરિવાર પાસેથી લીઝ પર લેવામાં આવી છે. આ માટે ONGC ચિટ્ટુ પાંડેના પરિવારને દર વર્ષે ૧૦ લાખ રૂપિયાનું ભાડું ચૂકવશે.

ઓએનજીસીના અધિકારીઓના જણાવ્યા અનુસાર, તેલના ભંડાર શોધવા માટે, કંપનીએ ૩૦૦૦ ફૂટ ઊંડો ખાડો ખોદ્યો હતો, જેમાં દરરોજ ૨૫,૦૦૦ લિટર પાણીનો ઉપયોગ થતો હતો. આ ખોદકામ એપ્રિલ સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે. કંપની ૩૦૦ કિલોમીટરના વિસ્તારમાં ખોદકામ કરશે. આ પ્રોજેક્ટ બલિયાથી ફાફમાળ સુધીનો હશે. તેલના ભંડારની ઉપલબ્ધતાથી મોટી સંખ્યામાં ખેડૂતોને ફાયદો થવાનો છે.

### ટોલ ટેક્સમાં ૫થી ૪૦ રૂપિયાનો વધારો કરાયો

## નેશનલ અને સ્ટેટ હાઈવે પરના ટોલ ટેક્સમાં ૧ એપ્રિલથી વધારો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૩૧

નેશનલ હાઈવે ઑથોરિટી ઑફ ઈન્ડિયા દ્વારા નેશનલ હાઈવે પર ટોલ ટેક્સમાં રૂપિયા પાંચથી ૪૦ સુધીનો વધારો ઝીંકાયો છે. આ ભાવ વધારો પહેલી એપ્રિલથી રાજ્યના વિવિધ ટોલ પ્લાઝા પર લાગૂ કરાશે. આગામી ૧ એપ્રિલથી અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર મુસાફરી કરનારા વાહનચાલકોને હવે વધુ ટોલ ચૂકવવો પડશે. નવા ભાવ મુજબ, કાર અને જીપ જેવા વાહનો માટે હાલના ૧૩૫ના બદલે હવે ૧૪૦ ટોલ ચૂકવવો પડશે. આ જ રીતે, બસ અને ટ્રક જેવા મોટા વાહનો માટે ટોલની કિંમત ૪૬૫થી વધીને ૪૮૦ થશે. અમદાવાદ-વડોદરા વચ્ચેના નેશનલ હાઈવે ૪૮ પર પણ ટોલના દરમાં વધારો કરવામાં આવ્યો છે. વડોદરાથી આણંદ સુધી કારમાં મુસાફરી કરવા માટે હવે રૂ.૫૦ના બદલે રૂ.૫૫ ટોલ ચૂકવવો પડશે, જ્યારે વડોદરાથી નડિયાદ સુધીનો ટોલ રૂ.૭૦થી વધીને ૭૫ થશે. આ ઉપરાંત, રઘવાણજ ટોલ પ્લાઝા પર કાર અને જીપ માટે ટોલની કિંમત ૧૧૦ થઈ જશે, જ્યારે વાસદથી વડોદરા સુધી કાર અને જીપ માટે હવે ૧૬૦ ટોલ લેવામાં આવશે. ભરથાણા ટોલપ્લાઝા પર પણ કાર અને જીપની ટોલ ફી ૧૫૫થી વધીને ૧૬૦ થઈ જશે.

આમ, ૧ એપ્રિલથી રાજ્યના વિવિધ ટોલ પ્લાઝા પર ટોલના ભાવમાં વધારો થવાથી વાહનચાલકોના મુસાફરી ખર્ચમાં વધારો થશે, જે મોંઘવારીના સમયમાં તેમના માટે વધુ એક બોજ સાબિત થઈ શકે છે. આ નવા ટોલના દર આગામી નાણાકીય વર્ષની શરૂઆત સાથે જ લાગુ થઈ જશે.

અમદાવાદ-વડોદરા વચ્ચેના એક્સપ્રેસ વે ટોલ ટેક્સમાં વધારો થતાં હવે કાર-જીપ ચાલકે રૂપિયા ૧૩૫ના બદલે ૧૪૦ રૂપિયા, રિટર્નમાં રૂપિયા ૨૦૫ના બદલે રૂપિયા ૨૧૫, એલસીવીના રૂપિયા ૨૨૦ના બદલે ૨૩૦, રિટર્નમાં રૂપિયા ૩૩૦ના બદલે રૂપિયા ૩૪૫ અને બસ-ટ્રકના ચાલકે રૂપિયા ૪૬૫ના બદલે રૂપિયા ૪૮૦ અને રિટર્નમાં ૭૨૦ના બદલ ૭૬૦ રૂપિયા પડશે.

નવસારીના બોરિયાચ ટોલ ટેક્સ પર ટોલમાં પણ વધારો લાગુ થશે. બોરિયાચમાં માત્ર સાડા ચાર મહિના બાદ ફરી ટોલ ટેક્સમાં વધારો થયો છે. લાઈટ મોટર વ્હીકલના ૧૧૫ની જગ્યાએ ૧૨૦ રૂપિયા ચૂકવવાના રહેશે. કોમર્શિયલ વ્હીકલના ૧૯૦ની જગ્યાએ ૧૯૫ રૂપિયા ચૂકવવાના રહેશે. બસ અને ટ્રકના ૩૯૫ની જગ્યાએ ૪૧૦ ચૂકવવાના રહેશે. મલ્ટી એક્સલ વાહનોના ૬૨૦ની જગ્યાએ ૬૪૦ ચૂકવવાના રહેશે, મોટા વાહનોના ૭૫૫ની જગ્યાએ ૭૮૦ ચૂકવવાના રહેશે.

કરનાલના ઘરૌંડા ટોલ પ્લાઝાની. અહીં ટોલના ભાવમાં ૫ રૂપિયાથી લઈને ૪૦ રૂપિયા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. નવા દર મુજબ, હવે કાર, જીપ અને વેન માટે એક તરફનો ટોલ ૧૯૫ રૂપિયા હશે, જ્યારે આવવા-જવાનો ટોલ ૨૯૦ રૂપિયા રહેશે. આ ઉપરાંત, માસિક પાસ માટે તમારે હવે ૬૪૨૫ રૂપિયા ચૂકવવા પડશે. ઘરૌંડા ટોલના દરમાં વધારો થવાથી દિલ્હીથી ચંદીગઢ, પંજાબ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીર તરફ જતા વાહનોને સીધી અસર થશે.

## ૪૦૦ છોકરીઓનો નગ્ન વીડિયો ઉતારનાર ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

નોઈડા, તા. ૩૧

નોઈડામાં ઉજ્જવલ કિશોર અને નીલુ શ્રીવાસ્તવ નામના પતિ-પત્નીની જોડી છેલ્લા પાંચ વર્ષથી ઘરમાં એક ખરાબ ધંધો ચલાવી રહી હતી. તેમનું કામ સોશિયલ મીડિયા દ્વારા છોકરીઓને મોડલિંગની લાલચ આપીને પોર્ન વીડિયો બનાવવાનું અને સાયપ્રસની કંપની ટેકનિયસ લિમિટેડને વેચવાનું હતું. આ કંપની XHamster અને Stripchat જેવી પ્રખ્યાત પોર્ન વેબસાઈટ ચલાવે છે. જ્યારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ED)એ નોઈડાના સેક્ટર-૧૦૫માં આવેલા આ ઘરમાં દરોડા પાડ્યા ત્યારે આખી રમતનો પર્દાફાશ થયો હતો. તેણે આ રેકેટમાંથી રૂ. ૧૫.૬૬ કરોડની કમાણી કરી અને રૂ. ૭ કરોડ નેધરલેન્ડમાં ગુપ્ત ખાતામાં જમા કરાવ્યા. એકંદરે રૂ. ૨૨ કરોડથી વધુની કમાણી બહાર આવી છે. અહેવાલો અનુસાર, જ્યારે EDની ટીમ ઝૂંપડી પહોંચી તો ત્યાં ૮ લાખ રૂપિયા રોકડા મળી આવ્યા હતા અને ત્રણ મોડલ પણ હાજર હતા, જેઓ શૂટિંગ કરી રહ્યા હતા. આ મોડેલોના નિવેદનો લેવામાં આવ્યા છે. આ દંપતીએ તેમની કંપની 'સબડિઝી વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડ' દ્વારા આ બિઝનેસ ચલાવ્યો હતો.

બહારથી એવું લાગતું હતું કે તેઓ જાહેરાત, માર્કેટ રિસર્ચ અને પબ્લિક ઓપિનિયન સર્વે વર્ક કરી રહ્યા હતા, પરંતુ વાસ્તવમાં તેઓ વિદેશી પોર્નસાઈટ્સ માટે અશ્લીલ સામગ્રી બનાવી રહ્યા હતા. આ લોકો સોશિયલ મીડિયા પર ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ દ્વારા મોડલને સર્ચ કરતા હતા. મોડલિંગના વચન સાથે જાહેરાતોમાં છોકરીઓને બોલાવવામાં આવતી હતી. મોટાભાગની મોડલ દિલ્હી-એનસીઆરના હતી. અહેવાલો અનુસાર, નોઈડામાં પાંચ વર્ષમાં ૪૦૦ થી વધુ છોકરીઓને આ ધંધામાં ફરજ પાડવામાં આવી હતી. વીડિયો શૂટિંગમાં હાફ ફેસ શો, ફુલ ફેસ શો અને ન્યૂડ જેવી કેટેગરી હતી. મોડલ્સને તેમના કામ મુજબ ચૂકવણી કરવામાં આવી હતી, પરંતુ કુલ કમાણીમાંથી માત્ર ૨૫% જ તેમને આપવામાં આવ્યા હતા. દંપતીએ બાકીના ૭૫% પોતાના માટે રાખ્યા હતા.

## હજારો શાળાઓ બંધ અને સિલેબસનું સાંપ્રદાયિકરણ : સોનિયા ગાંધી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૩૧ : કોંગ્રેસની પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ ભારતની શિક્ષણ નીતિને લઈને મોદી સરકાર પર પ્રહારો કર્યા છે. તેમણે કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય શિક્ષણ નીતિની ટીકા કરતા કહ્યું કે, મોદી સરકાર સંઘીય શિક્ષણ માળખાને નબળું પાડી રહી છે. તે 3C (Centralisation, commercialisation and communalisation) એજન્ડાને આગળ વધારી રહી છે અને તેના કારણે સંઘીય શિક્ષણ માળખું નબળું પડી રહ્યું છે.

દેશના અગ્રણી અખબારના એક લેખમાં સોનિયા ગાંધીએ લખ્યું છે કે, છેલ્લા એક દાયકામાં કેન્દ્ર સરકારનો ટ્રેક રેકોર્ડ સ્પષ્ટપણે દર્શાવે છે કે તે શિક્ષણમાં ત્રણ મુખ્ય એજન્ડાને આગળ વધારી રહી છે આ જ કારણે હું ચિંતિત છું. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ શિક્ષણનું કેન્દ્રિયકરણ, વ્યાપારીકરણ અને સાંપ્રદાયિકીકરણ કરે છે. જેના કારણે સંઘીય શિક્ષણ માળખું નબળું પડી રહ્યું છે. મોદી સરકાર રાજ્ય સરકારોને મહત્ત્વપૂર્ણ નીતિગત નિર્ણયોથી દૂર રાખીને શિક્ષણના સંઘીય માળખાને નબળું પાડી રહી છે.

સોનિયા ગાંધીએ કહ્યું કે, છેલ્લા ૧૧ વર્ષમાં આ સરકારના માત્ર સત્તા પર કબજો કરવાનું કામ કરી રહી છે. જેના શિક્ષણક્ષેત્રે નુકસાનકારક પરિણામો જોવા મળી રહ્યા છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોના શિક્ષણ મંત્રીઓની કેન્દ્રીય શિક્ષણ સલાહકાર બોર્ડની સાથેની બેઠક છેલ્લે સપ્ટેમ્બર ૨૦૧૯ બાદ એકવાર પણ નથી થઈ. કોંગ્રેસ પૂર્વ અધ્યક્ષએ વધુમાં કહ્યું કે, NEP 2020 દ્વારા શિક્ષણમાં આમૂલ પરિવર્તનો અપનાવતી વખતે અને તેનો અમલ કરતી વખતે પણ કેન્દ્ર સરકારે આ નીતિઓના અમલીકરણ અંગે એકવખત પણ રાજ્ય સરકારો સાથે સલાહ લેવાનું યોગ્ય ન માન્યું. આ એ વાતનો પુરાવો છે કે તે પોતાના સિવાય કોઈનો અવાજ સાંભળતી નથી, આ સિવાય જે વિષય ભારતીય બંધારણની સમવર્તી યાદીમાં છે તેમાં પણ કેન્દ્ર સરકાર રાજ્ય સરકાર સાથે કોઈ ચર્ચા કરતી નથી. ઉચ્ચ શિક્ષણ તરફ ઈશારો કરતા સોનિયા ગાંધીએ કહ્યું છે કે, કેન્દ્ર સરકારે યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સેલરોની નિમણૂકમાં રાજ્ય સરકારોના અધિકારો પણ હટાવી દીધા છે.

## યુએસએ રશિયાનાં તમામ ઉત્પાદનો પર પ્રતિબંધની ચીમકી આપી

(સંપૂર્ણ સમાચાર સેવા)

કિવ, તા.૩૧

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મધ્યસ્થીમાં યુક્રેન અને રશિયાએ યુદ્ધ વિરામ માટે સંમતિ દર્શાવી હતી. યુદ્ધવિરામનો અમલ કરવાના બદલે રશિયાએ યુક્રેન પર રાજકીય અને લશ્કરી હુમલાની શરૂઆત કરી દીધી છે. રશિયાના પ્રમુખ પુતિને યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીની સરકારને ગેરકાયદેસર ગણાવી હતી. ત્યારબાદ રશિયાએ યુક્રેનના ખાર્કિવ ખાતે મિલિટરી હોસ્પિટલ પર ડ્રોન હુમલો કર્યો હતો, જેમાં બે વ્યક્તિનાં મોત થયા હતા અને ડઝનથી વધુ ઘાયલ થયા હતા. રશિયાના આ પગલાથી અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ગુસ્સે ભરાયા છે અને રશિયાના તમામ પર ઉત્પાદન પર પ્રતિબંધની ચીમકી ઉચ્ચારી છે.

રશિયાએ યુક્રેનના ખાર્કિવ ખાતે મિલિટરી હોસ્પિટલ પર ડ્રોન હુમલો કર્યો હતો. યુક્રેન એરફોર્સના જણાવ્યા મુજબ, રશિયાએ ૧૧૧ ડ્રોનથી રવિવારે રાત્રે હુમલા કર્યા હતા. તેમાંથી ૬૫ ડ્રોનને આંતરવામાં સફળતા મળી હતી અને ૩૫ છટકી ગયા હતા. આ હુમલામાં હોસ્પિટલ ખાતે સારવાર લઈ રહેલા ૬૫ વર્ષીય પુરુષ અને ૭૦ વર્ષીય મહિલાનું મોત થયુ હતું. યુક્રેનના પ્રમુખ વોલોડીમીર ઝેલેન્સ્કીએ કહ્યું હતું કે, છેલ્લા એક સપ્તાહમાં યુક્રેનના મોટાભાગના વિસ્તારો પર રશિયાએ હુમલા કર્યા છે. ૧૩૧૦ ગાઈડેડ એરિયલ બોમ્બ અને હજારથી વધુ ડ્રોન્સ સાથે રશિયાએ હુમલા કર્યા હતા. રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિને આક્ષેપ કર્યો હતો કે, યુક્રેનના બંધારણ મુજબ ઝેલેન્સ્કીની મુદત ગત વર્ષે પૂરી થઈ છે અને યુદ્ધ વિરામની સંધિ પર સહી કરવા તેઓ અધિકૃત નથી.

## બલૂચિસ્તાન સરકારે હાઈવેની રાત્રિ યાત્રા પર પ્રતિબંધ મૂક્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઈસ્લામાબાદ, તા.૩૧

પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં દિન-પ્રતિદિન કાયદાકીય વ્યવસ્થા કથળી રહી છે. આતંકવાદી હુમલાઓમાં નિર્દોષ લોકોની સાથે સૈન્યના જવાનોની પણ હત્યા કરવામાં આવી રહી છે. આ દરમિયાન, બલૂચિસ્તાનની સરકારે કેટલાક મહત્વના નેશનલ હાઈવે પર રાત્રિના સમયે યાત્રા કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ પ્રાંતમાં છેલ્લા કેટલાક સમયથી વાહનો પર આતંકવાદી હુમલાઓ વધી ગયા છે. આ અસ્થિર અને અશાંત પ્રાંતમાં વાહનોને ટાર્ગેટ કરવામાં આવે છે. હથિયારધારીઓ હાઈવે પર વાહનોને રોકી નાંખે છે અને યાત્રિઓની ઓળખ કર્યા પછી તેમની હત્યા કરે છે. પંજાબીઓ પર આવા હુમલા વધુ થઈ રહ્યા છે. કાચ્ચી, ઝોબ, ગ્વાદર, નુશ્કી અને મુસાખાઈલ જિલ્લાના જિલ્લા કમિશનરોએ નોટિફિકેશન જાહેર કરીને મુખ્ય નેશનલ હાઈવે પર સાંજે ૬ કલાકથી સવારે ૬ કલાક સુધી યાત્રા પર પ્રતિબંધ મુકી દીધો છે. આ પ્રતિબંધ ક્વેટા-તાફતાન રોડ, લોરલાઈ-ડેરા ગાજી ખાન રોડ, સિબી રોડ, કોસ્ટલ હાઈવે અને ઝોબ-ડેરા ઈસ્માઈલ ખાન રોડ સહિત કેટલાક હાઈવે પર લાગુ કર્યો છે.

# અન્ય સમાચારો

## આગામી ૪-૫ દિવસ દ. ગુજરાત-સૌરાષ્ટ્રમાં વરસાદની આગાહી

**અમારા પ્રતિનિધિ તરફથી**
**અમદાવાદ, તા. ૩૧:** હવામાન વિભાગ દ્વારા આગામી ચાર દિવસ લો પ્રેશર સાયક્લિનિકને કારણે અલગ અલગ જિલ્લાઓમાં છૂટાછવાયાં સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સાથે ૪૦થી ૫૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની પણ આગાહી કરવામાં આવી છે. આવતીકાલે ૧ એપ્રિલના રોજ હળવાથી મધ્યમ વરસાદની આગાહી મધ્ય ગુજરાતમાં વડોદરા, પંચમહાલ, દાહોદ અને છોટા ઉદેપુર તેમજ દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓ જેમાં ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં કરવામાં આવી છે. સૌરાષ્ટ્રમાં ગીર સોમનાથ, ભાવનગર અમરેલી અને દીવ માટે છૂટાછવાયાં સ્થળોએ વરસાદની આગાહી કરવામાં આવી છે. તેમજ થન્ડરસ્ટોર્મની વોર્નિંગ આપવામાં આવી છે.

જ્યારે ૨ એપ્રિલના રોજ હળવાથી મધ્યમ વરસાદની આગાહી ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગરમાં કરવામાં આવી છે. મધ્ય ગુજરાતમાં વડોદરા, પંચમહાલ, દાહોદ અને છોટા ઉદેપુર તેમજ દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓ જેમાં ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં કરવામાં આવી છે. જ્યારે સૌરાષ્ટ્રમાં અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવનો સમાવેશ થાય છે. તેમજ થન્ડરસ્ટોર્મની વોર્નિંગ આપવામાં આવી છે.

ચોથા દિવસે એટલે કે ૩ એપ્રિલે છોટાઉદેપુર, નર્મદા, ડાંગ અને તાપીમાં છૂટાછવાયાં સ્થળોએ હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. મરાઠવાડામાં સાયકલોનિક સર્ક્યુલેશન સર્જાયું છે. જેનો એક છેડો છત્તીસગઢ સુધી અને બીજો છેડો દક્ષિણમાં તમિલનાડુ સુધી વિસ્તરેલો છે. તેથી ભેજની મૂવમેન્ટને લઈને વરસાદ વરસી શકે છે. પવનની દિશા ઉત્તરથી ઉત્તર પૂર્વ તરફની રહેશે. પવનની ઝડપ ૩૦થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની રહેશે. ૪થી ૬ એપ્રિલ સુધી રાજ્યમાં શુષ્ક વાતાવરણ રહેશે.

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ફરી ગુજરાત આવશે

**અમારા પ્રતિનિધિ તરફથી**
**અમદાવાદ, તા. ૩૧ :** કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૬ એપ્રિલ, ૨૦૨૫ના રોજ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. તેમના પ્રવાસ દરમિયાન તેઓ વિવિધ મહત્વના કાર્યક્રમોમાં હાજરી આપશે. ખાસ કરીને, તેઓ ગાંધીનગર નજીક આવેલા કલોલમાં ઈફકો પ્લાન્ટના ૫૦ વર્ષ પૂર્ણ થવાની ઉજવણીમાં ભાગ લેશે.

ઈફકો દેશની અગ્રણી સહકારી ખાતર કંપનીઓમાંથી એક છે. તે ભારતીય ખેડૂતોની સેવા માટે પ્રતિબદ્ધ છે. આ વર્ષે કલોલ પ્લાન્ટે તેની ૫૦ વર્ષની સફર પૂર્ણ કરી છે, જેના ભાગરૂપે વિશાળ સ્તરે ઉજવણી કરવામાં આવશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ખાસ આ કાર્યક્રમમાં હાજરી આપીને ઈફકોના ઉપસ્થિત અધિકારીઓ અને ખેડૂતો સાથે પણ વાતચીત કરી શકે છે.

આ -સંગે અમિત શાહ ઈફકો દ્વારા નવા 'સિડ રિસર્ચ સેન્ટર'નું ઉદ્ઘાટન પણ કરશે. આ રિસર્ચ સેન્ટરનું મુખ્ય ઉદ્દેશ્ય વધુ ગુણવત્તાયુક્ત અને સંશોધિત વાવેતર બીજ વિકસાવવા પર રહેશે, જેથી ખેડૂતોને વધુ અને સારી ઉપજ મળી શકે. આ સેન્ટર દ્વારા નવા કૃષિ પદ્ધતિઓ પર પણ કામ કરવામાં આવશે. તેમનો આ પ્રવાસ કૃષિ અને ઉદ્યોગ ક્ષેત્ર માટે મહત્વનો માનવામાં આવી રહ્યો છે ત્યારે ઉપરોક્ત કાર્યક્રમ ઉપરાંત તેઓ રાજ્યના અન્ય નેતાઓ સાથે પણ મંત્રણાઓ કરી શકે છે.

## ટોલટેક્સ અને STના ભાવ વધારા સામે કોંગ્રેસના સરકાર પર પ્રહાર

**અમારા પ્રતિનિધિ તરફથી**
**અમદાવાદ,. તા. ૩૧ :** નેશનલ હાઈવે પર વધુ એક વખત ટોલટેક્ષના ભાવ વધારાથી સામાન્ય-મધ્યમવર્ગના પરિવારોની મુશ્કેલી વધશે ત્યારે ભાજપ સરકારની લૂંટ નિતિ પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, મોંઘવારીથી પીસાતી જનતાને મોંઘવારીનો વધુ એક ઝટકો ભાજપ સરકારે આપ્યો છે નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ટોલપ્લાઝા પર ટોલટેક્ષમાં રૂ. ૫/- થી રૂ. ૪૦/- નો જંગી વધારો ઝીંકવામાં આવ્યો.વધતી જતી મોંઘવારી અને વધતી જતી અસમાનતા ભયાનક સ્તર પર છે. એસ.ટી. નો ભાડા વધારો, નેશનલ હાઈવે ટોલટેક્ષમાં વધારાથી આર્થિક પરેશાનીનો સામનો કરી રહેલ જનતાની મુશ્કેલીમાં વધારો થયો છે.

ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતુ કે બેંકો દ્વારા પર વિવિધ પ્રકારના ચાર્જિસ બેંકના ગ્રાહકો પર ઝીંકવામાં આવી રહ્યા છે. દરરોજ વધતી જતી મોંઘવારીથી ત્રસ્ત જનતા પર ટોલટેક્ષમાં વધારો, એસ.ટી. ભાડામાં વધારો ભાજપ સરકારનો જનતા સાથે વિશ્વાસઘાતનો જીવતો- જાગતો પુરાવો છે. દેશમાં ટોલટેક્ષ દ્વારા ૮૫,૦૦૦ કરોડ વાર્ષિક ટેક્ષ વસૂલી ભાજપ સરકાર બેરોકટેક કરી રહ્યી છે. જબરજસ્તીથી ટોલટેક્ષ વસૂલાતનો સૌથી મોટો પુરાવો એ છે કે કોંગ્રેસ શાસન કરતા ભાજપ શાસનમાં ટોલટેક્ષ વસૂલીમાં ૫૦૦ ટકાનો જંગી વધારો થયો છે. માત્ર ગુજરાતમાં જ નેશનલ હાઈવે ઓથોરિટીએ ટેલટેક્ષ પેટે છેલ્લા પાંચ વર્ષમાં વાહનચાલકો પાસેથી રૂ.૧૮,૭૫૭ કરોડ જેટલી જંગી રકમની વસૂલાત કરી છે.

તેમણે ઉમેર્યું હતુ કે ટોલટેક્ષ ઉઘરાણીમાં ગુજરાત સમગ્ર દેશમાં ટોચનુ રાજ્ય છે. નેશનલ હાઈવે પર ટોલટેક્સમાં વધારાથી જીવનજરૂરી વસ્તુઓ વધુ મોંઘી થશે, ભાજપ સરકારે અચ્છે દિનનો અહેસાસ કરાવી દીધો, પાઠ્યપુસ્તક સહિતની શૈક્ષણિક વસ્તુઓ પર પણ ભાવ વધારો સતત થઈ રહ્યો છે. કમ્મરતોડ મોંઘવારીના પગલે સામાન્ય અને મધ્યમવર્ગ માટે ભાવ વધારો એ દાઝ્યા પર ડામ સમાન છે. જી.એસ.ટી.ને પગલે અનાજ, કઠોળ, સીંગતેલ, શાકભાજી, દૂધ, દહીં, પનીર, છાશ અને જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓમાં થયેલા બેફામ ભાવ વધારાના પગલે સામાન્ય અને મધ્યમવર્ગને જીવન જીવવું દુષ્કર બન્યું છે.

## કૌશલ્ય વિકાસ નીતિમાં ૧૪ વર્ષના વિલંબ માટે PAC એ ગુજરાત સરકારને દોષી ઠેરવી

**અમારા પ્રતિનિધિ તરફથી**
**અમદાવાદ, તા. ૩૧ :** ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિ (PAC)એ રાજ્ય સરકાર દ્વારા કૌશલ્ય વિકાસ નીતિના અમલીકરણમાં ૧૪ વર્ષથી વિલંબ કરવા બદલ ટીકા કરી છે.

કૌશલ્ય વિકાસ માટે એક સંકલિત કાર્ય યોજના બનાવવા માટે ૨૦૦૯માં ગુજરાત કૌશલ્ય વિકાસ મિશન (GSDMની સ્થાપના કરવામાં આવી હતી. એક સમાન નીતિ પર એક સાથે કામ કરવા માટે પાછળથી અનેક વિભાગોના અધિકારીઓની બનેલી એક સ્ટીયરિંગ કમિટીની રચના કરવામાં આવી હતી. જો કે, આ પ્રયાસો છતાં, કોઈ નીતિ ઘડવામાં આવી ન હતી.

જયારે આ મુદો વિધાનસભાની જાહેર હિસાબ સમિતિ (PAC) સમક્ષ ઉઠાવવામાં આવ્યો, ત્યારે સરકારે તાત્કાલિક નીતિ ઘડવા માટે નિર્દેશ જારી કર્યો હતો. જો કે, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ કાર્યવાહી કરવામાં નિષ્ફળ ગયુ હતુ, જેના કારણે ભ્ભ્દ્દ અને કંપ્ટ્રોલર એન્ડ ઓડીટર જનરલ (CAG) બંને તરફથી આકરી ટીકામાં પરિણમી હતી. ૨૦૨૩ સુધીમાં, વિભાગે સત્તાવાર રીતે લેખિતમાં સ્વીકાર્યું કે આવી કોઈ નીતિ લાગુ કરવામાં આવી નથી.

લાંબા સમયથી બાકી રહેલી નીતિને બદલે, સરકારે ૨૦૨૩માં મુખ્યમંત્રી કૌશલ્ય વિકાસ પહેલ (MSDI) શરૂ કરી, જેનો હેતુ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (ITI), ખાનગી કૌશલ્ય સંસ્થાઓ અને ઉદ્યોગો દ્વારા ૫,૦૦,૦૦૦ યુવાનોને તાલીમ આપવાનો હતો.

વિભાગોમાં કૌશલ્ય વિકાસ પ્રયાસોનું સંકલન કરવા માટે મુખ્ય સચિવ હેઠળ રાજ્ય-સ્તરીય સ્ટીયરિંગ સમિતિની પણ રચના કરવામાં આવી હતી. વધુમાં, GSDMની પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરવા માટે શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવની આગેવાની હેઠળ એક દેખરેખ સમિતિની સ્થાપના કરવામાં આવી હતી. હાલમાં, આઠ સરકારી વિભાગો કૌશલ્ય તાલીમ કાર્યક્રમોમાં રોકાયેલા છે.

આ વૈકલ્પિક પગલાં લેવા છતાં, ભ્ભ્દ્દએ સરકારની કૌશલ્ય વિકાસ નીતિના માળખાગત અમલીકરણની અવગણના કરવા બદલ ટીકા કરી હતી, જેના પરિણામે યુવાનો માટે સુસંગત તાલીમ કાર્યક્રમોનો અભાવ જોવા મળ્યો હતો. વરિષ્ઠ અધિકારીઓએ વહીવટી અવરોધોનો ઉલ્લેખ કર્યો હતો પરંતુ ઉદ્યોગ સહયોગ અને PPP પ્રોજેક્ટ્સ દ્વારા કૌશલ્ય વિકાસ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાના ભાગ રૂપે કૌશલ્ય યુનિવર્સિટી અને GSDM ની સ્થાપના પર પ્રકાશ પાડ્યો હતો.

PACના અધ્યક્ષ જીતેન્દ્ર વાઘાણીએ યુવાનોને સંબંધિત, ઉદ્યોગ-સંકલિત કુશળતા મળે તે માટે PPP મોડેલ હેઠળ આધુનિક તાલીમ અભ્યાસક્રમો શરૂ કરવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. વિલંબ અંગે પૂછવામાં આવતા, શ્રમ વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે કૌશલ્ય યુનિવર્સિટી અને GSDMની સ્થાપના સાથે, હવે અલગ કૌશલ્ય વિકાસ નીતિ જરૂરી નથી. જ્યારે સરકાર કૌશલ્ય તાલીમ પહેલ સાથે આગળ વધવાનું ચાલુ રાખે છે, ત્યારે PACની ચિંતાઓ રાજ્યમાં કુશળ કાર્યબળને વ્યવસ્થિત રીતે વિકસાવવા માટે એક સુગઠિત અને વ્યાપક નીતિના મહત્વ પર ભાર મૂકે છે.

## અમદાવાદના ઓઢવબ્રિજ નીચે આગ લાગતા ૩૫ વાહન બળીને ખાક

**અમારા પ્રતિનિધિ તરફથી**
**અમદાવાદ, તા. ૩૧ :** અમદાવાદ શહેરના રિંગરોડ પર ઓઢવબ્રિજની નીચે વહેલી સવારે અચાનક જ વાહનોમાં આગ લાગતાં ફાયરબ્રિગેડની બે ગાડીએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગને કાબૂમાં લીધી હતી. જો કે આ આગમાં કુલ ૩૩ ટૂ-વ્હીલર અને ૨ ગાડી ખાક થઈ ગઈ હતી. એમાં ૨૨ ડિટેઈન કરેલાં વાહનો હતાં અને ૧૧ ટૂ-વ્હીલર અન્ય લોકોનાં પાર્ક કરેલાં હતાં.

ફાયરબ્રિગેડ પાસેથી મળતી માહિતી મુજબ, વહેલી સવારે સાત વાગ્યાની આસપાસ ફાયરબ્રિગેડ કંટ્રોલ રૂમને મેસેજ મળતા બ્રિગેડ ત્યાં પહોંચી ગઈ હતી.ફાયરબ્રિગેડના જવાનોએ પાણીનો મારો ચલાવીને તાત્કાલિક ધોરણે આગને કાબૂમાં લઈ લીધી હતી. આગ લાગતાંની સાથે ઓઢવ પોલીસ સ્ટેશનનો સ્ટાફ પણ બહાર દોડી આવ્યો હતો. ઘટનાની જાણ ઉચ્ચ પોલીસ અધિકારીને થતાં તેઓ પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. આગ લાગવાનું કોઈ ચોક્કસ કારણ હજી સુધી જાણવા મળ્યું નથી. સવારે સાત વાગ્યાની આસપાસ આ ઘટના બની છે. પોલીસના અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આગ કેવી રીતે લાગી એ અંગે તપાસ શરૂ કરી છે.

## હાઈકોર્ટે દુષ્કર્મના આરોપી સ્વામી ધર્મસ્વરૂપદાસના આગોતરા જામીન નકાર્યા

**અમારા પ્રતિનિધિ તરફથી**
**અમદાવાદ,. તા. ૩૧ :** રાજકોટના ભાયાવદર પોલીસ મથકે સ્વામિનારાયણ સં-દાયના સ્વામી ધર્મસ્વરૂપદાસ સામે વર્ષ ૨૦૨૪માં દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ હતી. અગાઉ તેમણે રાજકોટની કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી પરંતુ ફગાવી દેવામાં બાદમાં ગુજરાત હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી મુકી હતી તેને પણ ફગાવી દેવામાં આવી છે.

અરજદારના વકીલે દલીલ કરતા કહ્યુ હતું કે સ્વામીએ એક ગેસ્ટ રૂમમાં લગ્ન કરી યુવતી સાથે સંબંધ બાંધ્યા હોય તો તેઓ પતિ-પત્ની થયા કહેવાય અને દુષ્કર્મ ગણી શકાય નહીં. ફરિયાદ ત્રણ વર્ષ મોડી કરવામાં આવી છે. ભોગ બનનારે સાધવી બનવું હતું અને તેના માતા-પિતા તેને ખીરસરા ગુરુકુળમાં મૂકી ગયા હતા. ભોગ બનનાર પુખ્ત વયની છે અને તે સારું નરસું સમજી શકે છે. ત્યારે આ તેની સહમતિના સંબંધો હતા.

સરકારી વકીલે આરોપીને આગોતરા જામીન આપવા વિરુદ્ધ દલીલ કહ્યુ કે સ્વામીએ યુવતીને પોતે સાધુ અને યુવતી સાધવી બનીને સાથે રહેશે તેવી લાલચ આપી હતી. જોકે, આ કોઈ કાયદેસરના લગ્ન નહોતા. આ ઘટના સામે આવતા સ્વામી નાસતા ફરે છે.

દરમિયાનમાં સ્વામી અને યુવતી વચ્ચે થયેલી વોટ્સએપ ચેટના ફોટા કોર્ટ સમક્ષ મુકવામાં આવ્યા હતા. યુવતીના ફોનને FSLમાં પણ મોકલવામાં આવ્યા છે. યુવતીને સ્વામી સાથેના સંબંધોથી ગર્ભ રહી ગયો હતો. જેને પણ સ્વામીએ પડાવી નાખ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ સ્વામી સામે લુકઆઉટ નોટિસ જાહેર કરવામાં આવી છે. જો સ્વામીને જામીન મળે તો તે પુરાવા અને સાહેદો સાથે ચેડા કરી શકે છે. તપાસ મહત્વના તબક્કે છે અને મટીરીયલ એકઠું કરાઈ રહ્યું છે. ત્યારે હાઈકોર્ટે સ્વામીને આગોતરા જામીન આપવાનો ઈનકાર કર્યો હતો.

## ધોળકા-ધંધુકામાં ૨ અલગ-અલગ અકસ્માતમાં ૩નાં મોત

**અમારા પ્રતિનિધિ તરફથી**
**અમદાવાદ, તા. ૩૧** રાજ્યમાં ફરી એકવાર માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. વાસ્તવમાં અમદાવાદ જિલ્લાના ધંધુકા, ધોળકા વિસ્તારમાં અકસ્માતની દુર્ઘટનામાં ૩ લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યાં છે. આ તરફ ૨થી વધુ લોકો ઈજાગ્રસ્ત બન્યા છે. વિગતો મુજબ મોડી રાત્રે અકસ્માતની ૨ ઘટનામાં ૩ લોકોના મોત થયા છે. પ્રથમ અકસ્માત ધંધુકા રાયકા માર્ગ પર તો બીજો અકસ્માત ધોળકા તાલુકાના આંબારેલીમાં બન્યો હતો. ઘટનાને લઈ સબંધિત પોલીસ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરાઈ છે.

મળતી માહિતી અનુસાર અમદાવાદ જિલ્લાના ધંધુકા નજીલ રાયકા માર્ગ પર ૨ કાર સામસામે ટકરાઈ હતી. આ દર્દનાક અકસ્માતમાં મહારાષ્ટ્રના સતારાના ઉત્તમ ગોડકે અને સંજય ગોડકેના મોત થયા હતા. આ સાથે સવિતાબેન સાથલિયા અને મેઘા ગોડકે નામના વ્યક્તિને ઈજા પહોંચતા તેમણે તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક વિગતો મુજબ આ લોકો મહારાષ્ટ્રથી કાર લઈ રોહીશાળા જઈ રહ્યા હતા.

ધોળકા તાલુકાના આંબારેલીમાં અકસ્માતની બીજી ઘટના સામે આવી છે. આ બનાવમાં માર્ગ પર બેફામ દોડતા ડમ્પરે વધુ એક નિર્દોષનો જીવ લીધો છે. અહીં એક બેફામ બનેલ ડમ્પરે બાઈકને અડફેટે લીધું હતું. આ દર્દનાક અકસ્માત બાદ ડમ્પર ચાલક વાહન લઈ ફરાર થઈ ગયો હતો. જોકે અકસ્માતમાં બાઈકચાલક રમેશભાઈ ભરવાડનુ મોત થયું છે.

**PUBLIC NOTICE**

We would like to inform the General Public / Govt. Authorities that the Original Documents related to our business, Original Property Papers issued by the various Government Departments have been burnt and unfortunately destroyed in a Fire Accident took place on dt. 24th March, 2025 in the early morning at M/S. Shraddha Industries, Plot No.136/12, 2nd Phase, Opp. Ideal Dye Chem, G.I.D.C. Vapi, Tal. Vapi, Dist. Valsad, Gujarat. We hereby declare that Original Documents related to the Business and Factory is unfortunately destroyed.

M/S. BABAJI CORPORATION, Shed/Gala - I Type Shed No.2 (Shed/Plot No. 70/9) Vapi Industrial Estate, G.I.D.C. Vapi, Tal. Vapi, Dist. Valsad-396195, Gujarat.
Mobile No.: 9824277000.

**જાહેર નોટીસ**

આથી જાહેર જનતાને જણાવવાનું કે વાપી તાલુકાના મોજે વાપી નગરપાલિકાના હદમાં આવેલ સીટી સર્વે નંબર : ૨૩૦૮ વાળી મિલકતમાં બાંધવામાં આવેલ હસ્તગિરી કો.ઓ.હા.સો.લી., નામના બિલ્ડીંગના બીજા માળે આવેલ ફ્લેટ નંબર : ૨૦૧ કે જેનું સુપર બિલ્ટઅપ એરીયાનું ક્ષે.૮૮.૬૬ ચો.મી. વાળી મિલકતના માલીક સ્વ. નયનાબેન શાંન્તિલાલ શાહનાઓ હતાં. મરહુમના ગુજરી જતા ઉપરોક્ત મિલકત સ્વ. શાંતિલાલ છગનલાલ શાહના નામે કરવામાં અઆવેલ અને તેઓ ગુજરી જતા હાલે ઉપરોક્ત મિલકત જીતેન્દ્ર શાંતીલાલ શાહના નામે સોસાયટીના શેર સર્ટીફિકેટમાં ટ્રાન્સફર કરનાર છે. જેનો શેર સંખ્યા ૫ શેર સર્ટીફીકેટની અસલ નકલ મિલકતના માલીકથી ઓછી ગેરવલ્લે થયેલ છે. જેથી સદર ફલેટવાળી મિલકત જોડે કોઈ પણ વ્યક્તિ, કંપની, સંસ્થા, કે અન્ય કોઈને કોઈ પણ પ્રકારના જેવાકે વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈ પણ પ્રકારનો હક્ક, હીત, સબંધ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૭ માં લેખિત વાંધા પુરાવા સહીત હમારા અસીલ વતી હમોને નીચે જણાવેલા સરનામે મોકલી આપશોજી. અને તેમ કરવામાં કસુર થશે તો સદર મિલકત જોડે કોઈને હક્ક, હીત, સંબંધ નથી એવુ માની લેવામાં આવશે જેની જાહેર જનતાને નોંધ લેવી.

તા.૩૧-૦૩-૨૦૨૫
સરનામું :
ઓફીસ નં.૧૦૩, પહેલા માળે,
સુપર માર્કેટ, વાપી ટાઉન પોલીસ
સ્ટેશનની સામે, વાપી, તા.વાપી, જી.વલસાડ

લી.
પી.ડી. પટેલ
તે
જીતેન્દ્ર શાંતીલાલ શાહના
એડવોકેટ

राष्ट्रीय फैशन प्रौद्योगिकी संस्थान, दमन
National Institute of Fashion Technology, Daman
(Ministry of Textile, Government of India)
NIFT Campus, Block 5 & 6, Govt. Engineering College Campus, Mota Falia, Varkund, Nani Daman, Daman - 396210

25/03/2025 /ADVT NO-
19057 (02 26)/NIFT-DMN/ESST/2025/GRP B/SHORT TERM CONTRACT

VACANCY FOR GROUP B POST (Short Term Contract)

NIFT Daman invites applications for the different Post of Group B on the short-term contract. Last date for the submission of application form: 16th April 2025. The details are as below: -

| S. No | Name of Post | No of Post |
| --- | --- | --- |
| 1 | Assistant Director (Academic) | 1 |
| 2 | Computer Engineer | 1 |
| 3 | Resource Assistant (Material) | 1 |
| 4 | Research Assistant | 1 |
| 5 | Senior Assistant Account & Finance | 1 |

For detailed information regarding eligibility criteria, qualifications, and application instructions, please visit our website at www.nift.ac.in/daman.

Establishment Department
NIFT, Daman

राष्ट्रीय फैशन प्रौद्योगिकी संस्थान, दमन
National Institute of Fashion Technology, Daman
(Ministry of Textile, Government of India)
NIFT Campus, Block 5 & 6, Govt. Engineering College Campus, Mota Falia, Varkund, Nani Daman, Daman - 396210

25/03/2025 /ADVT NO-
19056 (02 26)/NIFT-DMN/ESST/2025/GRP A/SHORT TERM CONTRACT

VACANCY FOR GROUP A POST (Short Term Contract)

NIFT Daman invites applications for the Assistant Professor on the short-term contract. Last date for the submission of application form: 16th April 2025. The details are as below: -

| S. No | Name of Post | No of Post |
| --- | --- | --- |
| 1 | Assistant Professor (MFM) | 3 |
| 2 | Assistant Professor (TD) | 3 |

For detailed information regarding eligibility criteria, qualifications, and application instructions, please visit our website at www.nift.ac.in/daman.

Establishment Department
NIFT, Daman

દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com












દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Tuesday 01, April 2025

# દમણગંગા ટાઇમ્સ

VIMAL ENTERPRISE
શું તમે ગળતા ટેરેસ, બાથરૂમ લીકેજ તથા દિવાલમાંથી આવતા ભેજના લીધે પરેશાન છો ? તો ચિંતા નહિ!
આવી ગયું છે હવે, ''વિમલ એન્ટરપ્રાઈઝ''
જે તમને આધુનિક મશીન તથા ગેરંટી સાથે વોટરપ્રુફિંગ કરી આપવામાં આવશે
Mo. 9374135780
CONTACT:RAMBHAI KUSHWAHA.
Address: ઓફિસ નંબર 73 શિવ પૂજા સોસાયટી નંદાવલા વલસાડ-396001

## ગણદેવી સુગરનાં બે દાયકાથી સૌથી વધુ ભાવો આપવાની પરંપરા અથાવત

**એપ્રિલ-૨૫ માં તા.૧ થી તા.૧૫ દરમ્યાન ૩૮૦૧ અને તા.૧૬થી રૂા.૩૮૫૧ના ભાવો જાહેર કરાયા હતાં**



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ગણદેવી, તા.૩૧ :** ગણદેવી સુગર ફેકટરી માં સોમવાર ઢળતી સાંજે તમામ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક મળી હતી. જેમાં સર્વાનુમતે શેરડીનાં વર્તમાન સીઝનનાં ભાવો નક્કી કરાયા હતાં.

ગણદેવી સુગર ફેક્ટરીનાં રણજીતભાઈ પટેલની અધ્યક્ષતામાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સોમવારે સાંજે બેઠક મળી હતી. જેમાં એકમાત્ર એજન્ડા વર્તમાન શેરડી પિલાણ સીઝનનાં ભાવો અંગે ચર્ચા વિચારણા હાથ ધરાઈ હતી. જેમાં તમામ ડિરેક્ટર્સએ એકરાગિતાનો પરિચય કરાવી સર્વાનુમતે ભાવો નક્કી કર્યા હતાં. જેમાં નવેમ્બર અને ડિસેમ્બર ૨૦૨૪નાં ૩૫૫૧, જાન્યુઆરી ૨૦૨૫ના ૩૫૫૧, ફેબ્રુઆરી-૨૫ તા.૧થી ૧૫નાં ૩૬૦૧ અને ફેબ્રુઆરી તા.૧૬થી ૨૮ના રૂા. ૩૬૫૧, માર્ચ-૨૫ તા.૧ થી ૧૫નાં ૩૭૦૧ અને માર્ચ તા.૧૬થી ૩૧ માટે રૂા. ૩૭૫૧, એપ્રિલ-૨૫ માં તા.૧ થી તા.૧૫ દરમ્યાન ૩૮૦૧ અને તા.૧૬થી રૂા.૩૮૫૧ના ભાવો જાહેર કરાયા હતાં. વિકાસ બચત પેટે રૂા.૪૦ અને કાપણી વાહતુક રૂા. ૭૭૦ જાહેર કરાયા હતાં. સભા પ્રમુખ રણજીતભાઈ પટેલ, અભિષેક પટેલ, રાજેશ ઉર્ફે રાજાભાઈ પટેલ, ગણપત ચૌહાણ, રતિલાલ પટેલ, અરુણ પટેલ, નટુભાઈ પટેલ, મેહુલ પટેલ, મેનેજીંગ ડિરેક્ટર રાજીવકુમાર ગુપ્તા સહિત બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ઉપસ્થિત રહ્યા હતાં. આમ સતત બે દાયકાથી સૌથી વધારે સર્વોત્તમ ભાવો આપવાનો રેકર્ડ બરકરાર રહ્યો હતો. જેને કારણે ખેડૂતો, સભાસદો અને સમગ્ર સુગર પરિવારમાં આનંદ વ્યાપી ગયો હતો.

## પારડી પંથકમાં રમઝાન ઈદની ઉજવણી કરાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**પારડી, તા.૩૧ :** પવિત્ર રમજાન માસ પૂર્ણ થતાં આજરોજ મુસ્લિમ સમાજ દ્વારા વહેલી સવારના પવિત્ર નમાઝ પારડી પંથકની જુદી જુદી મસ્જિદોમાં અદા કરવામાં આવી હતી અને બાદમાં પવિત્ર ઈદની ઉજવણી કરવામાં આવી હતી. અહીં પારડી પંથકમાં અને ગામડાઓમાં વહેલી સવારના મુસ્લિમ સમાજની મસ્જિદોમાં મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના અગ્રણીઓએ યુવાનોએ સમાજના રિતીરિવાજ મુજબ પવિત્ર ઈદની નમાઝ અદા કરી હતી અને સુખ શાંતિ સમૃદ્ધિ માટે અલ્લાહને દુઆ કરી હતી. નમાઝ અદા થયા બાદ ખુશી ઉત્સાહ ઉલ્લાસથી પવિત્ર ઈદ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જે ઉજવણી દરમિયાન એકબીજાને ગળે મળીને મુસ્લિમ સમાજ દ્વારા ઈદ મુબારક આપવામાં આવી હતી. મુસ્લિમ સમાજના ભાઈ બહેનોએ એકબીજાને ગિફટ આપી હતી અને ઈદની ઉજવણી કરી હતી. પારડીના પીઆઈ જી.આર. ગઢવી અને એમની ટીમએ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો અને શાંતિપૂર્ણ રીતે પારડી મુખ્ય બજારમાં અને ગામડાઓમાં ઈદની ઉજવણી કરાવી હતી.

## દમણમાં BMW કારમાં આગ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**દમણ, તા.૩૧ :** દમણ એરપોર્ટ રોડ પાસે BMW કારમાં આગ લાગી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર સોમવારે સવારે એરપોર્ટ રોડ પર એક કાર નંબર MH 02 DN 9752ના એન્જિનમાં અચાનક આગ લાગી હતી. આગ લાગતા જ કાર ચાલક બહાર આવી ગયો હતો. ફાયર વિભાગને જાણ કર્યા બાદ વિભાગના કર્મચારી દ્વારા કારની આગને કાબુમાં લેવામાં આવી હતી. કારમાં ઓઈલ લીકેજ હોવાનું અને કારને ગેરેજમાં લઈ જવામાં આવી રહી હોવાનું કહેવાય છે. આ કાર વાપી ચલાના રહેવાસી મનોજ ગોયલની હતી.

ગુજરાતમાં હવે પોલીસ પણ સલામત નથી ?

## વલસાડમાં મહિલા પોલીસે વાહનનો મેમો આપતા ટેબલ પર રિવોલ્વોર મુકતા વિવાદ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૩૧ :** વલસાડ રૂરલ પોલીસ મથકની મહિલા એએસઆઈએ વાહન ચેકિંગ દરમિયાન ટેમ્પાને અટકાવે મેમો આપતા એમટી પીએસઆઈએ ટેમ્પો ચાલકને જવા દેવાનું કહેતા કોસંબાના રહીશએ પીઆઈની ટેબલ પર રિવોલ્વોલ મૂકી દીધી હોવાનો આક્ષેપ મહિલાએ કરતા પોલીસ કર્મચારીઓમાં ખડભળાટ મચી ગયો છે. જો કે જે અંગે વલસાડ ડીએસપીને જાણ કરાતા તેમણે રૂરલ પોલીસ મથકના પીઆઈ પાસે ઘટનાનો રિપોર્ટ મંગાવ્યો અને જે અંગેની તપાસ વલસાડ ડીવાયએસપી ને સોંપવામાં આવી છે.

વલસાડ રૂરલ પોલીસ મથકને હસ્તક આવેલ ગુંદલાવ આઉટ ચોકી પર એએસઆઈ જયશ્રી પુરોહિત ગત તા.૨૬ મીએ વાહન ચેકીંગ કરી રહ્યાં હતાં તે દરમિયાન એક ટેમ્પામાં વધારે માણસો બેસાડી લઈ જતો નજરમાં આવતાં ટેમ્પાને અટકાવ્યો હતો અને ટેમ્પા ચાલક જીગ્નેશ ટંડેલ પાસે ટેમ્પાના કાગળો માંગ્યા હતાં અને ત્યારબાદ કાયદાકીય કાર્યવાહી કરવાની શરૂઆત કરતા જીગ્નેશ ટંડેલે ફોન કરી એમટી પીએસઆઇ ગોસ્વામીને ફોન કરી જયશ્રી પુરોહિત સાથે વાત કરાવી હતી. એમ. ટી. ગોસ્વામીએ તેઓ પોલીસને મદદરૂપ થાય છે તેમ કહી મેમો નહીં ફાડી ટેમ્પો ચાલકને જવાં દેવાં માટે જણાવ્યું હતું. આ દરમિયાન બંન્ને પોલીસ કર્મીઓ વચ્ચે રકઝક થઈ હતી. જેને લઈને મહિલા એએસઆઈ જયશ્રી પુરોહિતએ મેમો ફાડી દીધો એટલે હવે છોડી શકાય એમ ન હોવાનું સ્પષ્ટ જણાવ્યું હતું. જેથી એએસઆઈ જયશ્રી પુરોહિત ટેમ્પો અને ટેમ્પો ચાલકને વલસાડ રૂરલ પોલીસ મથકે લઈ ગઈ હતી. જ્યાં વલસાડ રૂરલ પોલીસમાં પીઆઇ ભાવિક જીત્યાએ બન્ને પાસે હકીકત જાણી હતી. જામીન આપવા પડતી હોય જેથી જમીનની કાર્યવાહી કરવા જણાવ્યું હતું. જમીન આપવા માટે કોસંબાના નરેન્દ્રભાઈ ટંડેલ પોલીસ મથકે આવ્યા હતાં તેમણે જણાવ્યું કે પોલીસને અવારનવાર મદદરૂપ થતાં હોવા તેમ થતાં આટલું કામ કરતા નથી કેમ જણાવી ખિસ્સામાંથી આઈડી પ્રૂફ કાઢવા માટે પોતાની કમર પણ લટકાવી લાયસન્સવાળી રિવોલ્વર ટેબલ પર મુક્તાની સાથે જ પોલીસ ચર્ચાનો વિષય બન્યો હતો. જો કે સમગ્ર ઘટના અમદાવાદના પત્રકારે જયશ્રી પુરોહિતે જણાવતા વાતો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ હતી. વલસાડ રૂરલ પોલીસ મથકમાં બનેલી ઘટના અંગેની જાણ વલસાડ ડીએસપીને થતાં તેમણે વલસાડ રૂરલ પોલીસ મથકના પીઆઈ ભાવિક જીત્યા અને તાત્કાલિક રિપોર્ટ રજૂ કરવા જણાવ્યું હતું અને આ સમગ્ર ઘટનાની તપાસ કરવા વલસાડ વિભાગના ડીવાયએસપી એ. કે. વર્માને સોંપવામાં આવ્યો છે. પીએસઆઇ જયશ્રી પુરોહિતના સ્ટેટમેન્ટ લેવાની અને પીઆઈ ભાવિક જીત્યાએ ડાયરીમાં નોંધ કરી કે નથી તે અંગે ડીવાયએસપી તપાસ કરી રહ્યા છે. તો પોલીસ મથકમાં લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરાની કેબિનમાં લગાવવામાં આવી રહ્યા છે. મેમો આપવાની બાબતે વલસાડ રૂરલ પોલીસ મથકમાં વિવાદ ઊભો છતાં પોલીસ કર્મચારીઓમાં ચર્ચાનો વિષય બન્યો છે.

## ધરમપુરમાં રમઝાન ઈદની ઉલ્લાસભેર ઉજવણી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ધરમપુર, તા.૩૧ :** ધરમપુર પંથકમાં ઈદુલ ફિતરની મુસલીમ સમાજ દ્વારા ઈદની સામુહિક નમાઝ અદા કર્યા બાદ એક બીજાને ઈદની શુભેરછા પાઠવી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. નગરનાં માસૂમશાહ ઈદગાહ કબ્રસ્તાન ખાતે મોલવી મુસા ઉસતાદ દ્વારા સામૂહિક નમાઝ અદા કર્યા બાદ પયંગબર મહંમદ સ અ વ સલમ દ્વારા લોકો માટે ભલાઈનાં કાર્યોની પ્રશંસા કરી મુસ્લિમ સમાજના આગેવાનો સદકા ખેરાત આપી લોકોની મદદ રુપ બનવા હાકંલ કરી હતી. મુસ્લિમ સમાજનાં યુવાનોએ એક બીજાને ઈદની શુભેરછા પાઠવી રમઝાન ઈદની ઉત્સાહભેર ઉજવણી કરાઈ હતી. ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, સાસંદ ધવલ પટેલ મુસ્લિમ સુન્નત જમાતનાં પ્રમુખ સબબીર બાહનાન, સેક્રેટરી ખાલીદ શાહરી, જિલ્લા ભાજપ પમુખ હેમંતભાઈ કંસારા તથા શહેર ભાજપ પ્રમુખ અમીતભાઈ ચોરેરા સહિત ભાજપના આગેવાનોએ ફોન તથા સોસિયલ મિડિયા ઉપર ઈદની શુભેચ્છા પાઠવી હતી.

## વલસાડનાં ઘડાઈમાં ખોટી ઓળખ આપી રૂા.૭૫૦૦૦ ઓનલાઈન ટ્રાન્સફર કર્યા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૩૧ :** વલસાડ નજીકના ઘદોઈ ગામના પ્લમ્બરને ઓળખિતાની ખોટી ઓળખ આપી હોસ્પિટલના બિલ માટે રૂપિયાની જરૂર હોવાનું કહી ગૂગલ-પે નેટવર્કની ખામી હોવાનું કહી મોબાઈલ ફોન પર મેસેજ કરી વિશ્વાસ લીધા બાદ ખાતામાંથી ૫૦૦૦૦ અને પત્નીના ખાતામાંથી ૨૫ હજાર રૂપિયા ફોન પે અને ગૂગલ પે કર્યા બાદ બીજા દિવસે શર્મા પાસે પૈસા માંગતા ઘરમાં કોઈ પ્રોબ્લેમ ન હોવાનું જણાવતા તેની સાથે છેતરપિંડી થઈ હોવા અંગે વલસાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

વલસાડ તાલુકાના ઘડોઈ ગામના દલા ફળીયામાં ભીખુભાઈ બાલુભાઈ પટેલ ઉ.વ.૫૮ રહે છે. ભીખુભાઈ પટેલ જેવો પ્લમ્બર તરીકે કામ કરે છે. ગત તા.૩૧/૧૨/૨૦૨૪ નાં રોજ પ્લબંરના કામ અર્થે સરોધી ગામે ગયા તે વખતે મોબાઈલ નંબર ઉપર એક અજાણી વ્યકિતનો મોબાઈલ ફોન આવતો હતો તે ઉપાડેલ ન હતો પરંતુ તેનો વારંવાર ફોન આવતો હતો જેથી કઈ કામ હશે તેમ સમજીને તેમનો ફોન ઉપાડતા તેમણે શર્માજી બોલ રહા હુ તેવુ હિન્દી ભાષામા બોલતાગુદલાવ ઈનવેસ્ટા પંપ લી.મી.કંપનીમાં નોકરી કરતા શર્માજીનો ફોન હોય તેવુ લાગતા તેની સાથે વાતચિત કરી હતી. તેણે વાતો આત્મા કહ્યું કે ભીખુભાઈ એ મારે હોસ્પિટલમાં અર્જન્ટ પૈસાની જરૂર છે મારા ફોન પે આઈડી મા કોઈક -ોબ્લેમ આવતો હોવાથી પૈસા ટ્રાન્સફર થતા નથી. ભીખુભાઈએ પોતાના ખાતામાંથી ૩૫,૦૦૦ ટ્રાન્સફર કર્યા જે બાદ ક્યુ આર કોડ મોકલાવેલ જે બાદ ૧૫ હજાર રૂપિયા ટ્રાન્સફર કરવા જણાવતા પત્ની ના ખાતામાંથી ગૂગલ પે થી ૧૫ હજાર રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. બાકીના પૈસાની જરૂર હોવાનું જણાવી પત્નીના ખાતામાંથી અલગ અલગ ૧૦ હજાર રૂપિયા ત્રણ વાર એટલે કે ૩૦,૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હતા અને સાંજે ૭ઃ૦૦ વાગ્યે ફોન કરી જણાવ્યું કે તમારા ખાતામાં ફરી ૬૫ હજાર રૂપિયા ટ્રાન્સફર કરેલ હોવાનો મેસેજ કર્યો હતો. અને આપેલ આઈડીમાં અલગ અલગ ૩૦ હજાર રૂપિયા ટ્રાન્જેક્શન કર્યા છે . ત્યારબાદ બીજા દિવસે તા.૦૧/૦૧/૨૦૨૫ ના રોજ ઈનવેસ્ટા પંપ લી.મી.કંપનીમાં ઓળખીતા શ્યામજી એ પૈસાની માંગણી બાબતે પૂછતા તેઓએ જણાવ્યું કે મારા ઘરમાં કોઈ પ્રોબ્લેમ થયેલ નથી તમારી પાસે કોઈ પૈસાની માંગણી કરેલ નથી તેવું કહેતા ભીખુભાઈ પટેલ ચોકી ઉઠ્યા હતાં અને જે અંગે વલસાડ રૂરલ પોલીસ મથકમાં છેતરપિંડી અંગેની ફરિયાદ નોંધાવતા આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

## કુંડી હાઈવે બ્રીજ પર સાયકલને ટ્રકે ટક્કર મારતા ચાલકનું મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૩૧ :** વલસાડના કુંડી ગામે હાઈવે બ્રિજ પરથી સાયકલ પર જઈ રહેલા બોદલાઈ ગામના ૪૭ વર્ષીય આદિવાસીની સાઈકલને ટ્રક ચાલકે અડફેટે લેતા સાયકલ સવાર બ્રિજ પરથી નીચે પટકાતા ઘટના સ્થળે કમ કમાટી ભર્યું મોત થયું હતું.

વલસાડ તાલુકાના ભૂતસર, બોદલાઈ ગામે રહેતા અને મજૂરી કામ કરતા ગમનભાઈ છનાભાઈ રાઠોડ ઉંમર વર્ષ ૪૭ આજે બપોરે આશરે ૧૨:૩૦ કલાકે પોતાની સાયકલ લઈને વલસાડ તરફ થી સુરત તરફ જતા કુંડી ગામ નજીક ના હાઈવેના બ્રિજ પરથી પસાર થઈ રહ્યા હતાં. તે દરમિયાન પાછળથી પુરપાટ ઝડપે આવી રહેલા એક ટ્રક ચાલકે છગનભાઇ રાઠોડને અડફેટે લેતા છગનભાઇ બ્રિજ પરથી નીચે પટકાતા તેને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેમનું ઘટના સ્થળે કમ કમાટીભર્યું મોત થયુ હતું. ઘટનાની જાણ થતા વલસાડ રૂરલ પોલીસની ટીમ તાત્કાલિક પહોંચી ગઈ અકસ્માત કરનાર ટ્રક ચાલકની ધરપકડ કરી હતી. મરણ જનાર છગનભાઈ રાઠોડનો મૃતદેહનો કબજો પોલીસે લઈ ડુંગરી સીએચસીમાં પોસ્ટમોર્ટમ માટે ખસેડવા માટે સેવાભાવી એમ્બ્યુલન્સ ચાલક નિમેષભાઈ આહીરનો સંપર્ક કર્યો હતો. જે અંગે વલસાડ રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધ આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

## વાપીના ગાયત્રી મંદિરે સુંદરકાંડ અને પંચકુંડી હવન યોજાશે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા.૩૧ :** વાપીના ગાયત્રી મંદિરે ચૈત્રી નવરાત્રી અને રામ નવમીના રોજ સુંદરકાંડ અને રામ જન્મ તથા પંચકુંડી ગાયત્રી હવન નું આયોજન થશે.

વાપીના જાણીતા એવા શ્રી ગાયત્રી મંદિર પરિસરમાં નવા ટ્રસ્ટીમંડળની આગેવાનીમાં હાલમાં ચાલી રહેલા ચૈત્રી નવરાત્રી તેમજ રામનવમીને ધ્યાને લઈ ગાયત્રી મંદિર પરિસરમાં તા. ૬-૪-૨૦૨૫ને રવિવારના રોજ સવારે ૯:૦૦થી ૧૧:૩૦ કલાક દરમિયાન સુંદરકાંડનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારબાદ બપોરે ૧૨:૦૫ કલાકે ભગવાન શ્રીરામનો જન્મ તથા ત્રણથી છ કલાક દરમિયાન પંચકૂડી ગાયત્રી હવન અને સાંજે ૭:૦૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે જેનો જાહેર જનતાએ લાભ લેવા ટ્રસ્ટી મંડળ દ્વારા જણાવાયું છે.

## વાપીમાં રાજસ્થાન દિવસની ઉજવણી કરાઈ




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા.૩૧ :** વાપી રાજસ્થાન પ્રગતિ મંડળના સૌજન્યથી રવિવારે રાજસ્થાન ભવન ખાતે રાજસ્થાન દિવસની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આધ્યાત્મિક ચિંતક વિનાયક શર્મા, મંડળના પ્રમુખ રાજેશ દુગડ, સેક્રેટરી હનુમાન શર્મા, નાયબ મુખ્ય સૂર્ય પ્રકાશ અગ્રવાલ, કન્વીનર ટ્રસ્ટી બીકે દાયમા, શ્રવણ નૈન, પીડી બોહરા, સુંદર જૈન અને પદાધિકારીઓએ સામૂહિક દીપ પ્રગટાવી બહાદુર શિરોમણી મહારાણાના ફોટાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતાં પ્રમુખ રાજેશ દુગડે સૌને રાજસ્થાન દિવસની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે આજે સમગ્ર વિશ્વમાં રાજસ્થાની સમાજના લોકો દરેક ક્ષેત્રમાં પોતાનો ધ્વજ લહેરાવી રહ્યા છે, આ આપણા અમૂલ્ય સાંસ્કૃતિક વારસાની ભેટ છે અને આપણા પૂર્વજો પાસેથી વારસામાં મળેલી મહેનત અને પ્રામાણિકતાના મૂલ્યો છે. તેને સાચવવાની જવાબદારી આપણા સૌની છે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત આધ્યાત્મિક ચિંતક વિનાયક શર્માએ જણાવ્યું હતું કે આજે પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ પ્રગતિનો પર્યાય બની રહ્યું છે. આવા સમયે, આપણા તહેવારો અને રાજસ્થાન દિવસની ઉજવણી જેવી ઘટનાઓ આપણને આપણા મૂળ સાથે જોડાયેલા રહેવાની પ્રેરણા આપે છે. તેમણે આઝાદી પછી સેંકડો નાના-મોટા રજવાડાઓને એક કરીને બૃહદ રાજસ્થાનના નિર્માણમાં તત્કાલિન ગૃહ પ્રધાન સરદાર પટેલની ભૂમિકાની પણ પ્રશંસા કરી હતી. સમારોહના કન્વીનર બી.કે. દાયમાએ તેમની જન્મભૂમિ અને કાર્યભૂમિ બંનેને મહાન ગણાવી તેમની કવિતા મા મારી મરુધરા, માસી છે ગુજરાત, તેમણે મને જન્મ આપ્યો છે અને મને સુખનો વરસાદ વરસાવ્યો છે અને બંને જગ્યાએ સેવા કાર્યમાં જોડાવા લોકોને હાકલ કરી હતી.

આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ દરમિયાન સુરેશ માળી અને તેમના મિત્રોએ મારવાડના ગાયર નૃત્યની અદભૂત રજૂઆતથી સૌને ભાવુક કરી દીધા હતા. આ પ્રસંગે વિનાયક શર્માને વાપીમાં મહિલાઓમાં સર્વાઈકલ કેન્સરને રોકવા માટે આરોગ્ય સંભાળ અને રસીકરણ અભિયાનમાં કરવામાં આવી રહેલી કામગીરી બદલ, મેડી મિત્ર સંસ્થા અને આધ્યાત્મિક ચેતના અને મીડિયાને જાગૃત કરવામાં તેમના યોગદાન બદલ રાજસ્થાન ગૌરવ સન્માન એનાયત કરવામાં આવ્યું હતું. સ્થાનિક કલાકારો સુભાષ-અમિત શર્મા અને મિત્રોએ લોકગીતો સાથે મનોરંજન કર્યું અને રાજસ્થાન વંદના ધરતી ધૌરા રી, યતો સુરગા નઈ સરમાવ એ પર દેવ રમણ નાઈ આવાઈ સાથે સમારીનું સમાપન કર્યું. આ પ્રસંગે રાજસ્થાની સમાજની વિવિધ સંસ્થાઓના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. દિનેશ દાયમાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

## ખાનવેલથી ગુમ થયેલી કિશોરી વાંસદાથી મળી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાંસદા, તા. ૩૧ :** વાંસદા પંથકમાં નવા બસ ડેપો ખાતે એક કિશોરી સ્કુલ બેગ સાથે રડતી હાલતમાં જોવા મળી હતી, અને તે અજાણી લાગતાં વાંસદા ડેપોના કર્મચારીઓએ વાંસદા પોલીસ મથકે ફોન કરી જાણ કરતા વાંસદાના પી.આઈ એન.એમ. આહીરના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ. અનિલભાઈ, જીગ્નીશાબેન, નિલેશભાઈ, સ્વાતીબેન સહિત ટીમ તાત્કાલિક બસ ડેપો ખાતે પહોંચી હતી. જ્યાં કિશોરી બસ ડેપોમાં બેસી રડતી હોય અને તેની પાસે જ્ઞાનમાતા હાઈસ્કુલ ખાનવેલ, સેલવાસ લખેલું સિમ્બોલવાળું સ્કુલ બેગ જોવા મળ્યું હતું. ત્યારબાદ કિશોરીને પોલીસ મથકે લાવી ખાનગી કપડામાં પુછપરછ કરતા કિશોરીએ પોતાનું નામ પ્રિતિબેન વિનોદભાઈ પવાર (ઉ.વ.-૧૪ રહે-ગડચીંચાલે સાથેપાડા ફળીયું તા.ડહાણુ જી.પાલઘર મહારાષ્ટ્ર ) હોવાનું જણાવ્યું હતું. પોલીસ દ્વારા કિશોરીને વધુ પુછપરછ કરતા પરીક્ષાનું પરીણામ હોય અને નાપાસ થવાના ડરના કારણે ગભરાઈ જવાથી કિશોરી ઘરેથી નીકળી સ્કુલમાં ન જઈ સ્કુલના ગેટ પાસેથી જ બસમાં બેસી ખાનવેલથી સેલવાસ, વાપી, ચીખલી થઈ વાંસદા બસ ડેપો સુધી આવી પહોંચી હોવાનું જાણવા મળ્યું હતું. કિશોરીએ વાંસદા બસડેપો ખાતે આવી પહોંચ્યા બાદ તેને પસ્તાવો થતાં બસ ડેપોમાંજ બેસી રડવા લાગી હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ વાંસદા પોલીસે આ કિશોરીનો કબજો મેળવી સૌપ્રથમ ખાનવેલ પોલીસ મથકે જાણ કરી હતી અને ખાનવેલ પોલીસે જ્ઞાનમાતા હાઈસ્કુલ ખાનવેલ સેલવાસા ખાતે સંપર્ક કરતા સ્કુલ દ્વારા કિશોરીના માતા પિતાનો સંપર્ક કરી સમગ્ર ઘટના અંગે જાણ કરી હતી. ત્યારબાદ તાત્કાલિક કિશોરીના માતા-પિતા વાંસદા પોલીસ મથકે આવી પહોંચ્યા હતા, જ્યાં વાંસદા પોલીસે કિશોરી નું તેમના પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

## વઘઈમાં કસ્ટમ ઓફિસરની ઓળખ આપી રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**સાપુતારા, તા.૩૧ :** ડાંગ જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી સાયબર ફ્રોડના કેસમાં વધારો થતો જોવા મળી રહ્યો છે. ત્યારે વધુ એક સાયબર ફ્રોડનો ગુન્હો સામે આવ્યો છે. જેમાં કસ્ટમ ડ્યુટી ઓફિસર તરીકેની ઓળખ આપી અને તમારું પાર્સલ છે. પરંતુ પાર્સલ મેળવવા માટે એરપોર્ટની કસ્ટમ ફી ભરવી પડશે એમ કહી ૬૫ વર્ષીય વૃદ્ધ પાસેથી ૨૪,૮૦૦ રૂપિયા પડાવી લીધા હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના ભવાડી ગામ ખાતે રહેતા જયેશભાઈ કાળુભાઈ મોકાશી પર અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો અને અજાણ્યા નંબર ધારકે પોતાનુ નામ લલિતકુમાર સિંઘ ( જેના પુરા નામ સરનામાની ખબર નથી) જણાવ્યું હતું. તેમજ અન્ય એક અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો જેણે પોતાની ઓળખ કસ્ટમ ડ્યુટી ઓફિસર તરીકે આપી હતી.આ અજાણ્યા કોલ ધારકે જયેશભાઈને જણાવ્યું હતું કે, તમારું એક પાર્સલ છે. પણ પાર્સલ મેળવવા માટે તમારે એરપોર્ટની કસ્ટમ ફી ભરવી પડેશે . ત્યારબાદ આ અજાણ્યા વ્યક્તિએ વોટસએપ મારફતે પાર્સલ નો ફોટો પણ મોકલ્યો હતો અને ત્યારબાદ આ પાર્સલ મેળવવા માટે પૈસાની માંગણી કરી હતી. જે બાદ જયેશભાઈ એ પોતાના દીકરાના ફોન પે મારફતે આ અજાણ્યા વ્યક્તિના ખાતામાં ૨૪૮૦૦/- રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. તેમજ આ રૂપિયા ભર્યા બાદ પણ પાર્સલ મેળવવા માટે વધુ ૮૭ હજારની માંગણી કરવામાં આવી હતી.જોકે ત્યારે જયેશભાઈને જણાઈ આવ્યું કે તેમની સાથે સાયબર ફ્રોડ થયેલ છે. ત્યારે આ સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. તેમજ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર કોલ કરીને જયેશભાઈએ ફરિયાદ નોંધાવી હતી.આ સાયબર ફ્રોડને પગલે વઘઈ પોલીસે ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે
વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**